بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

بફ્યઝે રૂહાની સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ બયાદગારે ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ



**અહલે સુન્નત વ જમાઅત**

**એટલે**

**મસ્લકે આ'લા હઝરત**

**નું અજોડ મુખપત્ર**


# બરકાતે ખ્વાજા (માસિક)

**તા. ૦૧-ઓગસ્ટ-2013**

રમઝાનુલ મુબારક-શવ્વાલુલ મુકર્રમ

હિજરી સન : ૧૪૩૪

વર્ષ : ૧૦, અંક : ૦૮, સળંગ અંક : ૧૧૬

સ્થાપક અને પ્રકાશક

**ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા**



**પત્ર વ્યવહારનુ સરનામું**

બરકાતે ખ્વાજા (માસિક) C/o. ફયૂઝાને રઝા મંઝિલ, મુ.પો. દયાદરા, તા. જિ. : ભરૂચ, પિન. ૩૯૨૦૨૦ ફોન. : (૦૨૬૪૨) ૨૧૦૪૧૧, ૨૮૦૦૧૧, ૨૮૦૧૯૨, મો. : ૯૪૨૭૪૬૪૪૧૧

Web. :www.barkatekhwaja.net

Email : anjuman2006@hotmail.com


## ★ લવાજમ ★

| | | |
|---|---|---|
| છુટક નકલ | રૂા. | ૧૫/- |
| વાર્ષિક લવાજમ | રૂા. | ૧૫૦/- |
| વિદેશ માટે | રૂા. | ૧,૨૦૦/- |
| પેટ્રન ફી (૧૧ વર્ષ માટે) | રૂા. | ૧,૮૦૦/- |
| આજીવન | રૂા. | ૪,૦૦૦/- |
| વિદેશ માટે પેટ્રન | રૂા. | ૧૨,૦૦૦/- |
| વિદેશ માટે આજીવન | રૂા. | ૨૦,૦૦૦/- |


**માનદ તંત્રી**

**પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી** (B.Sc.)


## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૦૧ | જુલ્મ અને અત્યાચાર કરવાથી રોકાઈ જાવ ! | ૦૨ |
| ૦૨ | **તૌહીદના ઠેકેદાર કે મુશ્રિકોના ટેકેદાર ?!** | ૦૩ |
| ૦૩ | કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈરફાન | ૦૯ |
| ૦૪ | (દર્સે હદીષ) મિર્આત (ઉર્દૂ) શર્હે મિશ્કાત | ૧૨ |
| ૦૫ | હ઼દાઈકે઼ બખ્શિશ | ૧૪ |
| ૦૬ | ક઼ાનૂને શરીઅત | ૧૬ |
| ૦૭ | નબી વલી માટે માનો તો શિર્ક ! દેવબંદી..... | ૨૦ |
| ૦૮ | ગલતફહમીઓ તથા તેની સુધારણા | ૨૪ |
| ૦૯ | ઈલ્મે દીનની ફઝીલત હદીષોની રોશનીમાં | ૨૬ |
| ૧૦ | ગૈર મુસ્લિમના જનાઝાની પાછળ મુસલમાનોનું | ૨૯ |
| ૧૧ | ગયા બૌદ્ધ મંદિરમાં ધમાકા પાછળ કોનો હાથ ?! | ૩૦ |
| ૧૨ | મિસ્વાક : ઈસ્લામ તથા સાયન્સની દષ્ટિમાં | ૩૧ |
| ૧૩ | નિયાઝ ફાતિહાની સાબિતી હદીષોની રોશનીમાં | ૩૩ |
| ૧૪ | હજ્જના ફઝાઈલ હદીષોની રોશનીમાં | ૩૬ |
| ૧૫ | ચીની મઝલૂમ મુસલમાનોની ખૌફનાક દાસ્તાન ! | ૪૨ |
| ૧૬ | હઝરત રાબિઆ બસરિય્યહ رضی اللہ عنہا | ૪૪ |
| ૧૭ | બરકાતે ખ્વાજાની ટપાલ | ૪૮ |


## દરશાને માહે રમઝાન

અર્શે અઝીમ સે મહે રમઝાન આ ગયા
ખુશ આમદીદ ફર્શ પે મેહમાન આ ગયા
માહે રજબ ખુદા કા હય શાબાન શાહ કા
ઉમ્મત કે વાસ્તે માહે રમઝાન આ ગયા
મખ્લૂક઼ કી ફલાહો હિદાયત કે વાસ્તે
અલ્લાહ કે રસૂલ પે ફુર્કાન આ ગયા
ઈઝઝો અદબ કે સાથ કરો ઈસ્કા એહતેરામ
ઉમ્મત કી આખેરત કા નિગેહબાન આ ગયા
રોઝા ઝકાત હજ્જો ઈબાદત કે સાથ સાથ
કર લો અમલ અક઼ીદતો ઈમાન આ ગયા
હમ આસિયોં પે રબ કા કરમ દેખિયે અઝીમ
બખ્શિશ કે વાસ્તે સરો સામાન આ ગયા
કુછ ભી નહીં ભરોસા 'ગનીમત' હયાત કા
બેઘર હો જા આખરી એલાન આ ગયા

અઝ : જનાબ 'ગનીમત' બાલાસિનોરી

# જુલ્મ અને અત્યાચાર કરવાથી રોકાઈ જાવ !

અઝ : **હઝરત મૌલાના મુહમ્મદ શાકિર નૂરી** *(અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી)* | અનુવાદક : **મૌલાના મુહમ્મદ રઉફ રઝવી-પાલેજ**

આજે થોડી દૌલત મળી જાય અથવા થોડા દિવસોનો અધિકાર અને નામના મળી જાય અથવા કોઈ ઉચ્ચ હોદ્દા પર બિરાજેલ વ્યક્તિથી નિકટતા પ્રાપ્ત થઈ જાય તો ગરીબ અને કમજોરો પર શક્તિવાન લોકો જુલ્મ કરવા લાગે છે અને એવા ભરમમાં રહેવા લાગે છે કે અમે જે ચાહીએ કરીએ, અમને કોઈ આંચ આવવાની નથી અને ન કોઈ અમારુ બગાડી શકે છે ! બલ્કે આ જાલિમો એટલા સખત દિલ થઈ જાય છે કે દરેક ગરીબની ઈજ્જત અને તેના માલ અને દૌલત વગેરેને પોતાના માટે હલાલ સમજવા લાગે છે. કાશ ! આ જાલિમો કુર્આને મુકદ્દસની રોશનીમાં પોતાના પરિણામથી ખબરદાર રહેતા તો જુલ્મનો દરવાજો પોતાના પર ક્યારેય ન ખોલતા. અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝત ﷻ ઈર્શાદ ફર્માવે છે : અને ટૂંક સમયમાં **જાલિમોને ખબર પડી જશે** કે તેઓ કઈ તરફ ફરી રહ્યા છે !" *(સૂરએ શુઅરા : ૨૨)*

મોહસિને કાઈનાત હુઝૂર તાજદારે દો આલમ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, બેશક ! અલ્લાહ તઆલા જાલિમને મોહલત આપે છે ત્યાં સુધી કે જ્યારે તેને પકડે છે તો નથી છોડતો, પછી આપ ﷺએ આ આયતે કરીમા તિલાવત ફર્માવી : "અને એવી જ પકડ છે તારા રબની જ્યારે વસ્તીઓને પકડે છે તેમના જુલ્મ પર **બેશક ! તેની પકડ ખૂબ જ દર્દનાક સખ્ત છે."** *(સૂરએ હૂદ : ૧૦૨)*

તાજદારે કાઈનાત ﷺએ ફર્માવ્યું, "જે વ્યક્તિના ઝિમ્મામાં તેના મુસલમાન ભાઈનો હક્ક઼ હોય, ઈજ્જત પ્રત્યે અથવા બીજી કોઈ ચીજ વસ્તુ હોય તેને જોઈએ કે આજે જ અદા કરી દે અથવા માફ કરાવી લે ત્યાર પહેલાં કે તે સમય આવે જ્યારે તેની પાસે ન કોઈ દિરહમ હશે અને ન કોઈ દીનાર. જો તેનો અમલ સારો હશે તો તે તેના હક્ક઼ના પ્રમાણે લઈ લેવામાં આવશે અને જો તેની પાસે નેકી હશે તો બીજા આદમીના ગુનાહોમાંથી કોઈ ગુનોહ લઈ તેના પર નાખી દેવામાં આવશે. *(સહીહ બુખારી, ભાગ : ૧, પેજ : ૨૩)*

પ્યારા વાંચક મિત્રો ! જુલ્મ કરવાવાળો જ્યારે જુલ્મ કરે છે તો પોતાને શક્તિમાન અનુભવે છે અને તે એ ખયાલમાં રહે છે કે મારું કોઈ કાંઈ નથી બગાડી શકતું અને બેખૌફ, નીડર બનીને જુલ્મમાં પરોવાયેલો રહે છે, આવા જ લોકોના માટે અલ્લાહ ﷻએ કુર્આને મુકદ્દસમાં ફર્માવ્યું, અને ક્યારે પણ ખુદાને બેખબર ન જાણવો જાલિમોના કાર્યોથી, તેઓને ઢીલ નથી આપતો પરંતુ એવા દિવસ માટે જેમાં આંખો ઉઘાડીને ઉઘાડી રહી જશે. *(ઈબ્રાહીમ : ૪૨)*

એ જ રીતે આકાએ કરીમ ﷺએ જ્યારે હઝરત મઆઝ رحمۃ اللہ علیہને યમનની તરફ મોકલ્યા તો ફર્માવ્યું, **"મઝલૂમની બદ્દુઆથી બચવું કેમ કે તેના અને અલ્લાહ વચ્ચે કોઈ પર્દો નથી હોતો."** *(જામેઅ તિર્મિઝી)*

અને કેટલીક કિતાબોમાં છે : **અલ્લાહ તબારક વ તઆલા ફર્માવે છે, તે લોકો માટે મારો ગઝબ ખૂબ જ સખ્ત છે જે એવા લોકો પર જુલ્મ કરે છે જે મારા સિવાય કોઈ મદદગાર નથી ધરાવતા.**

ઉપરોક્ત કથનોથી આ વાત જાહેર થઈ કે જુલ્મ ખૂબ જ ખતરનાક અમલ છે. પ્યારા વાંચક મિત્રો ! રમઝાન મુબારક નજીક આવી રહી છે, એની મુબારક પળોમાં આપણો અને સૌનો ખાલિક઼ અને માલિક ગુનહેગારોની તૌબા કબૂલ ફર્માવે છે, જેથી જો કોઈના દિલને તમારાથી તકલીફ પહોંચી હોય અથવા કોઈની ઉપર જુલ્મ થઈ ગયો હોય જાણી જોઈને અથવા ભૂલથી તો માફી માંગી લો, નહીં તો ક઼યામતના દિવસે ખૂબ જ તકલીફ અને પરેશાનીમાં મૂકી દેશે.

અલ્લાહ તબારક વ તઆલાની બારગાહમાં દુઆ છે કે મારાથી કોઈના દિલને તકલીફ પહોંચી હોય તો રહમતે આલમ ﷺના સદકામાં માફ ફર્માવી દે. (આમીન)

# તૌહીદના ઠેકેદાર કે મુશ્રિકોના ટેકેદાર ?!

તંત્રી લેખ

જૂનો શરાબ નવી બોટલમાં !ની જેમ દારુલ ઉલૂમ કંથારીયા જિ. ભરૂચના મવ. ઈસ્માઈલ મનુબરીને જાણે કે "શિર્ક ! શિર્ક !"નો હડકવા ઉપડયો હોય તેમ તેમને દરેક વાતમાં શિર્ક દેખાય છે જેથી વરસોથી એક જ ગાણુ, એક જ વાતો નવા નવા નામથી કિતાબોમાં છાપતા રહે છે. તેમની કિતાબોના કુર્આનની આયતો તથા હદીષોના થકી સચોટ જવાબો આપવા છતાં આંધળા, બહેરા તથા ગુંગા શૈતાનની જેમ તેમને એની જાણે ખબર જ નથી પડતી ! જેમ કે હાલમાં જ એક કિતાબ *"ઈમાન : મહત્વતા આવશ્યક્તા અને અનિવાર્યતા"* નામથી દારુલ ઉલૂમ અરબિય્યહ કંથારીયા જિ. ભરૂચથી બહાર પડી જેને ચોર માર્ગે સુન્ની મસ્જિદોમાં પણ ઘુસાડવામાં આવે છે ! એવી જ એક સુન્ની મસ્જિદમાં ઘુસાડેલી આ કિતાબ એક ભાઈ મને આપી ગયા જેમાં એ જ શિર્ક–મુશ્રિકનો બકવાસ કર્યો છે. એમાં શિર્કની બુરાઈમાં જે આયતો નાઝિલ થઈ તેને વર્ણવીને સુન્ની બરેલ્વીઓ પર જૂઠા આક્ષેપો થોપીને તેમને ઠેર ઠેર મુશ્રિક ! મુશ્રિક ! લખ્યા છે. તેમના આવા આક્ષેપોનો લાજવાબ જવાબ કુર્આન હદીષ થકી ઉલમાએ અહલે સુન્નત વર્ષોથી આપી ચૂક્યા છે અને આપતા રહ્યા છે. ઉલમાએ અહલે સુન્નતના ફયઝાનથી આ નાચીઝે "બરકાતે ખ્વાજા" માસિકમાં પણ અને કિતાબ રૂપે પણ બનામે *"સુન્નીઓના કુર્આની અક઼ીદા તથા દેવબંદીઓના ઈસ્માઈલી અક઼ીદાનો તફાવત"* કિતાબ રૂપે પ્રકાશિત કરી હતી. પણ જેવી રીતે હડકાયા કૂતરાને કદાપિ જપ વળતો નથી જેથી ભીની ગોદડી ઓઢાડી દુનિયાથી વિદાયગીરી આપવા સિવાય કોઈ ચારો નથી હોતો તેમ આ "શિર્ક"ના હડકાયાઓને પણ એવું જણાય છે કે તેમના ઠેકાણે જહન્નમમાં પહોંચ્યા વિના શાંતિ વળશે નહીં ! કુર્આનમાં અલ્લાહના જાતી ઈખ્તિયાર, જાતી ઈલ્મ વિશેની એક તરફી આયતોને પોતાની રીતે રજૂ કરીને અન્યોને મુશ્રિક સાબિત કરવાની પોતાની મેલી મુરાદ પાર પાડવા લખતા રહે છે **પણ એ આયતો જેમાં રબ તઆલાએ નબીઓને વલીઓને ઈલ્મે ગયબ, ઈખ્તિયાર, મદદ કરવાની તાક઼ત વગેરે આપ્યું છે એ આયતોને તેઓ છુપાવે છે ! આ યહૂદી પોલીસી અપનાવીને જાણે એઓ કુર્આનની અમુક આયતો પર જ ઈમાન ધરાવે છે બાકીની પણ નહીં એવો નિર્દેશ કરી રહ્યા છે.**

## ★ શું મવ. મનુબરી કુર્આનની અમુક જ આયતોને માને છે ?! ★

આ વાતનો દરેક વાંચક જાતે જ ફેંસલો કરી લે. ગુમરાહ કરનાર કિતાબ "તક઼વિયતુલ ઈમાન" લખનાર મોલ્વી ઈસ્માઈલ દહેલ્વીના ડુપ્લિકેટનો રોલ અદા કરનારા આ મવ. ઈસ્માઈલ મનુબરીએ તેમની ઉપર નામ દર્શાવેલ કિતાબમાં કુર્આનની એક બે આયતોના તર્જુમા પેજ નં. ૨ ઉપર આ પ્રમાણે લખ્યા છે : **(૧)** *"અમે મૂસા (علیہ السلام)ને કિતાબ (તવરાત) આપી હતી અને અમે તેને બની ઈસ્રાઈલ માટે હિદાયત બનાવી હતી (જેમાં વિશેષ એ આજ્ઞા હતી) કે મારા વિના (કોઈને પોતાના)* ***કાર્યસાધક*** *બનાવો નહીં. (સૂરએ બની ઈસ્રાઈલ–૨)*

મવ. ઈસ્માઈલ મનુબરીએ બીજી આયતનો તર્જુમો આ પ્રમાણે લખ્યો છે : **(૨)** *"......છતાં કાફિરો એમ સમજે છે કે તેઓ* ***મને છોડી દઈ*** *મારા બંદાઓને* ***'હિમાયતી'*** *બનાવશે ? બેશક, અમે કાફિરોની*

*મહેમાનનવાઝી માટે જહન્નમ તૈયાર રાખી છે. (સૂરએ કહફ–૧૦૨)*

તેમજ "શિર્ક" મેન્યામાં પાગલ બની ગયેલ આ મવ. ઈસ્માઈલ મનુબરીએ સૂરએ અઅ્રાફ–૧૮૮નો તર્જુમો લખ્યા બાદ પેજ નં. ૪ ઉપર નોટીસ લખેલ છે કે :–

***"ધ્યાન આપો ! નબી ﷺ પોતે પોતાની ઝાત માટે ભલાઈ અને બુરાઈ (નફો–નુકસાન)ના માલિક નથી તો અવલિયા અલ્લાહ અને બુઝુર્ગાને દીન કેવી રીતે ભલાઈ અને બુરાઈ પહોંચાડવાની તાકાત રાખી શકે છે ?*** *(મનુબરીની કિતાબ, પેજ નં. ૪)*

અલ્લાહના ઝાતી ઈલ્મ તથા ઈખ્તિયાર વિશેની આ પ્રમાણે એક તરફી આયતોના તર્જુમા રજૂ કર્યા બાદ મવ. ઈસ્માઈલ મનુબરી પેજ નં. ૬ ઉપર સીધુ જ લખે છે : *"મવલાના અહમદ રઝાખાન બરેલવી શિર્ક ફેલાવીને પોતે પણ મુશ્રિક બની ગયા અને મુસલમાનોને પણ મુશ્રિક બનાવ્યા. મૌલાના અહમદ રઝાખાન બરેલ્વીનો શિર્ક જુઓ : મહબૂબીન (અલ્લાહના વલીઓ) મૌત પછી મદદ કરે છે, મહબૂબાને ખુદા (વલીઓ) દૂરથી સાંભળે છે, જુએ છે અને મદદ કરે છે. અવલિયા અલ્લાહ મુશ્કિલકુશા અને સાહિબે અતા છે."* (મનુબરીની કિતાબ, પેજ નં. ૬)

ત્યાર બાદ પેજ નં. ૭ ઉપર *"મુસલમાનોને મુશ્રિક બનાવવાવાળા ગુમરાહ મુસલમાન" એવું હેડિંગ આપીને મવ. ઈસ્માઈલ મનુબરીએ આ'લા હઝરત ઈમામ અહમદ રઝા તથા મૌલાના નઈમુદ્દીન મુરાદાબાદી, મૌલાના મહમૂદ કછોછવી, મૌલાના હશ્મત અલીખાં પીલીભીતી, મૌલાના જલાલુદ્દીન બસ્તવી, મૌલાના મુશ્તાક અહમદ નિઝામી, મૌલાના અશરફી કછોછવી, મૌલાના મદની કછોછવી વગેરે નામો લખ્યાં અને છેવટમાં લખ્યું, સર્વ રઝાખાની ઉલમા, મુજાવરો." (પેજ નં. ૭ જુઓ)*

એક જગાએ લખે છે : *"જે મુસ્લિમ ભાઈઓ તથા મુસ્લિમ બહેનો હઝરાતે અવલિયાએ કિરામ رحمة الله عليهم اجمعين ની પાસે પોતાની હાજતો–મુરાદો માગીને પોતાનાં કિંમતી ઈમાનો બર્બાદ કરીને મુશ્રિક તથા મુશ્રિકહ બની ચૂક્યાં છે તેઓ પોતાના વફાત–મરણ પહેલાં તૌબા કરી લે...." (પેજ : ૧૩)*

તે ઉપરાંત મવ. ઈસ્માઈલ મનુબરીએ એ જ કિતાબના પેજ નં. ૩૧ ઉપર હઝરત મૌલાના મુહમ્મદ શાકિર નૂરી અમીરે સુન્ની દા'વતે ઈસ્લામીએ સુલ્તાનુલ હિંદ હઝરત ખ્વાજા ગરીબ નવાઝ رحمة الله عليه ની બારગાહમાં તેમને રબની અતાથી મુશ્કિલ કુશા જાણીને જે અરજ કરી છે તે મન્કબત ટાંકી છે અને તેની દરેક લીટીના અંતે મવ. મનુબરીએ લખે છે "શિર્ક છે ! શિર્ક છે !" જેમ કે :–

*બિગળી મેરી બના દો યા શાહે સંજરી..........***શિર્ક છે !**

*રંજો અલમ મિટા દો યા શાહે સંજરી..........***શિર્ક છે !** *(પેજ–૩૧)*

પેજ–૩૧ ની નીચે મવ. મનુબરીએ લખ્યું છે કે :–

*"અલ્લાહ તઆલાના સિવાય અલ્લાહ તઆલાની મખ્લૂકના પાસે પોતાની હાજતો મુરાદો માગનાર વ્યક્તિ મુશ્રિક છે." (પેજ–૧૩)*

**★ હે વાંચક ભાઈઓ ! બહેનો ઈન્સાફ કરજો ! કાલે મરવાનું છે ! ★**

મવ. ઈસ્માઈલ મનુબરીએ "સૂરએ બની ઈસ્રાઈલ–૨નો તર્જુમો ટાંકીને લખ્યું કે રબ ફર્માવે છે : "મારા સિવાય (કોઈને પોતાનો) **"કાર્યસાધક" (બિગળી બનાવનાર)** બનાવો નહીં." અને સાર એ કાઢયો કે બીજાને **"કાર્ય સાધક"** એટલે કામ બનાવી દેનાર, મદદગાર જે માને તે મુશ્રિક છે.

તેમજ ઉપર સૂરએ કહફ–૧૦૨ આયતનો તર્જુમો ટાંકી એ સમજાવવા કોશિશ કરી કે અલ્લાહ સિવાય અન્યને **"હિમાયતી"** એટલે મદદગાર માન્યો તે મુશ્રિક તથા કાફિર છે. હદ તો એ છે કે ત્યારબાદ પેજ નં. ૬ ઉપર **અલ્લાહના રસૂલ ﷺને તદ્દન લાચાર દર્શાવ્યા કે તે પોતાની જાત માટે પણ ભલાઈ કે બુરાઈના અધિકારી નથી !** તો **શું એ સાચી વાત છે કે અલ્લાહે એવા રસૂલ દુનિયામાં મોકલ્યા જેને કોઈ અધિકાર નથી આપ્યો ?!** અરે ખૂદ કુર્આનમાં છે કે, **"અમે તમને સર્વ જહાનો માટે રહમત બનાવીને મોકલ્યા."** *(સૂરએ અંબિયા, આયત : ૧૦૭, પારા : ૧૭)* તેમજ કુર્આનમાં જ છે કે **રસૂલ પણ ગની (માલદાર) કરે છે.** *(જુઓ સૂરએ તૌબા : ૭૫)* વળી કુર્આનમાં છે : **"રસૂલ જે આપે તે લઈ લો** અને **જેનાથી રોકે તેનાથી દૂર રહો."** *(જુઓ સૂરએ હશ્ર, આ. ૭)* શું આ અધિકારો કુર્આનથી સાબિત નથી ? પછી મવ. ઈસ્માઈલ મનુબરી કુર્આની આયતોનું ગલત અર્થઘટન કરીને જૂઠો પ્રચાર નબી ﷺ માટે શા માટે કરે છે કે નબી લાચાર મજબૂર છે, તેમને કોઈ અધિકાર નથી ! શું આ આયતો એ નથી પઢતા ?! અરે ! રસૂલુલ્લાહ ﷺ તો રસૂલોના સરદાર છે, પણ આવો ! હઝરત સુલૈમાન علیہ السلامના સહાબી તથા તેમના દૌરના વલીને ઈખ્તિયાર, ઈલ્મ, પાવર અલ્લાહની અતાથી કેવો હતો તેને ખૂદ કુર્આન જ વર્ણવે છે :–

**એક ઠેકાણે કુર્આનમાં છે :** "સુલૈમાને કહ્યું, હે દરબારીઓ ! તમારામાં કોણ છે કે તે તેણીનું સિંહાસન મારી પાસે લઈ આવે, તેઓ મારી પાસે તાબેદાર બનીને હાજર થાય તે પહેલાં. એક મોટો ખવીસ જિન બોલ્યો, હું તે સિંહાસન હાજર કરીશ હુઝૂર દરબાર બરખાસ્ત કરે તે પહેલાં. અને બેશક ! એ બાબત પર તાકાતવાન પ્રમાણિત છું. તેણે કહ્યું જેની પાસે કિતાબનું ઈલ્મ હતું, કે હું (આસિફે કહ્યું) તેને હાજર કરીશ એક પલક ઝપકતાં પહેલાં ! પછી જ્યારે સુલૈમાને સિંહાસનને પોતાની પાસે મૂકાયેલું જોયું તો કહ્યું, આ મારા રબની કૃપાથી છે." *(સૂરએ નમ્લ, આયત : ૩૮, ૩૯, ૪૦)*

**આ વાક્યો કુર્આનમાં** હઝરત સુલૈમાન علیہ السلامનો છે, તેમણે યમનની રાણી બિલ્કીસનું તખ્ત લાવવાનો હુકમ કર્યો તો તેમના સમયના વલીએ આંખના પલકારામાં હાજર કરી આપ્યું ! તેમણે ન યમનના દેશનું ઠેકાણું પૂછ્યું ન બિલ્કીસ વિશે, ન તખ્તની જગા વિશે !

મવ. ઈસ્માઈલ મનુબરી બતાવે શું આ સૂરએ નમ્લ, આયત ૩૮ થી ૪૦ પર તેમનું ઈમાન છે ? અને જણાવે કે હઝરત સુલૈમાન علیہ السلامએ ગૈરુલ્લાહને "કાર્યસાધક" તથા "હિમાયતી" (મદદગાર, કામ કાઢી આપનાર) માન્યા કે નહીં ? તો **શું હઝરત સુલૈમાન علیہ السلام મુશ્રિક થઈ ગયા ?!** (મઆઝલ્લાહ !) તમારા કુર્આની આયતના અર્થના તારણથી તમારી રજૂ કરેલ આયતો અને આ સૂરએ નમ્લની આયતો એકબીજાની વિરૂદ્ધ જણાય છે, અને **યક઼ીનન ! કુર્આનની આયતોમાં આપસમાં ન ટકરાવ છે ન વિરોધાભાસ છે.** જેથી સાબિત થયું કે **તમારી નિય્યતમાં નબી વલીની ગુસ્તાખી સમાયેલી છે જેથી તમે રજૂઆત ખોટી તથા ખુલાસા વિનાની કરીને મુસલમાનોને ગુંચવવાની કોશિશ કરી છે.** સહીહ ખુલાસો એ છે કે **અલ્લાહની અતા વિના કોઈ પણ નબી વલી કે કોઈ ઈન્સાન કે કોઈ મખ્લૂક઼ ઈલ્મ કે ઈખ્તિયારવાળાં નથી અને અલ્લાહની અતાથી ઈલ્મ, ઈખ્તિયાર વગેરે નબી તથા વલીઓને જરૂર મળેલ છે. અને હુઝૂર ﷺને સૌથી વિશેષ મળેલ છે.** એ વાત પર ઈમાન રાખે તે મુસલમાન છે, એથી ઉલ્ટુ હુઝૂરને જે બેઈખ્તિયાર માને તે યક઼ીનન કાફિર છે.

જેમ કે અહલે સુન્નત વ જમાઅતના મહાન બુઝુર્ગ હઝરત અલ્લામા અહમદ સાવી رحمۃ اللہ علیہ જેમની "તફસીરે સાવી" દેવબંદમાં પણ પઢાય છે. **આ કિતાબમાં અલ્લામા સાવી લખે છે કે "તો જેણે**

**એવો શક કર્યો કે નબી અન્ય લોકોની જેવા સરખા છે, અને તે કોઈ ચીજના માલિક નથી અથવા તેમનાથી જાહેરી રીતે કે બાતિની (આંત્રિક) રીતે કોઈ ફાયદો પહોંચતો નથી તો તે (આવો અકીદો રાખનાર) કાફિર છે, તેની દુનિયા તથા આખેરત બર્બાદ છે.** *(તફસીરે સાવી, ભાગ–૧, પેજ–૫૮)*

તે ઉપરાંત હઝરત ઈસા عليه السلامના વિશે કુર્આનમાં સ્પષ્ટપણે છે કે : (ઈસા عليه السلامએ ફર્માવ્યું) કે, "હું તમારા માટે પક્ષીઓ જેવી સૂરત (સ્વરૂપ) બનાવુ છું, પછી તેમાં ફૂંક મારું છું, તો તરત જ ઉડનારા (પક્ષી) બની જાય છે, અલ્લાહના હુકમથી. અને **(હું) શિફા આપુ છું જન્મજાત આંધળાઓને અને સફેદ દાગ (કોઢ)વાળાઓને**, અને **હું મુડદાં જીવતાં કરું છું**, અલ્લાહના હુકમથી. અને **તમને બતાવી દઉં છું** જે તમે ખાવ છો અને જે તમે તમારા ઘરોમાં ભેગું કરી રાખો છો. બેશક ! આ વાતોમાં તમારા માટે ઘણી નિશાનીઓ છે, જો તમે ઈમાન ધરાવતા હોઉ તો." *(સૂરએ આલે ઈમ્રાન, પારા : ૩, રુકૂઅ : ૫, આયત : ૪૯)* શું આ ઈલ્મે ગયબ, ઈખ્તિયાર, અધિકાર, મદદ કરવું ન થયું ?! આવી તો ઘણી આયતો કુર્આનમાં છે તો **હે કલ્મો પઢનારાઓ ! હવે કહો સાચો કોણ અને કઝ્ઝાબ કોણ ?!** તમો જાતે જ ફેંસલો કરી લો.

## ★ મવ. ઈસ્માઈલ મનુબરીની તૌહીદ જૂઠી તેમજ પોલવાળી છે કે નહીં ?! ★

અમે ચર્લેંજ સાથે કહીએ છીએ કે મવ. મનુબરી એન્ડ કુા. ની તૌહીદ પોલમપોલ છે ! જો ખરેખર તેઓ તૌહીદમાં કઝ્ઝાબ ન હોય તો જેવી રીતે મૌલાના મુહમ્મદ શાકિર રઝવી નૂરીની ખ્વાજા સાહબની શાનમાં મન્કબત તથા એ વલી અલ્લાહને કરેલી ઈલ્તેજાના દરેક વાક્ય પાછળ મવ. મનુબરીએ શિર્ક છે ! શિર્ક છે ! લખ્યું છે તેમ અહીં પણ લખે !

*મેરી બિગળી બના દે કર દે મેરા કામ અય સાકી–કયામત તક ન ભૂલુંગા મૈં તેરા નામ અય સાકી*

મૌલાના મુહમ્મદ શાકિર રઝવી નૂરીના લખાણથી કેટલાયે વરસો પહેલાં લખાયેલ આ ઉપરોક્ત શબ્દો છે, પણ આની પાછળ શિર્ક છે નથી જણાવ્યું ! કેમ કે આ દેવબંદી મોલ્વી ફખ્રુદ્દીન ગયાવીએ "નઝરે અકીદત" નામની કિતાબમાં પોતાના દેવબંદી પેશવા મોલ્વી હુસૈન અહમદ મદની ટાંડવીની તારીફમાં લખ્યું છે ! અને એ મવ. ઈસ્માઈલના માનીતા છે !

**આશ્ચર્યની વાત છે કે આ જ શબ્દો ખ્વાજા ગરીબ નવાઝ رحمة الله عليهની શાનમાં કોઈ લખે તો તે મુશ્રિક થઈ જાય ! અને દેવબંદીઓના પેશવાની શાનમાં લખાયા તો તે તૌહીદ પરસ્ત જ ગણાય !** હવે કહો ? મવ. ઈસ્માઈલ મનુબરી તથા ચેલાઓની તૌહીદ જૂઠી તથા પોલવાળી સાબિત ન થઈ ?!

એ જ મોલ્વી ફખ્રુદ્દીન ગયાવી પોતાના પેશવાની શાનમાં આગળ લખે છે કે :

*તેરે કદમોંસે લિપટકર અપની કામયાબીકી સિફારિશ કરાના ચાહુંગા*

*તેરી અદના સી તવજ્જોહ ભી ઈન્શાઅલ્લાહુ તઆલા મેરી નજાત કે લિયે કાફી રહેગી (પેજ–૧૧)*

શું આનુ નામ તૌહીદ છે કે નબી વલી માટે આ જ શબ્દો કહેનાર મુશ્રિક થઈ જાય અને દેવબંદી મોલ્વી તેમના પેશવા માટે એ જ શબ્દો લખે **તો પૂરી દેવબંદી જમાઅત ખામોશ રહે ! આ કેટલો ધોકાબાઝ ધરમ છે વિચારો !**

હજી આગળ ચાલો ! એમની જૂઠી તૌહીદનું ઓપરેશન કરતા ચાલીએ ! જુઓ દેવબંદી મોલ્વી આશિક

ઈલાહી મેરઠી, એ એમના ત્યાં મહાન આલિમ ગણાય છે. તેમણે "તઝકેરતુર્રશીદ" કિતાબમાં તેમના પેશવા મોલ્વી અશરફ અલી થાનવીની મહાનતા આ શબ્દોમાં લખી છે : **"વલ્લાહિલ અઝીમ મૌલાના થાનવી કે પાઉં ધોકર પીના નજાતે ઉખરવી કા સબબ હય."** *(તઝકેરતુર્રશીદ, ભાગ–૧, પેજ–૧૧૩)*

એટલે કે **"ખુદાની કસમ ! મોલ્વી થાનવી સાહેબના પગ ધોઈને પી જવું એ કયામતમાં છૂટકારાનો સબબ થઈ જશે."**

શું આને જ તૌહીદ કહેવાય છે ?! **રસૂલે પાક ﷺને લાચાર દર્શાવવા કુર્આની આયતોના ગલત અર્થો રજૂ કરવામાં આવે છે અને અલ્લાહના રસૂલ ﷺ કોઈ નફો નુકસાન નથી કરી શકતા બલ્કે ખૂદ પોતાના માટે પણ નફા નુકસાનના અધિકારી નથી ! એવો અકીદો જાહેર કરવામાં આવે અને પોતાના ઘરના મોલ્વીના કેવળ પગ ધોઈને પી જતાં કયામતમાં નજાત થઈ જાય !** આવું કહેવા છતાં તેમને કોઈ શિર્કનો ફત્વો ન મળે ! બતાવો ! મવ. ઈસ્માઈલ મનુબરી તથા ભડકોદ્રવી આ જ તમારી તૌહીદ છે ?!

હજી એમની તૌહીદની પોલમપોલ જોતા ચાલો ! દેવબંદી પેશવા મોલ્વી અશરફઅલી થાનવી જેમણે "રસૂલે પાક ﷺના ઈલ્મને બાળકો, પાગલો અને ચોપગાં જાનવરો જેવો" **હિફઝુલ ઈમાન** કિતાબ પેજ–૮ ઉપર દર્શાવીને નબી કરીમ ﷺની તૌહીન કરી છે, તે જ મોલ્વી અશરફઅલી થાનવી પોતાના પીરો મુર્શિદ દેવબંદી મોલ્વી રશીદઅહમદ ગંગોહીની આ પ્રમાણે પ્રસંશા કરે છે :

*યા મુર્શિદી યા મૌએલી યા મફઝઈ–યા મલ્જાઈ, ફી મબ્દઈ વ મેઆદી*

*ઈર્હમ અલૈય અયા ગયાસો ફલૈસા લી–કહફી સેવા જલિય્યકુમ મનઝાદ*

એનો તર્જુમો જુઓ : **યા મારા મુર્શિદ ! યા મારા મૌલા ! યા મારી દહેશત (ભય)માં હુંફ આપનાર ! યા મારી દુનિયા અને દીનના પનાહના સ્થળ ! યા મારી ફરિયાદ સાંભળનાર ! મારા પર દયા (રહમ) કરો !** કારણ કે હું તમારી મહોબ્બત સિવાય કોઈ ભાથુ ધરાવતો નથી. **આખી દુનિયા** તમારી પાસેથી ફૈઝ (ફાયદો કામયાબી) મેળવે છે અને શું હું જ માત્ર વંચિત રહી જઉં ?! તો મારા પર **નઝરે કરમ કરો !** યા હાદી–**હિદાયત આપનાર !** યા મારા સય્યિદ ! અલ્લાહ વાસ્તે **મારી મદદ ફર્માવો !** એટલા માટે કે તમે મુઅતી–આપનારા છો અને હું તમારો ભીખારી છું ! *(તઝકેરતુર્રશીદ, પેજ–૧૧૪)*

**વિચારો ! મવ. ઈસ્માઈલ મનુબરી ! તમારા જાહેર કરેલા અકીદા પ્રમાણે તો આમાં અસંખ્ય શિર્કો છે !** રસૂલુલ્લાહ ﷺને કે સહાબાને કે હસનો હુસૈનને કે વલીઓના સરદાર ગૌષે આ'ઝમ رضی اللہ عنہને કે ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہને **"યા" શબ્દ વડે કોઈ પોકારે તો તેને તમો મુશ્રિક કહો,** નઝરે કરમ કરવાનું કોઈ કહે તો **તેને તમો મુશ્રિક કહો,** હિદાયત આપનાર કહી મદદ માગે **તો મુશ્રિક કહો,** અને આ તમારા એક પેશવા તમારા બીજા પેશવાને એ જ રીતે પોકારી રહ્યા છે છતાં તમે ગુંગાઝંદ બનીને બેઠા છો ! એમના માટે પણ તમારા મઝકૂર કિતાબના પેજ–૧૩ ઉપર લખેલા શબ્દો દોહરાવો કે, "અલ્લાહ તઆલા સિવાય અલ્લાહ તઆલાની મખ્લૂકની પાસે પોતાની હાજતો મુરાદો માગનાર વ્યક્તિ મુશ્રિક જ છે." સારાંશ કે આપના કાયદા હેઠળ એ દેવબંદી પેશવાઓ મુશ્રિક ઠરે છે અને તેમને તમે પોતે પેશવા તથા મુસલમાન માનીને ઈસ્લામથી ખારિજ થયા કે નહીં ?!

**૧૪મી સદીના મુજદ્દિદે બેમિષાલ, અમ સુન્નીઓના ઈમામ, આ'લા હઝરત ઈમામ અહમદ**

**રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہને તમે તમારી કિતાબ તથા "દારુલ ઉલૂમ" માસિકમાં ઠેર ઠેર વારંવાર 'મુશ્રિક' એટલા માટે લખો છો કે તેમણે અલ્લાહના વલીઓને મદદ કરનાર, દૂરથી સાંભળનાર, જોનાર, મુશ્કિલકુશા તથા અતા કરનાર દર્શાવ્યા. જ્યારે ઉપર દર્શાવ્યા તે તમારા દેવબંદી મોલ્વીઓ એ જ સંબોધનો તમારા દેવબંદી પેશવાઓને બુઝુર્ગ સમજીને કહી રહ્યા છે છતાં તમે તેમને મુશ્રિક નથી માનતા ! અહીં તમારી તૌહીદ ક્યાં ગઈ ?! અહીં કેમ ગુંગા બની ગયા ! તમે પહેલાં પોતાને ઈમાનવાળા સાબિત કરો ! પછી જગતની ચિંતા કરો ! તમે પ્રથમ તમારા ઈમાનની ચિંતા કરો ! એ ક્યારનું અલવિદા થઈ ચૂક્યું ! તમો ખૂદ તૌહીદના ઠેકેદાર નહીં (પણ તમારી જ શિર્કની વ્યાખ્યા હેઠળ) મુશ્રિકોના ટેકેદાર ઠર્યા છો!**

## ★ સુન્નીઓ જાગો અને બાતિલ ફિર્કાવાળાઓથી દૂર થઈ જાવ ! ★

આટલા બધા ખુલાસા રજૂ કરવા છતાં આ દેવબંદી હઠધર્મીઓ સુન્નીઓને શિર્ક કરનારા મુશ્રિક કહે છે અને છતાં સુન્નીઓનું કોઈ મરી જાય તો વેવલા બનીને નમાઝે જનાઝામાં દોડી આવે છે, સુન્નીઓ પાછળ નમાઝ પઢે છે ! સુન્નીઓ સાથે શાદી સગાઈ કરતા જાય છે ! જ્યારે કે મવ. ઈસ્માઈલ મનુબરી પોતાની મઝકૂર કિતાબમાં લખે છે કે, શિર્ક કરનાર માટે મગફિરતની દુઆ જાઈઝ નથી, તેવા મર્દ તથા ઔરતની જનાઝાની નમાઝ પઢવી જાઈઝ નથી, શિર્ક કરનાર સાથે નિકાહ જાઈઝ નથી......વગેરે. અહીં એક ટુચકો સાંભળી લો ! આ વહાબી દેવબંદી આપણા (ભરૂચ) તરફ વધુમાં વધુ ૫૦ વરસથી પેદા થયેલા છે **તેમના બાપદાદા સર્વ સુન્ની હતા, "યા રસૂલલ્લાહ !" કહેવાવાળા, દરગાહો પર જનારા, બુઝુર્ગોને માનવા ચાહવાવાળા હતા.** તો એમના જ કાયદાનુસાર તેઓ **શિર્ક કરનાર ઠર્યા** અને શિર્ક કરનાર સાથે નિકાહ જાઈઝ નથી જેમ કે મવ. મનુબરીની કિતાબના પેજ નં. ૦૯ પર છે. જેથી તેમના બાપના કે દાદાના નિકાહ તો તેમની મા કે દાદી સાથેથી તૂટી જ ગયેલા ગણાશે ! **હવે એમને પૂછો કે તમો વગર નિકાહની ઔલાદ ગણાશો કે નહીં ?!** એવા કાયદા શા માટે બનાવો છો કે તમારી હાલત "મા મને કોઠીમાંથી કાઢ !" જેવી થાય !

હવે સુન્નીઓને નમ્ર વિનંતી કે **આટલુ બધુ જોયા પછી પણ તમો દેવબંદીઓ સાથે દોસ્તી, સગાઈ સંબંધ ચાલુ રાખો તો તમારી સુન્નિયત પર પ્રશ્ન નથી લાગતો ?!** કેવા બેગૈરત સુન્ની છો તમે કે રસૂલે પાક صلی اللہ علیہ وسلمને લાચાર મજબૂર બંદા કહેનારને અથવા એવું કહેનારને પોતાના પેશવા માનનારાને તમે તમારો સગો બનાવો છો ?! તમારા ઘરે ખુશી ગમીના પ્રસંગે આમંત્રણ આપો છો ! કોઈ સુન્ની મરી જાય તો (કે શાદી હોય ત્યારે) ક્યારેક ધાડાંનાં ધાડાં દેવબંદીઓ આવી પહોંચે છે ! આ કેમ આવે છે કે મરનારે તેનાથી સંબંધો રાખ્યા અને હવે ઔલાદ પણ તે જ માર્ગે જઈ રહી છે ! **અફસોસ છે તમારા પર ! હજી પણ સમય છે, સમજો આપણે કોઈની સાથે ઝઘડવાનુ નથી પણ ફક્ત એટલુ જ ઠાવકા મોઢે કહી આપવું કે જો તમે દેવબંદી વહાબી અકીદાથી તૌબા કરી સુન્ની ન થતા હોઉ તો આપણો સંબંધ અહીં પૂરો ! ન તમે અમારા ઘરે આવશો ન અમે તમારા ઘરે આવીશું.** જો આવુ નહીં કરો તો તમારી નસલ પણ કટ થઈ જશે એટલે કે સંબંધ રાખવાને કારણે ક્રમે ક્રમે તમારી પાછલી નસલ વહાબિયત દેવબંદિયતના ચક્કરમાં આવી જહન્નમી બની જશે. જેથી આજથી આ વાત પર અડગપણે અમલ કરવાની કોશિશમાં લાગી જાવ, એમાં જ તમારી દુનિયા તથા આખેરતની ભલાઈ છે. રબ્બે કરીમ તેના પ્યારા હબીબ صلی اللہ علیہ وسلمના સદકામાં સૌને નેક તૌફીક આપે અને શૈતાનોના ચક્કરથી મુસલમાનોને મેહફૂઝ રાખે. (આમીન)

કુર્આને પાકની તફસીર

# કન્ઝુલ ઇમાન વ ખઝાઇનુલ ઇરફાન

અઝ : આ'લા હઝરત
ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ

અનુવાદક : મૌલાના હસન
આદમ કોલવનવી رحمۃ اللہ علیہ

## સૂરએ બક઼રહની તફસીર

સૂરએ બક઼રહ મદીનામાં ઉતરેલી અને એમાં ૨૮૬ આયતો અને ૪૦ રૂકુઅ છે.

اَللّٰهُ یَسْتَهْزِئُ بِهِمْ وَ یَمُدُّهُمْ فِیْ طُغْیَانِهِمْ یَعْمَهُوْنَ ﴿۱۵﴾ اُولٰٓىٕكَ الَّذِیْنَ اشْتَرَوُا الضَّلٰلَةَ بِالْهُدٰى۪ فَمَا رَبِحَتْ تِّجَارَتُهُمْ وَ مَا كَانُوْا مُهْتَدِیْنَ ﴿۱۶﴾ مَثَلُهُمْ كَمَثَلِ الَّذِی اسْتَوْقَدَ نَارًاۚ فَلَمَّاۤ اَضَآءَتْ مَا حَوْلَهٗ ذَهَبَ اللّٰهُ بِنُوْرِهِمْ وَ تَرَكَهُمْ فِیْ ظُلُمٰتٍ لَّا یُبْصِرُوْنَ ﴿۱۷﴾ صُمٌّۢ بُكْمٌ عُمْیٌ فَهُمْ لَا یَرْجِعُوْنَۙ ﴿۱۸﴾ اَوْ كَصَیِّبٍ مِّنَ السَّمَآءِ فِیْهِ ظُلُمٰتٌ وَّ رَعْدٌ وَّ بَرْقٌۚ یَجْعَلُوْنَ اَصَابِعَهُمْ فِیْۤ اٰذَانِهِمْ مِّنَ الصَّوَاعِقِ حَذَرَ الْمَوْتِؕ وَ اللّٰهُ مُحِیْطٌۢ بِالْكٰفِرِیْنَ ﴿۱۹﴾

**અલ્લાહ તેઓ સાથે ઇસ્તિહઝા ફરમાવે છે[૨૧] (જેવો તેની શાનને લાયક છે) અને તેમને છૂટ આપે છે કે પોતાની સરકશીમાં ભટકતા ફરે (૧૫) આ તે લોકો છે જેમણે હિદાયતને બદલે ગુમરાહી ખરીદી લીધી[૨૨] તો તેમનો સોદો કંઇ ન નફો લાવ્યો અને તેઓ સોદાનો રસ્તો જાણતા જ ન હતા.[૨૩] (૧૬) તેઓનું દ્રષ્ટાંત તેના જેવું છે જેણે આગ પ્રગટાવી તો જ્યારે એનાથી આજુબાજુ બધુ પ્રકાશિત બન્યું અલ્લાહ તેઓનો પ્રકાશ લઇ ગયો અને તેઓને અંધારાઓમાં મૂકી દીધા કે કશું સુઝતું નથી[૨૪] (૧૭) બહેરા, આંધળા, ગુંગા તો તેઓ પરત આવવાના નથી(૧૮) અથવા જેમ આસ્માનથી ઉતરતું પાણી કે તેમાં ઘોરઅંધારૂં છે અને ગર્જના અને વિજળીનો ચમકાર[૨૫] પોતાના કાનોમાં આંગળીઓ ઘુસાડી રહ્યા છે કડાકાને કારણે, મોતના ડરથી[૨૬] અને અલ્લાહે કાફિરોને ઘેરેલા છે[૨૭] (૧૯) એવું લાગે છે કે વિજળી તેમની નિગાહો (દ્રષ્ટિ) ઊંચકી જશે[૨૮]**

૨૧. અને અલ્લાહ તેઓ સાથે ઇસ્તેહઝા ફરમાવે છે, અલ્લાહ તઆલા ઇસ્તેહઝા (મશ્કરી કરવી) અને બીજી તમામ અયબો અને નુકસાનોથી પાક છે, પણ અહીં મશ્કરીના પ્રત્યુત્તરને મશ્કરી કહેવામાં આવી છે, જેથી સારી રીતે સમજી શકાય કે આ સજા પેલા અયોગ્ય કાર્યની છે, આવા મોકા પર પ્રત્યુત્તરમાં પેલા કાર્ય જેવો શબ્દ વાપરવો ભાષાનો નિયમ છે, જેમકે ફરમાવવામાં આવ્યું છે 'જઝાઉ સય્યઅતિ સય્યિઅતુન' બુરાઇનો બદલો બુરાઇ, બયાન કરવાની ઢબનો કમાલ એ છે કે આ વાકય اَللّٰهُ یَسْتَهْزِئُ بِهِمْ નો ઉપરના વાકય اَللّٰهُ یَسْتَهْزِئُ بِهِمْ પર અત્ફ કરવામાં નથી આવ્યું, એટલે કે તેના સાથે સંબંધિત કરવામાં નથી આવ્યું, કારણ કે ઉપ-રના વાક્યમાં 'ઇસ્તિહઝા' તેના વાસ્તવિક અર્થમાં હતુ.

૨૨. આ તે લોકો છે જેમણે હિદાયતને બદલે ગુમ-રાહી ખરીદી લીધી, હિદાયતને બદલે ગુમરાહી ખરી-દવાનો અર્થ એ છે કે ઇમાનને બદલે કુફ્ર ધારણ કરવું, આ ઘણી જ ખોટ અને નુકસાનીની વાત છે.

### શાને નુઝૂલ

આ આયત ઇમાન લાવીને કાફિર બની જનાર લોકો માટે ઉતરી અથવા યહૂદીઓ માટે ઉતરી જે પ્રથ-મથી તો હુઝૂર અલયહિસ્સલામ પર ઇમાન ધરાવતા હતા પણ આપની પધરામણી પછી ઇન્કાર કરી દીધો, અથવા બધા કાફિરો વિશે ઉતરી કે કુદરતે તેમને સદબુદ્ધિ આપી, હકની દલીલો સ્પષ્ટ કરી, હિદાયતના માર્ગો ખોલ્યા પણ તેઓએ બુદ્ધિ અને ન્યાયનો ઉપયોગ ન કર્યો અને

ગુમરાહી ધારણ કરી.

**મસઅલો** : આ આયતથી 'બયએ તઆમૂલી' જાઇઝ હોવાનું સાબિત થયું, એટલે કે ખરીદ વેચાણના શબ્દો બોલ્યા વગર એક બીજાની રાજીખુશીથી એક વસ્તુના બદલે બીજી વસ્તુ લેવી જાઇઝ છે.

૨૩. અને તેઓ સોદાનો રસ્તો જાણતા જ ન હતા, જો વેપારની પદ્ધતિ આવડતી હોત તો અસલ મૂડી (હિદાયત) ન ગુમાવી દેત.

૨૪. અહીં લોકોની હાલત દ્રષ્ટાંત આપીને સમજાવી છે જેમને અલ્લાહપાકે કંઇક હિદાયત આપી અથવા હિદાયત પ્રાપ્ત કરવા સમર્થ કર્યા, છતાં તેઓ એને ગુમાવી બેઠા અને કાયમી દોલત પ્રાપ્ત ન કરી, તેઓનું પરિણામ તે માણસ જેવું છે જે પ્રકાશમાં હતો અને તેની પાસેથી ઓચિંતો પ્રકાશ ખેંચાઇ ગયો તો હવે તેને પસ્તાવો, અફસોસ, આશ્ચર્ય અને ડર લાગે છે, આમાં તે મુનાફિકોનો પણ સમાવેશ થાય છે જેઓએ ઇમાન જાહેર કર્યું અને દિલમાં કુફ્ર રાખીને જાહેરમાં સ્વીકારેલી વસ્તુની રોશનીને ખોઇ બેઠા. અને આમાં તે લોકો પણ દાખલ છે જે મુઅમિન થયા પછી મુરતદ બન્યા. અને તેઓ પણ જેઓને સદ્‌બુદ્ધિ મળી. અને દલીલોની રોશનીમાં હક વસ્તુને ઓળખી પણ તેઓએ એનાથી ફાયદો ન ઉઠાવ્યો. અને ગુમરાહી ધારણ કરી અને જ્યારે હક બાબત સાંભળવા, માનવા, કહેવા, દેખાવાથી મહરૂમ રહી ગયા. તો પછી કાન, જબાન, આંખ બધુ બેકાર છે. (માટે જ તેઓને આંધળા, ગુંગા, બહેરા કહેવામાં આવ્યા છે.)

૨૫. હિદાયતને બદલે ગુમરાહી ખરીદનારાઓની આ બીજી મિષાલ છે. આસ્માનથી વરસતુ પાણી જમીનના જીવનનું કારણ છે. પણ તેની સાથે ભયાનક અંધારાઓ ડરાવી મૂકે એવી ગર્જનાઓ અને વિજળીના ચમકારા હોય છે. એવી જ રીતે કુરઆન અને ઇસ્લામ દિલોની ઝિન્દગીનું કારણ છે. અને એમાં કુફ્રો, નિફાક, શિર્કનું બયાન અંધારાઓની જેમ છે. જેવી રીતે અંધારૂ મૂસાફરને આગળ ધપવામાં નડતરરૂપ હોય છે. એવી જ રીતે કુફ્ર અને નિફાક સીધા માર્ગ સુધી જવામાં નડતરરૂપ હોય છે. એમાં જે અઝાબની ખબરો છે તે ગર્જનાઓની જેમ છે. અને હકની ખુલ્લી દલીલો વિજળીના ચમકારની જેમ છે.

### શાને નુઝૂલ

મુનાફિકોમાંના બે માણસો હુઝૂર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમની સેવામાંથી ઉઠીને મુશ્રિકો પાસે જવા લાગ્યા રસ્તામાં આ વરસાદ આવ્યો જેનું વર્ણન આયતમાં કરાયું. એમાં સખ્તમાં સખ્ત ગર્જના, કડાકા અને વીજળીના ચમકારા હતા, જ્યારે કડાકો થતો ત્યારે તેઓ બીકના માર્યા કાનોમાં આંગળીઓ નાખી દેતા હતા કે ક્યાંક એના ભયાનક અવાજથી મરી ન જવાય, જ્યારે વિજળીનો ચમકારો થતો ત્યારે તેની રોશનીમાં થોડું ચાલતા અને પાછુ અંધારૂ થતાં ઉભા રહી જતા, તેઓ એક બીજાને કહેવા લાગ્યા કે જો ખુદાપાક સુખરૂપ સવાર દેખાડે તો હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમની સેવામાં જઇ આપણા હાથ તેઓના મુબારક હાથોમાં સોંપી દઇએ. પછી તેમણે એવું જ કર્યુ અને ઇસ્લામમાં પાકા થયા, તેઓની હાલતને ખુદા પાકે મુનાફિકો માટે દ્રષ્ટાંત બનાવી. (અને આ આયત ઉતારી)

અથવા આ આયત એવા લોકો વિશે ઉતરી છે, જે હુઝૂર સલ્લલ્લાહો અલયહો વસલ્લમની પાક મજલિસમાં હાજર થતા ત્યારે પોતાના કાનોમાં એવી નિય્યતથી આંગળીઓ નાંખી લેતા કે ક્યાંક હુઝૂરની મુબારક બોલી તેઓને અસર ન કરી જાય, અને જ્યારે (ઇસ્લામના કારણે) તેઓના માલ ઔલાદમાં વધારો થતો અને ગનીમત વિગેરેનો માલ મળતો ત્યારે તો વિજળીની ચમકમાં ચાલનારાઓની જેમ ચાલતા અને કહેતા કે હવે તો દીને મુહમ્મદી સાચો છે, પણ પછી જ્યારે માલ-ઔલાદ હલાક થતાં અને કોઇ બલા આવતી ત્યારે વરસાદના અંધારામાં લપાઇને ઉભો રહી જનારની જેમ લપાઇ જતા અને કહેતા કે આ બધી મુસીબત આ ધર્મના કારણે જ છે, અને એવી રીતે ઇસ્લામથી ફરી જતા. (લુબાબુન્નુકૂલ લિસ્સુયુતી)

૨૬. જેમ અંધારી રાત્રે કાળી ઘટા છવાએલી હોય

અને વીજળીની ચમક અને કડાકા મૂસાફરને હેરાન કરતા હોય અને કડાકાના અવાજથી ડરીને મરવાની બીકે કાનોમાં આંગળીઓ નાખતો હોય એવી જ રીતે કાફિરો કુરઆન મજીદ સાંભળવાથી કાનોમાં આંગળીઓ ઠોંસી લે છે. અને તેઓને ડર છે કે ક્યાંક કલામે પાક ના આકર્ષક મઝમૂનો (બયાન) તેઓના દિલ પર અસર કરીને બાપ દાદાના ધર્મથી છેટા ન કરી દે. જે તેઓના માનવા મુજબ મરવાની સમકક્ષ છે.

૨૭. પણ આ નાસભાગ તેઓને કંઇ જ ફાયદો આપી શકશે નહિ, કારણ કે કાનોમાં આંગળીઓ ઘુસાડીને તેઓ ખુદાઇ કહેરથી બચી શકવાના નથી, (અલ્લાહ પાકે પોતાની કુદરત વડે તેઓને બધી બાજુએથી ઘેરી લીધેલા છે.)

૨૮. એવું લાગે છે કે વિજળી તેઓની દ્રષ્ટિ ઉંચકી જશે, વીજળી ઝબકે છે ત્યારે એવું લાગે છે જાણે કે હમણાં જ આંખોની રોશનીને ખતમ કરી નાંખશે, એવી જ રીતે સ્પષ્ટ દલીલોનો પ્રકાશ મુનાફિકોની આંતિરક દ્રષ્ટિને ખૂંચવી લે છે.

*ગુસ્લે કાબા તો કિયા ખૂબ બુઝાઈ પ્યાસેં–આઓ જૂદે શહે કૌષર કા ભી દરયા દેખો*

## બારગાહે રબ્બુલ ઈઝઝત વ મહબૂબે રબ્બુલ આલમીન સે ખુસૂસી નવાઝિશ

જામેઉલ ખિલાફતો ઈજાઝત વ અઝીમુશ્શાન સિફતોં કે હામિલ, નબીર–એ આ'લા હઝરત હુઝૂર મુફતીએ આ'ઝમ કે કાઈમ મકામ કુત્બે મદીના સરકારે ઝિયા મદની વ હઝરત બુરહાને મિલ્લત બુરહાનુદ્દીન (ખલીફએ આ'લા હઝરત) અહસનુલ ઓલમા સૈયદ શાહ મુસ્તફા હૈદર હસન (સજ્જાદાનશીન ખાનકાહે મારહરા શરીફ) વ પોતએ આ'લા હઝરત, શહઝાદ એ હુજ્જતુલ ઈસ્લામ, હઝરત મુફસ્સિરે મિલ્લત મુફતી ઈબ્રાહીમ રઝાખાં (વાલિદે માજિદ) ઈન સારે અઝીમ અકાબિરોં કી ખિલાફતો ઈજાઝત ઈલ્મો ઈરફાન વ ચશ્માને મારેફત કે ગોહરે બેનઝીર, આલમે ઈસ્લામ કી અઝીમ શખ્શિયત હુઝૂર તાજુશ્શરીઅહ. આ'લા હઝરત ઈમામ અહમદ રઝા જબ હજ્જ કરને તશરીફ લે ગયે તબ ઉસ વક્ત શૈખુલ અરબ થે હઝરત અલ્લામા શેખ જલુલ લઈ સાહબ, ઉન્હોંને ગુસ્લે કા'બામેં શિર્કત કી ઔર કા'બા શરીફ કો ગુસ્લ દિયા, ગિલાફે કા'બા તબદીલ કિયા ઔર અંદર જાકર નમાઝે નવાફિલ પળ્હી. આ'લા હઝરત કે ઉસ શર્ફ કે બાદ ઉલ્માએ એહલે સુન્નતમેં ખાસ તૌર પર આ'લા હઝરત કે ખાનદાનમેં તાજુશ્શરીઅહ વો પહલી શખ્સિયત હૈ કે આપકો અશરફે મક્કાને દઅવત દી ઔર આપ અશરફે મક્કા કી દઅવત પર તશરીફ લે ગયે, ઔર કા'બા શરીફ કે અંદર દાખલેકા શર્ફ હાસિલ હુવા. વહાં પર આપને નમાઝ અદા કી ઔર પૂરી ઉમ્મતે મુસ્લેમા જમાઅતે એહલે સુન્નત કે લિયે દુઆએં કી ઔર ગુસ્લે કાબતુલ્લાહમેં શિર્કતકે સાથ આપકે શહઝાદે મૌલાના અસ્જદ રઝા સદરે આલી જમાઅતે રઝાએ મુસ્તફા ભી સાથમેં થે.

**સવાલ** : યે કહા જાતા હૈ કે વહાં કે અરબોંને આપસે દુઆએં લીં ?

**જવાબ** : હાં યે બાત બિલકુલ સહીહ હૈ કે શુયુખે અરબને ઔર જો અવામે અરબ હૈં ઉન્હોંને હઝરત સે બરકત કે લિયે દુઆએં લીં ઔર ખાસ બાત યે હૈ કિ હઝરત અંદર દાખલ હુએ તો અશરાફે મક્કા જિનકે પાસ ખાનએ કા'બાકી ચાબી રહતી હૈ ઉન્હોંને હઝરત કો દેખકર કે અહલંવ વ સહલન મર્હબા કહા ઔર કુછ અશરાફે મક્કાને કહા કે હાઝા શૈખુલ કબીર ! યાની હઝરત કો દેખકર ખુશી ઔર મસર્રતકા ઈઝહાર કિયા ઔર હઝરત કા વાલેહાના અંદાઝમેં ઈસ્તકબાલ કિયા, યે બળે શરફકી બાત હૈ.

**સવાલ** : ક્યા યહ દૌરા ખાસ ગુસ્લે કા'બા શરીફ કે લિયે થા યા રૂટીન દૌરા થા ?

**જવાબ** : યે પ્રોગ્રામ તો ખાસ તૌર પર ગુસ્લે કા'બામેં શિર્કત કે લિયે હી થા અલ્બત્તા આપને ઉમરા ભી કિયા ઔર આપ મદીનતુલ મુનવ્વરા હાઝરીકે લિયે પહુંચે. ક્યું કે અશરાફે મક્કાને હઝરત કા નામ ગુસ્લે કાબામેં દાખિલ હોનેમેં શામિલ કર લિયા થા યે બળે શરફકી બાત હૈ તો યે એ'જાઝ બૈનુલ અકવામી તૌર પર બહોત કમ શખ્સિયાત કો હાસિલ હોતા હૈ. અલ્લાહ તઆલાને યે એજાઝ હઝરત વ આપકે સાહબઝાદે જનાબ અસ્જદ રઝા સાહબ કો અતા ફર્માયા.

*ફકીર : અબુલ ઉઝૈર સૈયદ આલે રસૂલ કાદરીયુલ જીલાની (વકીલ વ ખલીફએ તાજુશ્શરીઅહ) નડીયાદ*

**હદીષ** : હઝરત સુવૈદ ઈબ્ને નોઅમાન[1] رضی اللہ عنہ થી રિવાયત છે કે તે હુઝૂર ﷺ ની સાથે ખયબરના વરસે ગયા. જ્યારે સહબા સ્થળે પહોંચ્યા જે ખયબરથી નજીક છે તો હુઝૂર ﷺ એ અસ્રની નમાઝ પઢી પછી તોશો (ભાથુ) મંગાવ્યો. કેવળ સત્તૂ લાવવામાં આવ્યા[2] પછી આપના હુકમથી પલાળવામાં આવ્યા. હુઝૂર ﷺ એ પણ ખાધા અને અમે પણ ખાધા[3]. પછી મગરિબની નમાઝ માટે ઉભા થયા તો આપે પણ કુલ્લી કરી લીધી અને અમે પણ કરી લીધી પછી નમાઝ પઢી અને વુઝૂ ન કર્યું[૪] (બુખારી શરીફ)

(બીજો વિભાગ) હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, વુઝૂ નથી વાજિબ થતુ પણ અવાજ અથવા ગંધથી[5]. (અહમદ, તિર્મિઝી)

હઝરત અલી رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે નબી કરીમ ﷺ ને 'મઝી'ના વિશે પૂછવામાં આવ્યું તો ફર્માવ્યું કે 'મઝી'થી વુઝૂ (વાજિબ) છે અને મની (વિર્ય)થી ગુસ્લ (વાજિબ છે). (તિર્મિઝી)

એમનાથી જ રિવાયત છે. રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે નમાઝની ચાવી પાકી છે અને એનો એહરામ તકબીર અને તેનું ખુલવું સલામ છે[7]. એને અબૂ દાઊદ, તિર્મિઝી અને દારમીએ રિવાયત કરી અને ઈબ્ને માજહએ પણ એમનાથી તેમજ અબૂ દાઊદ રિવાયત કરી.

હઝરત અલી ઈબ્ને તલક્થી[8] રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે જ્યારે તમારામાંથી કોઈ અવાજ વિના હવા કાઢે તો વુઝૂ કરે અને સ્ત્રીઓના મળદ્વારેથી ન જાવ કે એ ગંદકી (પલીદી)ની જગા છે[9]. (તિર્મિઝી, અબૂ દાઊદ)

**-:: સ....મ....જૂ....તી.... ::-**

આપ અન્સારી છે. જંગે ઓહદ તથા બયઅતે રિદ્‌વાન વગેરે ગઝવાતમાં શરીક રહ્યા. મદીનાવાસીઓમાંથી છે.

**૨.** આ છે કૌનેનના સુલ્તાન (ﷺ)નું ગઝવાત (જંગો)માં ખાવા તથા શાહી રાશન ! જેમનું નામ લેનારાઓ આજે દુનિયાભરની નેઅમતો ઝાપટી રહ્યા છે ! જુઓ ખયબરની જંગ છે અને મુજાહિદો બલ્કે ખૂદ હુઝૂર સૈયદુલ મુરસલીન ﷺ નું ખાણુ 'સત્તુ' છે.

**૩.** એ જમાનામાં સત્તૂ ઉકાળીને પીવાનો રિવાજ ન હતો તેમજ એ સમયે ખાંડ કે ગોળ મૌજૂદ નહીં હોય જેથી કેવળ પાણીમાં બોળી લેતા જેથી ગળેથી ઉતરવું આસાન થઈ જાય.

**૪.** એટલે કે કેવળ કુલ્લી (કોગળા) પર સંતોષ જાણ્યો, જો કે સત્તુ આગમાં શેકવામાં આવે છે. આ હદીષ ખાવાના વુઝૂની તફસીરમાં છે.

**૫.** આ શરત હવા નીકળવાના લેહાઝથી છે. એટલે કે જ્યાં સુધી હવા નીકળવાનું યકીન ન હોય ત્યાં સુધી વુઝૂ નથી જતુ, એ મતલબ નથી કે હવા સિવાય કોઈ અન્ય ચીજથી વુઝૂ નથી જતુ ?!

**૬.** હઝરત અલી મુર્તઝા رضی اللہ عنہ નો આ સવાલ હઝરત મિક્દાદના થકી હતો, ડાયરેક્ટ ન હતો, જેવું કે અગાઉ વર્ણન થઈ ચૂક્યું. જેથી હદીષોમાં ટકરાવ નથી. વિર્ય તથા મઝીમાં ફરક એ છે કે વિર્ય વાસના તોડી નાખે છે અને મઝી વધારી આપે છે. તેમજ વિર્ય

દૂધની જેમ સફેદ તથા ગાઢ ચીકાશવાળુ હોય છે અને મઝી પેશાબની જેમ પણ ચીકણી હોય છે.

૭. કે જેવી રીતે ચાવી વગર તાળુ નથી ખુલતુ એવી જ રીતે વુઝૂ, ગુસ્લ તથા તયમ્મુમ વિના નમાઝ શરૂ નથી થઈ શકતી. આ હદીષ ઈમામે આ'ઝમ رضی اللہ عنہની દલીલ છે કે જે વુઝૂ તથા તયમ્મુમ ન કરી શકે તે નમાઝ ન પઢે.

૮. એટલે કે હજ્જનો એહરામ તલબિયાથી બંધાય છે કે તલબિયા કહેતાં જ હાજી પર સેંકડો ચીજો હરામ થઈ જાય છે, એ જ પ્રમાણે નમાઝનો એહરામ તકબીરથી બંધાય છે કે તકબીર કહેતાં જ સલામ કલામ, ખાવુ પીવું સૌ હરામ થઈ જાય છે. તેમજ જેવી રીતે હજ્જનો એહરામ ખુલવુ માથુ મૂડાવવું છે એવી જ રીતે નમાઝનો એહરામ સલામ થકી ખુલે છે કે સલામ ફેરવતાં જ ઉપરોક્ત સર્વ ચીજો હલાલ થઈ જાય છે. યાદ રાખશો કે તકબીરે તહરીમા સૌની નજીક ફર્ઝ છે પણ સલામ ઈમામ શાફઈ તથા માલિક તથા અહમદ رضوان اللہ تعالیٰ علیہم اجمعینની નજીક ફર્ઝ અને આપણા ઈમામ ઈમામે આ'ઝમ رحمۃ اللہ علیہની નજીક વાજિબ છે. અને બુઝુર્ગોની દલીલ આ જ હદીષ છે. ઈમામે આ'ઝમ رحمۃ اللہ علیہની હદીષ એ અઅરાબીની દલીલ છે જેમને હુઝૂર صلی اللہ علیہ وسلمએ નમાઝની તાલીમ આપી એમાં સલામનો ઉલ્લેખ નથી. જો સલામ ફર્ઝ હોત તો જરૂર વર્ણન કરવામાં આવત. આ હદીષના આધાર પર આપણે સલામની ફર્ઝિયતનો નકાર કરીએ છીએ. આ હદીષના આધાર પર આપણે એના વાજિબ હોવાને સ્વીકારીએ છીએ. આપણો અમલ બંનેવ હદીષો પર છે. તકબીર તથા સલામના સંપૂર્ણ મસાઈલ ફિક્હની કિતાબોમાં જુઓ.

૯. આપ હનફી યમામી છે. આપના થકી ઈબ્ને સલામે રિવાયત લીધી. અમુકે ફર્માવ્યું કે આપનું નામ તલક્ ઈબ્ને અલી છે અને આપના થકી એક આ જ હદીષ રિવાયત પામેલી છે.

૧૦. કે એ પલીદી (ગંદકી)ની જગા છે ન કે ઔલાદ થવાનું સ્થાન. યાદ રાખશો કે સ્ત્રીઓના પાછળના ભાગે સંભોગ **કૃતઈ હરામ** છે, જેનો ઈન્કાર કરનાર **કાફિર** છે. પણ આ કૃતઈ હુર્મત કૃતઈ કૃયાસથી સાબિત છે ન કે આ હદીષોથી, કેમ કે આ હદીષ ઝન્ની છે.

પેજ નં. ૩૫ નું ચાલુ...

તથા સમય જાણવાની કોશિશ કરો. એટલા માટે કે મૃત્યુ પામેલાંની રૂહો ઉર્સના દિવસોમાં એ સમયે દર વર્ષે આવે છે. જેથી ખવડાવવું તથા પીવડાવવું એ સમયે (વધુ) યોગ્ય છે. પછી જ્યારે એ ખાવા તથા પીવાની ચીજો જુએ છે તો ખુશ થાય છે અને દુઆ કરે છે, નહીં તો બદદુઆ કરે છે.''

બેહતર તો એ છે કે જે તારીખ તથા ઈન્તેકાલનો સમય માલૂમ હોય બરાબર એ જ તારીખ તથા સમયે ઉર્સના દિવસે શક્તિ પ્રમાણે ખાવા અથવા શીરીની પર ફાતિહા અપાવવામાં આવે અને જે સમય તથા દિવસ તથા રાત માલૂમ ન હોય તો દિવસના ઈન્તેકાલની ફાતિહા દિવસમાં કરે અને રાતમાં પણ કાંઈક કરે. દિવસ તથા રાતની પણ ખબર ન હોય તો એ મહિનામાં કરે. જો મહિનો પણ જાણમાં ન હોય તો વરસમાં ખાસ કરીને લૈલતુર્રગાઈબ અથવા એના દિવસમાં કરે. પ્રથમ જુમેરાતે માહે રજબની રાતને લયલતુર્રગાઈબ કહે છે. જે પ્રમાણે શક્તિ હોય અને કોઈ તકલીફ ન હોય એ રીતે સર્વ અંબિયા તથા અવલિયા તથા પીરો, મશાઈખ તથા પોતાના મુર્શિદોની રૂહોના વાસ્તે ખાવા અથવા શીરીની પર ફાતિહા અપાવે તેની બરકતથી ફતહો તથા બંને જહાનની નેઅમતો પ્રાપ્ત થશે અને ઉમર તથા માલમાં મહાન ફાયદાઓ થાય અને મુરાદો પૂરી થશે, મખ્લૂકનો મોહતાજ ન થશે, ઈજ્જત તથા દૌલત નસીબ થશે, અને આખેરત સુધરી જશે. અને આ કામના સબબે દિન પ્રતિ દિન બંને જહાનની ખુશ બખ્તીઓ તથા ભલાઈઓ હાંસલ થશે. *(આદાબુત્તાલિબીન)*

# હદાઈકે બખ્શિશ

અઝ
આ'લા હઝરત ઈમામ અહમદ રઝા
મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ

અનુવાદક તથા રૂપાંતરકર્તા
મૌલાના સાદિક સાબરી દહેગામી

**યાદે વતન સિતમ કિયા દશ્તે હરમ સે લાઈ ક્યૂં**
**બૈઠે બિઠાએ બદ્નસીબ સર પે બલા ઉઠાઈ ક્યૂં**
*(યાદે વતન = વતનની યાદ, દશ્તે હરમ = મદીના શરીફનું જંગલ)*

**અર્થ :** વતનની યાદે સિતમ કર્યો કે તે હરમે રસૂલ علیہ الصلوٰۃ والسلام મદીના શરીફથી પાછી લઈ આવી તેં લેવા દેવા વગર (નિરર્થક રીતે) હે કમનસીબ ! મદીનાથી જુદા પાડવાની બલા કેમ લીધી ?

**દિલમેં તો ચોટ થી દબી હાય ગઝબ ઉભર ગઈ**
**પૂછો તો આહે સર્દ સે ઠંડી હવા ચલાઈ ક્યૂં**
*(ચોટ = દર્દ, દબી = છુપાયેલી, ઉભર ગઈ = ઉભરાઈ, આહે સર્દ = ઠંડી શ્વાસ)*

**અર્થ :** મારા દિલમાં ઈશ્કે રસૂલનું દર્દ છુપાયેલુ હતું પરંતુ અજબ થયું કે કોઈએ મદીનાની જુદાઈમાં ઠંડી શ્વાસ લીધી અને છુપાયેલ દર્દ ઉભરાઈ ગયું.

**છોળકે ઉસ હરમ કો આપ બનમેં ઠગોં કે આ બસો**
**ફિર કહો સર પે ધર કે હાથ લૂટ ગઈ સબ કમાઈ ક્યૂં**
*(બન = વન, ઠગો = ગઠીયાઓ, આ બસો = વસી જાવ, સર પે ધર કે હાથ = માથા પર હાથ મૂકીને, લૂટ = લૂટાઈ ગઈ, કમાઈ = કમાણી)*

**અર્થ :** તમે પોતે જ મદીનાની બહારોને છોડી ઠગોના જંગલમાં વસી ગયા અને હવે માથે હાથ મૂકીને કહો છો કે બધી કમાણી લૂટાઈ ગઈ ?!

**બાગે અરબ કા સર્વે નાઝ દેખ લિયા હૈ વરના આજ**
**કુમરીયે જાને ગમઝદહ ગુંજ કે ચેહચહાઈ ક્યૂં**
*(સર્વેનાઝ = ખૂબ સરસ છોડવો, કુમરી = એક પક્ષી, જાને ગમઝદહ = દુઃખી જાન, ગુંજ કે = ગુંજીને, ચેહચહાઈ = ખુશીમાં બોલવું)*

**અર્થ :** એવું લાગે છે કે આશિક (કુમરી)એ અરબના દુલ્હાનો દીદાર કરી લીધો છે નહીં તો દુઃખી જાનનું પક્ષી આજે ખુશીમાં કેમ ગાઈ રહ્યું છે.

**નામે મદીના લે દિયા ચલને લગી નસીમે ખુલ્દ**
**સોઝિશે ગમ કો હમને ભી કૈસી હવા બતાઈ ક્યૂં**
*(લે દિયા = લઈ લીધું, નસીમે ખુલ્દ = જન્નતની હવા, સોઝિશે ગમ = ગમની બળતરા, જલન)*

**અર્થ :** જન્નતની મીઠી મીઠી હવા એટલા માટે ચાલવા લાગી છે કે અમોએ મદીના શરીફનું નામ લઈ લીધું છે, ગમે મુસ્તફાની જલનને અમોએ એવી હવાની ખબર કેમ આપી કે હવે તે જલન ખતમ થઈ જશે. જો કે જુદાઈના ગમની જલનમાં જે સ્વાદ છે તે જન્નતની ઠંડી હવામાં ક્યાં છે !

**કિસ નિગાહ કી હયા ફિરતી હૈ મેરી આંખોં મેં**
**નરગિસે મસ્ત નાઝને મુઝસે નઝર ચુરાઈ ક્યૂં**

*(હયા = શરમ, નરગિસ = આંખ જેવું ફૂલ, મસ્તનાઝ = મસ્તીથી નાઝ કરનાર, નઝર ચુરાઈ = આંખો ફેરવી લીધી)*

**અર્થ** : મારી આંખોમાં પ્યારા હબીબ ﷺની નિગાહોની હયા ફરી રહી છે જેથી નરગિસે મસ્તનાઝ જેને પોતાની નિગાહ પર ગર્વ છે તે મારી સામે શરમાઈને આંખો ફેરવી લે છે.

**તૂને તો કર દિયા તબીબ આતિશે સીના કા ઈલાજ**
**આજ કે દુદે આહમેં બુએ કબાબ આઈ ક્યૂં**

*(આતિશે સીના = સીનાની જલન, દુદે આહ = આહનો ધુમાડો, બૂએ ક઼બાબ = ગોશતના બળવાની ગંધ)*

**અર્થ** : હે તબીબ ! ડોકટર તમોએ તો સીનાની જલનનો ઈલાજ કરી દીધો હતો પરંતુ આજે મેં મદીનાની જુદાઈમાં આહ ભરી તો કબાબની ગંધ કેમ આવી.

**ફિક્રે મઆશ બદ બલા હોલે મિઆદ જાં ગઝા**
**લાખોં બલામેં ફંસને કો રૂહ બદનમેં આઈ ક્યૂં**

*(ફિક્રે મઆશ = રોજીની ફિકર, બદ બલા = બુરી મુસીબત, હોલે મિઆદ = ક઼યામતની ગભરામણ, જાંગઝા = જાનને ઘટાડનાર)*

**અર્થ** : દુનિયામાં રોજીની ફિકરની બલા માથા પર અને ઉપરથી ક઼યામતની ભયાનક્તાઓ જાન ઘટાડનારી છે, લાખો મુસીબતોમાં ફસાવવા રૂહ શરીરમાં કેમ આવી !

**હો ન હો આજ કુછ મેરા ઝિક્ર હુઝૂરમેં હુવા**
**વરના મેરી તરફ ખુશી દેખકર મુસ્કુરાઈ ક્યૂં**

**અર્થ** : જરૂર આજે મારું ઝિક્ર હુઝૂર ﷺની બારગાહમાં થયું છે એટલે ખુશી મારી તરફ જોઈને હસે છે.

**હૂરે જિના સિતમ કિયા તૈયબા નઝરમેં ફિર ગયા**
**છેળકે પરદએ હિજાઝ દેસ કી ચીઝ ગાઈ ક્યૂં**

*(હૂરે જિના = જન્નતનોની હૂર, નઝરમેં ફિર ગયા = નઝરથી ગાઈબ થઈ ગયું, પરદએ હિજાઝ = અરબનો રાગ, દેસ = દેશ, મુલ્ક)*

**અર્થ** : હે જન્નતની હૂર ! તેં સિતમ કર્યો કે રાગ તો હિજાઝી છેડયો જેના કારણે મારી આંખોમાં મદીના શરીફના નઝારા ઘુમવા લાગ્યા પરંતુ ગીત તેં દેશી ગાયું જેનાથી મારા દિલને દર્દ થયું.

**ગફલતે શૈખો શાબ પર હંસતે હૈં તિફ્લે શીરખ્વાર**
**કરને કો ગુદગુદી અબષ આને લગી બહાઈ ક્યૂં**

*(શૈખો શાબ = વૃદ્ધ તથા યુવાન, તિફ્લ = બાળક, શીરખ્વાર = દૂધ પીતુ, ગુદગુદી = ખુજલી, અબષ = બેકાર, બહાઈ = બાળકોને ઊંઘમાં હંસાવનારી રૂહ)*

**અર્થ** : આજના વૃદ્ધો અને યુવાનોની ગફલત જોઈને દૂધ પીતા બાળકો હસે છે, બેકારમાં બાળકોને ગુદગુદી કરવા બહાઈ કેમ આવી ગઈ ?

**અર્ઝ કરું હુઝૂર સે દિલ કી તો મેરે ખૈર હૈ**
**પિટતી સરકો આરઝૂ દશ્તે હરમ સે આઈ ક્યૂં**

*(અર્ઝ = અરજ, ખૈર = ભલાઈ, પિટતી = રડતી પિટતી, આરઝૂ = તમન્ના, દશ્તે હરમ = મદીનાનું જંગલ)*

**અર્થ** : હુઝૂરે પાક علیہ الصلوٰۃ والسلامની બારગાહમાં અરજ કરું કે મારા દિલની વધુ પેજ નં. ૧૯....પર

# દરેક મુસ્લિમે જાણવો જરૂરી ઈલ્મ
# કાનૂને શરીઅત

**લેખક : અલ્લામા શમ્સુદ્દીન જોનપૂરી** رحمۃ اللہ علیہ

**અનુવાદક : જનાબ હાફેઝ મૂસા ઝંઘારવી**

## જનાઝો લઈ ચાલવાનું બયાન

મસ્અલો : જનાઝાને ખભો (કાંધો) આપવું ઈબાદત છે. દરેક વ્યક્તિએ જોઈએ કે તે ઈબાદતમાં આળસ ન કરે. હુઝૂર સરવરે કાઈનાત, સરદારે આલમીન ﷺએ હઝરત સઆદ બિન મઆઝ رضی اللہ عنہનો જનાઝો ઉઠાવ્યો હતો. *(જૌહરા, બહાર)*

મસ્અલો : **સુન્નત એ છે કે એક પછી એક ચારેય પાયાઓને કાંધો આપે (ચારેય ખૂણેથી જનાઝાને ઊંચકે) દર વેળા દસ ડગલાં ચાલે. અને પૂર્ણ સુન્નત તરીક઼ો એ છે કે પ્રથમ જમણી બાજુ કાંધો દે પછી જમણા પગ તરફ પછી ડાબી બાજુ માથા તરફ પછી ડાબી બાજુ પગ તરફ કાંધો આપવો, દરેક વખતે દસ દસ ક઼દમ ચાલે કે કુલ ચાલીસ ક઼દમ થયા.** હદીષ શરીફમાં છે કે **જે ચાલીસ ક઼દમ જનાઝાને લઈને ચાલશે અલ્લાહ તઆલા તેના ચાલીસ કબીરા ગુનાહ માફ કરી દેશે. અને જે જનાઝાના ચારેય પાયાઓ (ખૂણા)એ કાંધો આપશે અલ્લાહ તઆલા તેની ચોક્કસ મગફેરત (બખ્શિશ) કરી દેશે.** *(જૌહરા, આલમગીરી, દુર્રે મુખ્તાર)*

મસ્અલો : જનાઝો લઈ ચાલવામાં જનાઝાને હાથથી પકડી ખભા ઉપર રાખવો. **સામાનની જેમ પીઠ કે ગરદન ઉપર લાદવું મકરૂહ છે.** ચારપગાં જાનવરો ઉપર જનાઝો મૂકી ચાલવું પણ મકરૂહ છે.

**મકરૂહ** : નાના બાળકને જો એક માણસ હાથ ઉપર ઉઠાવી ચાલે તો તેમાં કોઈ વાંધો નથી. લોકો હાથોહાથ એક પછી એક લેતા રહે.

મસ્અલો : જનાઝાને દરમ્યાની ચાલથી લઈ ચાલતા રહેવું પરંતું એ રીતે નહીં કે મૈયતને ઝાટકા લાગે. *(મજમઉન્નહર દુર્રે મુખ્તાર, કાઝીખાન, હિદાયા, વકાયા, આલમગીરી, ફત્હુલ ક઼દીર)*

મસ્અલો : જનાઝા સાથે પગપાળા ચાલવું અફઝલ છે. અને જો સવારી હોય તો આગળ રહેવું મકરૂહ છે. અને જો આગળ રહો તો જનાઝાથી દૂર રહો. *(આલમગીરી, સગીરી)*

મસ્અલો : જનાઝો લઈ ચાલવામાં સિરહાનુ (માથા તરફનો ભાગ) આગળ હોવું જોઈએ. *(આલમગીરી, બહરુર્રાઈક)*

મસ્અલો : જનાઝા સાથે આગ લઈ જવી મના છે. *(આલમગીરી, બહરૂ)*

મસ્અલો : મૈયત જો પડોશી કે સ્નેહીનું હોય કે કોઈ નેક માણસનું હોય તો તેના જનાઝા સાથે જવું નફિલ નમાઝ પઢવાથી શ્રેષ્ઠ છે. *(આલમગીરી, બહરૂ)*

મસ્અલો : જે માણસ જનાઝા સાથે હોય તેણે જનાઝાની નમાઝ પઢયા વિના પરત થવું ન જોઈએ અને તે નમાઝ પછી મૈયતના વાલી વારસથી રજા લઈ પરત થઈ શકે છે, પરંતું દફન કર્યા પછી રજા લેવાની જરૂરત નથી. *(આલમગીરી)*

મસ્અલો : જનાઝા સાથે ચાલનારાઓએ દુનિયાની વાતો કરવી, હસવું મના છે. *(દુર્રે મુખ્તાર)*

## જનાઝાની નમાઝનું બયાન

જનાઝાની નમાઝ **ફર્ઝે કિફાયા** છે. એટલે જો એક માણસે પણ પઢી લીધી તો સૌના માથેથી જવાબદારી ઉતરી ગઈ, નહીં તો જેને જેને ખબર મળી હતી અને પઢી નહીં તો તે બધાય ગુનેહગાર થયા. એનું ફર્ઝ હોવાનો નકાર કરનાર **કાફિર** થઈ જશે.

મસ્અલો : એના માટે જમાઅત ફર્ઝ નથી. એક

માણસ પણ પઢી લેશે તો ફર્ઝ અદા થઈ જશે. *(આલમગીરી)*

જનાઝાની નમાઝની રીત એ છે કે, પ્રથમ જનાઝાની નમાઝની આ રીતે નિય્યત કરવી. "નિય્યત કરું છું હું નમાઝની અલ્લાહના વાસ્તે, અને દુઆ મૈયતના માટે, અલ્લાહુ અકબર. "અલ્લાહુ અકબર કહેતાં હાથ ઉઠાવી કાનો સુધી લઈ જઈ દૂંટીની નીચે બાંધી લેવા અને પછી 'ષના' એટલે કે :–

سُبْحَانَكَ اللّٰهُمّ وَبِحَمْدِكَ وَ تَبَارَكَ اسْمُكَ وَ تَعَالٰى جَدُّكَ وَلَا اِلٰهَ غَيْرُكَ۔

પઢવું. પછી હાથ ઉઠાવ્યા વિના 'અલ્લાહુ અકબર' કહેવું. અને દુરૂદ શરીફ પઢવામાં આવે તો પણ વાંધો નથી. ફરી અલ્લાહુ અકબર કહી પોતાના અને મૈયતને માટે તેમજ સૌ મોમિન મુસલમાન મર્દ ઔરતો માટે આ દુઆ પઢવી :–

اَللّٰهُمَّ اغْفِرْلِحَيِّنَا وَمَيِّتِنَا وَشَاهِدِنَا وَ غَائِبِنَا وَ صَغِيْرِنَا وَ كَبِيْرِنَا وَذَكَرِنَا وَ اُنْثَانَا۔ اَللّٰهُمَّ مَنْ اَحْيَيْتَهٗ مِنَّا فَاَحْيِهٖ عَلَى الْاِسْلَامِ۔ وَمَنْ تَوَفَّيْتَهٗ مِنَّا فَتَوَفَّهٗ عَلَى الْاِيْمَانِ۔

પછી ફરી "અલ્લાહુ અકબર કહી સલામ ફેરવી દેવી.

__મસ્અલો__ : જેને ઉપરોક્ત દુઆ યાદ ન હોય તે કોઈપણ દુઆએ માષૂરા પઢી શકે છે, જેમ કે :–

اَللّٰهُمَّ اغْفِرْلِىْ وَلِوَالِدَىَّ وَلِمَنْ تَوَالَدَ وَلِجَمِيْعِ الْمُؤْمِنِيْنَ وَالْمُؤْمِنَاتِ وَالْمُسْلِمِيْنَ وَ الْمُسْلِمَاتِ اَلْ اَحْيَاءِ مِنْهُمْ وَالْ اَمْوَاتِ اِنَّكَ مُجِيْبُ الدَّعْوَاتِ بِرَحْمَتِكَ يَا اَرْحَمَ الرَّاحِمِيْن۔

__મસ્અલો__ : જનાઝાની નમાઝની ચાર તકબીરોમાં ફક્ત પહેલી જ તકબીર વેળા હાથ ઉઠાવવા બાકીનીમાં નહીં. અને ચોથી તકબીર કહેતાં જ કાંઈ પણ પઢયા વિના હાથ ખોલી સલામ ફેરવી આપવી.

__મસ્અલો__ : મૈયતના બાલિગ છોકરા કે પાગલનું હોય તો ત્રીજી તકબીર પછી આ દુઆ પઢવી :

اَللّٰهُمَّ اجْعَلْهُ لَنَا فَرَطًا وَ اجْعَلْهُ لَنَا اَجْرًا وَاجْعَلْهُ لَنَا شَافِعًا وَّ مُشَفَّعًا۔

જો છોકરી હોય તો اجْعَلْهُ **જઅલ્હુ**ની જગ્યાએ اجْعَلْهَا **જઅલ્હા** અને شَافِعًا وَّ مُشَفَّعًا **શાફેઅંવ્ વ મુશફ્ફઆ**ની જગ્યાએ شَافِعَةً وَّ مُشَفَّعَةً **શાફેઅતંવ વ મુશફ્ફઅહ્** કહેવું.

પાગલથી એવો મતલબ છે કે જે બાલિગ થતા પહેલાંથી જ પાગલ બની ગયો. *(ગુનિયા, બહાર)*

__મસ્અલો__ : સલામમાં મૈયત, ફરિશ્તા અને હાજર રહેલાં મુસલમાનોની નિય્યત કરવી. *(દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહતાર)*

__મસ્અલો__ : તકબીર અને સલામને ઈમામ અવાજથી પઢે બાકીની બધીય ચીજો ધીમેથી પઢવી.

__મસ્અલો__ : જનાઝાની નમાઝમાં **બે ફર્ઝો** છે : ૧. ચાર તકબીરો ૨. કયામ એટલે ઉભા ઉભા નમાઝ પઢવી અને સુન્નતે **મુઅક્કદા ત્રણ** છે : **૧.** અલ્લાહ તઆલાની ષના (વખાણ) **૨.** દુરૂદ શરીફ **૩.** મૈયત માટે દુઆ.

__મસ્અલો__ : જનાઝાની નમાઝમાં કયામ ફર્ઝ છે. માટે જો ખાસ મજબૂરી વિના બેસીને કે સવારી ઉપર જનાઝાની નમાઝ પઢી તો ન થઈ અને જો વાલી બીમાર હતો અથવા ઈમામ બીમાર હતો અને તે કારણે તેણે બેસીને પઢી, પરંતુ મુક્તદીઓએ ઉભા ઉભા પઢી તો થઈ ગઈ. *(દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહતાર)*

__મસ્અલો__ : જેની અમુક તકબીરો છૂટી ગઈ તે પોતાની છૂટેલી તકબીરો ઈમામ સલામ ફેરવે ત્યારબાદ કહી લે, અને જો એવો ડર હોય કે દુઆઓ પઢવા રહીશ તો લોકો મૈયતને ઉઠાવી કાંધો પણ આપી દેશે તો ફક્ત તકબીરો કહી લે, દુઆઓ ન પઢે. *(દુર્રે મુખ્તાર)*

__મસ્અલો__ : જે માણસ ચોથી તકબીર વેળા આવ્યો ને ઈમામે સલામ ન ફેરવી હોય તો સાથે દાખલ થઈ

જાય અને જ્યારે ઈમામ સલામ ફેરવે ત્યારે છૂટેલી તકબીરો માટે અલ્લાહુ અકબર કહી લે. *(દુર્રે મુખ્તાર)*

**મસ્અલો** : જે બાબતોથી બીજી નમાઝો તૂટી જાય છે તે બાબતોથી જનાઝાથી નમાઝ પણ તૂટી જાય છે, સિવાય એક બાબત કે જો સ્ત્રી પુરૂષ સાથે ઉભી થઈ જાય તો જનાઝાની નમાઝ તૂટશે નહીં. *(આલમગીરી)*

**મસ્અલો** : જનાઝાની નમાઝની તેજ શરતો છે જે બીજી નમાઝોની છે. એટલે કે **૧.** પાકી (નમાઝીના શરીર કપડાં અને જગ્યા પાક હોવાં જોઈએ, નમાઝીએ બાવુઝૂ હોવું જોઈએ) **૨.** સતરે ઔરત **૩.** કિબ્લા તરફ મોં **૪.** નિય્યત. અલ્બત્ત આ નમાઝ માટે કોઈ સમય નક્કી નથી અને તકબીરે તહરીમા આ નમાઝમાં રૂકન (ફર્ઝ) છે શરત નથી. *(રદ્દુલ મુહતાર)* અને મૈયત માટે એ શર્ત છે કે તેને ગુસલ આપેલું જોઈએ અને જો ગુસલ આપવું શક્ય ન હોય તો તયમ્મુમ કરાવેલું હોવું જોઈશું. વળી મૈયતને કફન પાક પહેરાવેલું હોવું જોઈએ. પછી ભલે તે પાછળથી નાપાક થઈ ગયું હોય. વળી જનાઝો સામે હોવો જોઈએ તેમજ જનાઝો જમીન ઉપર મૂકેલો હોવો જોઈએ જનાઝો જાનવર વગેરે ઉપર લાદેલો (મૂકેલો) ન હોય, નહીં તો નમાઝ થશે નહીં.

**મસ્અલો** : દરેક મુસલમાનની નમાઝ પઢવામાં આવે, પછી ભલે તે ગમે તેવો ગુનેહગાર કે મહાપાપોમાં સપડાયેલો કેમ ન હોય, એ સિવાય કે આ અમુક પ્રકારના ગુનાહોમાંથી ન હોય જેમ કે : **(૧)** બાગી (વિદ્રોહી) કે સત્યના ઉપર હોય તેવા ખલીફા કે અમીરૂલ મોઅમિનીન કે ઈમામની વિરૂદ્ધમાં લડવા નીકળ્યો હોય અને તે લડાઈમાં જ તેનું મૃત્યુ થયું. **(૨)** ડાકૂ કે જે ડાકાઝની, લૂંટમાર કરતાં ઝપાઝપીમાં મૃત્યુ પામ્યો, તો ન એને ગુસલ આપવામાં આવે અને ન તો તેની જનાઝાની નમાઝ પઢવામાં આવે. **(૩)** જેણે કેટલાય માણસોને ગળુ દબાવી મારી નાખ્યા. **(૪)** જેણે પોતાના માબાપને મારી નાખ્યા તેમની પણ નમાઝ નથી. *(આલમગીરી, દુર્રે મુખ્તાર, બહાર)*

**મસ્અલો** : જનાઝાની નમાઝમાં ઈમામતનો હક્કદાર ઈસ્લામી બાદશાહ છે, પછી કાઝી ન્યાયાધીશ, પછી જુમ્આની નમાઝના ઈમામ પછી મહોલ્લા સ્ટ્રીટના મસ્જિદના ઈમામ પછી વલીનો હક્ક છે. મહોલ્લાની મસ્જિદનો ઈમામ વાલી કરતાં શ્રેષ્ઠ હક્ક ધરાવે છે એ મુસ્તહબ છે પરંતુ એ ત્યારે છે કે ઈમામ વાલી કરતાં ઈમામતની લાયકાતમાં શ્રેષ્ઠ હોય, નહીં તો વાલી અફઝલ ગણાશે. *(ગુનિયા, દુર્રે મુખ્તાર)*

**મસ્અલો** : વલીથી અહીં મતલબ મૈયતના સૌથી નજીકના કુટુંબી છે જે બાપ તરફથી લોહીની સગાઈમાં હોય. નમાઝ પઢાવવામાં વલીઓની તે જ તરતીબ (ક્રમ) છે જે નિકાહમાં છે, ફક્ત તફાવત એટલો છે કે નમાઝે જનાઝા પઢાવવામાં મૈયતના બાપને તેના બેટા કરતાં વધુ પ્રથમ હક્ક છે જ્યારે નિકાહમાં બેટાને બાપ કરતાં વધુ હક્ક છે. પરંતુ હા જો બાપ આલિમ નથી અને બેટો આલિમ છે તો બેટાને હક્ક જનાઝામાં પણ વધારે છે. બાપ તરફની સગાઈના સૌથી નજીકના સગા ન હોય તો મા તરફના સગાં બહારના લોકો કરતાં ઠીક છે. *(પણ સૌમાં સુન્ની સહીહુલ અકીદા હોવું પ્રથમ જરૂરી છે, નહીં તો બદ્અકીદા તો કોઈ નમાઝમાં ઈમામ નથી થઈ શક્તો.* **–પ્રકાશક***)*

**મસ્અલો** : મૈયતનો સૌથી નજીકનો વલી હાજર નથી પરંતુ દૂરનો સગો હાજર છે તો જે હાજર હોય તે જ નમાઝ પઢાવે. હાજર નથી એનો મતલબ એ કે તે દૂર હોય કે તેના હાજર થવાની રાહ જોવામાં નુકસાન હોય. *(રદ્દુલ મુહતાર)*

**મસ્અલો** : ઔરતનો કોઈ વલી (વાલી) ન હોય તો તેનો ધણી નમાઝ પઢાવે અને તે પણ ન હોય તો પડોશી, એવી જ રીતે મર્દનો વાલી ન હોય તો તેનો

પડોશી બીજાઓથી વધુ હક્કદાર છે. *(દુર્રે મુખ્તાર, બહાર)*

**મસ્અલો** : ઔરતો અને બાળકોને જનાઝાની નમાઝની વિલાયત (વાલીપણુ) નથી. (અર્થાત તે ઈમામના હક્કદાર ગણાશે નહીં.)

**મસ્અલો** : બેહતર એ છે કે જનાઝાની નમાઝમાં ત્રણ સફો બનાવે. હદીષ શરીફમાં છે કે જેની નમાઝ ત્રણ સફોએ પઢી તેની બખ્શિશ થઈ જશે. અને જો કુલ્લે સાત જ માણસો હોય તો એક ઈમામ બને અને ત્રણ પહેલી સફમાં, બે બીજી સફમાં અને એક ત્રીજી સફમાં રહે. *(ગુનિયા, બહાર)*

**મસ્અલો** : મુસ્તહબ એ છે કે મૈયતના સીના (છાતી)ની સામે ઈમામ ઉભો રહે અને મૈયતથી દૂર ન હોય.

**મસ્અલો** : મસ્જિદમાં જનાઝાની નમાઝ તદ્દન મકરૂહે તહરીમી (હરામની નજદીક) છે. ભલે મૈયત મસ્જિદની અંદર હોય કે બહાર અથવા ભલે બધા નમાઝી મસ્જિદમાં ઉભા રહે કે થોડાક. *(દુર્રે મુખ્તાર)*

**મસ્અલો** : જુમ્આના દિવસે કોઈ મૃત્યુ પામ્યો તો જો બની શકે તો જુમ્આ પહેલાં જ તેની કફન દફન વિધિ કરી લે, એવા વિચારથી મોડું કરવું કે જુમ્આ બાદ લોકોની મેદની વધુ થશે તો એ મકરૂહ છે. *(રદ્દુલ મુહતાર)*

**મસ્અલો** : મૈયતને નમાઝ પઢયા વિના દફન કરી આપ્યું તો હવે તેની કબ્ર ઉપર નમાઝ પઢે, જ્યાં સુધી તે ફાટી ગયું હશે એમ ન લાગે અને જો હજુ માટી નથી નાખી દીધી તો બહાર કાઢવું અને નમાઝ પછી દફન કરવું. *(રદ્દુલ મુહતાર, દુર્રે મુખ્તાર)*

**મસ્અલો** : મુસલમાન મર્દનું બાળક કે મુસલમાન સ્ત્રીનું બાળક જીવતું પેદા થઈ પછી મરી ગયું તો એને ગુસલ અને કફન આપી નમાઝ પઢવામાં આવશે અને જો મુર્દા જ પેદા થયું તો એમ જ તેને પાણીથી નવડાવી નાખવું (ધોઈ નાખવું) અને પાક કપડું વીંટાળી તેને દફન કરી દેવું. એને માટે ન તો સુન્નત તરીકા મુજબનું ગુસલ છે કે કફન, અને ન તો નમાઝ છે.

**મસ્અલો** : જે બચ્ચુ માથા તરફથી પેદા થયું અને છાતી બહાર આવી ત્યાં સુધી જીવતું પેદા થઈ પછી મરી ગયું તો જીવતું ગણવામાં આવશે પરંતુ જો એટલું બહાર આવતાં પહેલાં મરી ગયું પછી ભલે અવાજ કર્યો હોય તો પણ મુર્દા પેદા થયેલું ગણાશે. *(રદ્દુલ મુહતાર, દુર્રે મુખ્તાર)*

**મસ્અલો** : બચ્ચુ ભલે જીવતુ પેદા થાય કે મુર્દા, પૂરુ બનેલુ હોય કે અધૂરું, દરેક હાલતમાં તેનું નામ રાખવામાં આવે, કયામતના દિવસે તેનો હશ્ર થશે. *(દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહતાર, બહાર)*

**મસ્અલો** : કાફિર ઔરતને મુસલમાન મર્દથી બાળક પેદા થયું અને તે કાફિર ઔરત તેના નિકાહમાં ન હતી અર્થાત તે ઝિનાથી થયું છે તો તેની નમાઝ પઢવામાં આવશે. *(રદ્દુલ મુહતાર)*

પેજ નં. **૧૫** નું ચાલુ...


તો ખૈર છે પણ આરઝૂ માથુ પછાડીને કહે છે કે તયબહની બહારોને છોડી કેમ પાછા આવી ગયા ?!

**હસ્રતે નૌકા સાનેહા સુનતે હી દિલ બિગળ ગયા**
**ઐસે મરીઝ કો 'રઝા' મર્ગે જવાં સુનાઈ ક્યૂં**

*(હસ્તરેનૌ = નવી હસ્રત, આરઝૂ, સાનેહા = બુરી ખબર, મરીઝ = બીમાર, મર્ગે જવાં = જવાન મૌત)*

**અર્થ** : મદીના શરીફની જુદાઈની ખબર સાંભળી એવું લાગ્યું જાણે જવાનની મૌતની ખબર સંભળાવી દીધી હોય, દિલ બેકાબૂ થઈ ગયું, નવા અરમાનોનું ખૂન થઈ ગયું, હે અહમદ રઝા ! તમોએ આવા ગંભીર બીમારને એટલી ભયાનક ખબર કેમ સંભળાવી ?!

(ક્રમશઃ)





# મુનાફિક્ત તે આનુ નામ ! નબી વલી માટે માનો તો શિર્ક ! દેવબંદી મોલ્વી માટે માનો તો ઈમાન ?!

## કોઈ હવાલો ખોટો સાબિત કરે તેને ૧ લાખ રૂા. ઈનામ !

*દેવબંદી ધર્મની પાયાની કિતાબ 'તક્વિયતુલ ઈમાન' જેને તેઓ જાણે કુર્આનના સ્થાને રાખે છે. તેમાં નબી વલી માટે ઈલ્મે ગયબ, હાઝિર નાઝિર માનવું, મદદ માંગવી–પુકારવું, મદદ કરવા તસર્રુફ (પહોંચ)નું માનવું, ઈખ્તિયાર હોવું.....વગેરે બાબતો* **અલ્લાહના અતા કરવાથી પણ** *માનવું* **શિર્ક** *દર્શાવ્યું છે. પણ એ જ શિર્કની માન્યતા જ્યારે પોતાના મોલ્વીની પ્રશંસામાં ગુણગાન લખવા બેસે છે ત્યારે પોતાના બુઝુર્ગની મહોબ્બતના નશામાં આ* **તૌહીદના ઠેકેદારો** *ભૂલી જાય છે ! તેમની* **દોરંગી પોલીસી***ની દાસ્તાન લોકો સમક્ષ જાહેર કરી તેમના ધોકાથી મુસ્લિમોને બચાવવા અત્રે આ પ્રકરણ શરૂ કર્યું છે જેનો અભ્યાસ કરો અને વહાબિયત દેવબંદિયતની અસલિયતને ઓળખો અને તેમની પાસે જવાબ માંગો ! (નોંધ : અહીં મોટાભાગની મેટર કિતાબ ઝલઝલા, લે. હઝરત અલ્લામા અર્શદુલ કાદરી رحمۃ اللہ علیہ, અનુવાદક : મર્હૂમ અબ્દુલગફ્ફાર ચોલા જામનગરીમાંથી છે.) –તંત્રી*

### ★ ખુદાઈ અધિકારનો ખુલ્લો દાવો ★

કિતાબ 'દર્સે હયાત'ના દેવબંદી લેખકે આગળ જતાં પોતાના નાના સાહેબનો એક વિચિત્ર કિસ્સો લખ્યો છે, જેમાં તેમના 'નાના'ને માટે ખુદાઈ અધિકારનો ખુલ્લો દાવો કરેલો છે ! દાવાનું હેડીંગ આ પ્રમાણે બાંધેલ છે, 'ઉલૂમે તકવીનીયાત' (ઈન્તેઝામાતે આલમ)ને મૌલાનાકા તઅલ્લૂક, હવે આશ્ચર્યના દરિયામાં ડૂબીને દા'વાના શબ્દો વાંચો :–

*જગતની વ્યવસ્થાની બાબતો સાથે મૌલાનાનો સંબંધ હતો. અને જગત વ્યવસ્થાના કર્મચારીઓનું મૌલાનાથી મળવું અને મશ્વરો કરવો અને તેમની સાથે ખૂબ જ સારા સંબંધો રાખવા વગેરે અવારનવાર જાહેર થતા રહેતા હતા. (દર્સે હયાત, પેજ–૮૫)*

શું સમજ્યા તમે ?! કહેવું એ ચાહતા હતા કે, નાના મિયાં કુદરતી વ્યવસ્થાના ઓફિસર ઈન્ચાર્જ હતા અને તેમની હેઠળના કર્મચારીઓ તેમની સલાહ પ્રમાણે દુનિયાની વ્યવસ્થાઓનું કાર્ય સંભાળતા હતા. આ બધું મારા તરફથી કહી રહ્યો નથી, બલ્કે કિતાબ 'દર્સે હયાત'ન લેખકનો એ દાવો છે, તેમણે લખ્યું છે કે :–

*અલ્લાહ તઆલા તરફથી દુન્યવી વ્યવસ્થા માટે કર્મચારીઓ નિયુક્ત છે. એ જ બધું કાર્ય કરે છે, તેમને આ ઈલ્મની પરિભાષામાં ખિદમત કરનારા સાહેબો કહેવાય છે. (દર્સે હયાત, પેજ–૮૯)*

આ સવાલ જે સામાન્ય રીતે કરવામાં આવે છે કે, શું ખુદા તમારી મદદ કરી શકતો નથી કે તમે અંબિયા અને અવલિયા પાસે હાથ ફેલાવો છો ? એ જો સાચુ છે તો અમને પૂછવા દો કે, દુનિયાની તમામ વ્યવસ્થા દેવબંદી બુઝુર્ગો કરે છે, અથવા તેમના મશ્વરાથી થાય છે તો પછી ખુદા શું કરે છે ?! અથવા તેમના મશ્વરાથી થાય છે તો પછી ખુદા શું કરે છે ?! શું તે એકલો દુનિયાની વ્યવસ્થા કરી શકતો નથી કે, તે ઈન્સાનોને જ્યાં ત્યાં કરીન્દા (કર્મચારી) નિયુક્ત ફર્માવે છે ?

વાતમાં વાત નીકળી ગઈ, નહિતર કહેવું એ છે કે, એક તરફ તેમના નાના મિયાંનો અધિકાર (તસર્રુફ) જુઓ અને બીજી તરફ તેમના ધર્મના બુનિયાદી પુસ્તક 'તક્વિયતુલ ઈમાન'નો આદેશ વાંચો એટલે તવહીદ પરસ્તી અને ખુદા પરસ્તીનો આખો ભરમ ખુલી જશે. લખ્યું છે કે :–

*અલ્લાહ તઆલાને દુનિયાના બાદશાહો જેવો સમજવો અને કલ્પવો ન જોઈએ, જેઓ મોટા મોટા કામો તો પોતે કરે છે અને નાના નાના કામો નોકર ચાકરોને સોંપી દે છે. લોકોએ પોતાના નાના નાના કામો માટે નોકરચાકરોની પાસે જઈને કરગરવું પડે છે. અલ્લાહને ત્યાનું તંત્ર આ પ્રમાણે ચાલતુ નથી. –(તક્વિયતુલ ઈમાન–ગુજરાતી, પ્રકાશન નંબર : ૯૬, પેજ : ૧૦૯, મૂળ લેખકઃ ઈસ્માઈલ દહેલ્વી, અનુવાદક : હસન ભડકોદ્રવી, પ્રકાશક : દારુલ ઉલૂમ કંથારીયા, તા. જિ. ભરૂચ)*

**અક્રીદા અને અમલનો આ વિરોધાભાસ જોઈ લો, બંને વચ્ચે પૂર્વ અને પશ્ચિમ જેટલો ફરક છે** ! જેની ચર્ચાની જરૂર જણાતી નથી. આ વિરોધાભાસ કેવી રીતે દૂર થાય તે તો સમજદારો જાણે ! અમારે તો અહીં એ કર્મચારીમાંના એક કર્મચારીની કહાણી સંભળાવવી છે જેને દર્સે હયાત પુસ્તકના લેખકે લખી છે એ વર્ગની સાથે નાના મિયાંનો સંબંધ ગાઢ હતો તે વાંચો :–

*મૌલાના અબ્દુર્રાફેઅ મર્હૂમ (લેખકના માસા)નું બયાન છે કે, મૌલાના (એટલે નાના મિયાં)ના ઘરનો સામાન હું જ લાવ્યા કરતો, ભાજી બકાલો મંગાવવું હોય તો મૌલાના એક ખાસ કુંજડાનું નામ દેતા કે, ત્યાંથી જ લાવજો, એ કુંજડાને ત્યાં સારું હોય કે ખરાબ, તેની પાસેથી જ લેવું. (દર્સે હયાત, પેજ–૮૬)*

હવે જોવાની વસ્તુ એ છે કે, એ કુંજડો (બકાલો વેચનાર) કોણ હતો અને તેમાં શું વિશિષ્ટતા હતી ? એ સંબંધે લખ્યું છે કે :–

*મૌલાના અબ્દુર્રાફેઅ સાહેબનું બયાન છે કે, મેં વિનંતી કરી કે, શહેર ગયા (બિહાર)ની વ્યવસ્થા આજકાલ બહુ જ ખરાબ છે, હમણાં આ શહેરના સાહિબે ખિદમત કોણ છે ? મૌલાના નારાજ થયા કે, આને એ જ બીમારી છે કે નકામી વાતો પૂછયા કરે છે ! 'પરંતું હું ખૂબ જ ચિડાએલો હતો, વારંવાર, એકની એક વાત પૂછતો રહ્યો કે, બતાવો ! છેવટે મજબૂર થઈને ફર્માવ્યું કે, એ જ કુંજડો છે જેને ત્યાંથી ભાજી તરકારી લાવવાને માટે તમને તાકીદ કરતો રહું છું, અને તમે હમેશાં તેના સંબંધે વારંવાર પૂછતા રહો છો. એ સાંભળીને હું આશ્ચર્ય પામ્યો, અલ્લાહો ગની ! એ કુંજડો ! આટલા મહાન દરજ્જાવાળો ?! (દર્સે હયાત, પેજ–૮૯)*

મારે ઉપરોક્ત બનાવ સંબંધે વિશેષ કંઈ જ કહેવાની જરૂર નથી કે, **દુનિયાની વ્યવસ્થા કરવાનો અધિકાર જ્યારે ખૂદ ખુદા માનવીઓમાંથી કેટલાક કારીન્દાઓ (કર્મચારીઓ)ને સુપુર્દ કરી દે છે તો હવે તેમને 'કારસાઝ' અને 'હાજતરવા' સમજવા પર શિર્કનો આરોપ શા માટે લગાડવામાં આવે છે** ? આ બગાવત નથી બલ્કે નિર્ભેળ વફાદારી છે કે, માલિક તરફથી નિયુક્ત થએલા કર્મચારીઓને તેમના અધિકારોની સાથે દરેક રીતે સ્વીકારવામાં આવે, કેમ કે જેમના હાથોમાં દુનિયાની વ્યવસ્થાની લગામ હોય છે, તેમની પાસે પોતાની જરૂરિયાતોને માટે હાજર થવું એ તો સમજી શકાય તેવી સામાન્ય વાત છે અને બુધ્ધિને પ્રકૃતિગમ્ય પણ છે.

ઉપરોક્ત બનાવમાં બુનિયાદી સિધ્ધાંતથી વિચલિત થવાની બાબત તેના સ્થાને છે, પરંતું સૌથી મોટામાં

મોટુ માતમ તો દિલમાં રહેલા એ કીનાનું છે તે એ કે, પોતાના નાના મિયાંના અધિકારને સાબિત કરવા માટે એક કુંજડા (ભાજી બકાલો વેચનાર)ને દુનિયાની વ્યવસ્થાના એક વડા તરીકે સ્વીકારવામાં આવ્યો, પરંતું હસ્નૈનના નાના જાન અલ્લાહના રસૂલ ﷺ સંબંધે અક઼ીદાની જે ભાષા ઉપયોગમાં લેવાઈ છે તેને જરા વાંચી લો.

## દેવબંદી મૌલ્વી ખૈરૂદ્દીનના પ્રસંગો

### ★ અવલાદની લાલચમાં શિર્કના અક઼ીદાથી સુલેહ ! ★

કિતાબ 'દર્સે હયાત'ના લેખકે પોતાના પિતાશ્રી સંબંધેનો એક બનાવ લખેલ છે, તેને વાંચો :–

*શરૂઆતમાં (પિતાજીની) કોઈ અવલાદ જીવતી રહેતી ન હતી, કેટલાયે બાળકો થયાં, પરંતું બધાં અલ્લાહને પ્યારાં થઈ ગયાં, ક઼િસ્મતની ખૂબીથી પંજાબના એક ઓળખીતા આલિમ જેઓ એક મોટા આમિલ પણ હતા, તેઓ 'ગયા' ખાતે પધાર્યા. મૌલાનાએ તેમને અવલાદ જીવંત નહીં રહેવાની વાત કહી, તો તેમણે સલાહ આપી કે, એક અમલ છે, તે કરો, અલ્લાહ ચાહશે તો નર અવલાદ થશે અને જીવતં પણ રહેશે. જ્યારે હમલને ચોથો મહીનો હોય તો હમલવાળીના પેટ પર (શાહી વગર) આંગળીથી 'મુહમ્મદ' લખી દો અને પોકારીને કહો કે, મૈં તારું નામ મુહમ્મદ રાખ્યું. અને જ્યારે બાળક પેદા થાય તો તેનું નામ મુહમ્મદ રાખો. આ પ્રમાણેનું અમલ કર્યા પછી જે પહેલી અવલાદ પેદા થઈ તે જીવંત રહી તે હું પોતે (કિતાબ 'દર્સે હયાત'નો લેખક) છું. (દર્સે હયાત, પેજ–૧૯૬)*

**ગેરહાજર (ગાયબ)ને સંબોધન અને નિદા કરવી દેવબંદી ધર્મમાં શિર્ક છે પરંતું અવલાદની લાલચમાં અહીં કંઈ જ નડતર પેશ આવી નહીં ! "મૈંને તેરા નામ મુહમ્મદ રખ્ખા"માં સંબોધન ગેરહાજરને કઈ રીતે દુરુસ્ત છે ? અને સૌથી મોટામાં મોટુ દુઃખ તો એ એહસાન ફ઼રામોશીનું છે કે, જે શ્રદ્ધાને કારણે જિંદગી જેવી શ્રેષ્ઠ નેઅમત મળી તેને જ શિર્ક સાબિત કરતાં નેઅમતની નાશુકીનો વિચાર એ શ્રીમાનોને લેશમાત્ર આવ્યો નહીં.**

આ બનાવ માથા પરથી વીતી ગયો છતાં તેમને એ મહેસૂસ ન થયું કે **જ્યારે મુહમ્મદ નામનો તસર્રુફ (અધિકાર) આવો જીવનબક્ષ સાબિત થયો તો એ મુહમ્મદ ﷺના પોતાના અધિકારો (તસર્રુફ઼ાત)નો કોણ અંદાજો લગાડી શકે છે ?!**

કોઈએ ઠીક જ કહ્યું છે કે, **દુનિયામાં ખૂનીઓની કમી નથી, પરંતું દેવબંદી ઉલ્મા પર તેમના ધાર્મિક સિદ્ધાંતોના ખૂનના આરોપો એ ઈતિહાસનું મોટામાં મોટું તોહમત છે !**

### ★ દેવબંદી મૌલ્વીના પિતાશ્રીની ગયબદાની ! ★

અત્યાર સુધી તો બીજાઓની વાત ચાલી રહી હતી હવે કિતાબ 'દર્સે હયાત'ના દેવબંદી લેખકના પિતાની 'ગયબદાની'ની કહાની સાંભળો લખ્યું છે કે :–

*મારા નાના ભાઈ ક઼ારી શરફુદ્દીનનું બયાન છે કે, મૌલાના 'વુઝૂ' કરીને મુસલ્લા પર બંને હાથ કાન સુધી ઉઠાવી ચૂકયા હતા કે હું નમાઝની તૈયારીને બદલે એમ સમજીને પાછળ રમતમાં મશ્ગૂલ થઈ ગયો*

*કે હવે તેઓ 'તહરીમા' બાંધીને નમાઝમાં મશ્ગૂલ રહેશે અને તેમને મારી રમત ગમતની ખબર નહીં હોય. પરંતું તેમને તરત જ 'કશ્ફ' થઈ ગયો અને અચાનક કાનો પરથી હાથ હટાવીને તેમણે પાછળ ફરીને જોયું અને મને જોરથી ધમકાવ્યો. (દર્સે હયાત, પેજ–૨૨૬)*

ઉપરોક્ત બનાવમાં અકીદતની ભાવનાને જુઓ ! 'તહરીમા' બાંધતી વખતે પાછળ ફરીને જોઈ લેવું એ અચાનકની બાબત હોઈ શકે છે. અને એ એટલા ખાતર પણ બની શકે છે કે પાછળ મોઢુ ફેરવીને સફો સીધી થઈ છે કે નહીં તે જોઈ લેવી. પરંતું અહીં એવું નથી ! **લેખકની પોતાની સ્પષ્ટ ઈચ્છા તો એ જ છે કે તેમણે જાહેર કરવું છે કે, તેમના પિતાશ્રીએ પાછળ ફરીને એટલા માટે જોયું કે, તેમને તેમની 'ગયબી શક્તિ' દ્વારા તેની ખબર પડી ગઈ હતી કે પાછળની સફમાં ભાઈશ્રી નમાઝને બદલે રમતમાં મશ્ગૂલ થઈ ગયા છે !**

**મને કહેવા દો કે તેમણે તેમના પિતાશ્રીની ગયબદાની સાબિત કરવાને માટે જે પ્રકારની લાગણી વ્યક્ત કરી છે, તેનો હજારમો હિસ્સો પણ અલ્લાહના મહાન અને શ્રેષ્ઠ રસૂલ ﷺને માટે તેમના દિલના કોઈ ખૂણામાં મૌજૂદ હોત તો અક઼ીદાનો આ મતભેદ કે જેણે વર્ષોથી ઉમ્મતને બે હિસ્સામાં વહેંચી નાખેલ છે, તેનું અસ્તિત્વ જ ન હોત.**

હજાર તા'વીલો (અર્થઘટના) છતાં દેવબંદી સાહિત્ય દ્વારા એ હક઼ીક઼ત એટલી સ્પષ્ટ થઈ ચૂકી છે કે મિલ્લતનો ઈન્સાફ પસંદ વર્ગ પરિસ્થિતિનો આ ચિત્કાર મહેસૂસ કર્યા વિના રહી શકશે નહીં.

## ★ એક વાતનો ખુલાસો ★

આ પુસ્તક (ઝલઝલા)માં દેવબંદી સાહિત્યના હવાલાથી 'કશ્ફ'નું નામ અનેક વખત આવ્યું છે, એટલે તેની સ્પષ્ટતા જરૂરી છે કે દેવબંદી ધર્મમાં 'કશ્ફ'નો દાવો બિલકુલ દુરુસ્ત નથી, તેને માટે દેવબંદી ધર્મની ઈલ્હામી કિતાબ 'તક઼વિયતુલ ઈમાન'નું આ ફર્માન વાંચી લો :–

*ગૈબ જાણવાનો દાવો કરનારા બધા જૂઠા છે. કશ્ફ, ઈસ્તિખારહ જ્યોતિષ, રમલ (પાસાં ફેંકીને શુભાશુભ ફળ જાણવું તે) બધુ જ જૂઠુ, છળકપટ અને શૈતાનની જાળ છે. મુસલમાનોએ એમની જાળમાં કદી ફસાવું ન જોઈએ. –(તક઼વિયતુલ ઈમાન–ગુજરાતી, પ્રકાશન નંબર : ૯૬, પેજ : ૭૧, ૭૨, મૂળ લેખક: ઈસ્માઈલ દહેલ્વી, અનુવાદક : હસન ભડકોદ્રવી, પ્રકાશક : દારુલ ઉલૂમ કંથારીયા, તા. જિ. ભરૂચ)*

**'તક઼વિયતુલ ઈમાન'ના ઉપરોક્ત કથન પછી દેવબંદી વર્ગનો કોઈ માનવી પોતાના અથવા તો પોતાના કોઈ બુઝુર્ગના સંબંધે 'કશ્ફ'નો દાવો કરતો હોય તેને બીજું શું કહી શકાય ? એ જ કે તે જુઠો છે, દગાબાજ છે અને તેની જાળમાં હરગિઝ ફસાવવું જોઈએ નહીં !**

કિતાબનું નામ : **ઈલ્મ કી ઝરૂરત**
અઝ : **શૈખુલ ઈસ્લામ હઝરત સૈયદ મોહમ્મદ મદની અશરફી જીલાની**
પ્રકાશક : મુહદ્દિષે આ'ઝમ મિશન, મિરઝાપુર બ્રાન્ચ ૧૫, પેરેડાઈઝ કોમ્પલેક્ષ, મિરઝાપુર, અહમદાબાદ. આ કિતાબમાં ઈલ્મ શીખવા શીખવવા બાબત ખૂબ જ છણાવટથી માહિતી પીરસવામાં આવી છે. જેમાં ઈલ્મની અઝમત શું છે ? ઈલ્મથી ઈન્સાનિયત, અહલે ઝિક્ર અને અહલે ઈલ્મ વગેરે વિષય પર વિસ્તૃત માહિતી રજૂ કરવામાં આવી છે.

# ગેલતફહમીઓ તથા તેની સુધારણા

✪ અઝ ✪

હઝરત મૌલાના તત્હીર અહમદ બરેલ્વી

✪ અનુવાદક ✪

મુહમ્મદ બશીર યૂસુફ ગોડીલ-પોરબંદર (B.Sc. M.Ed.)

### ★ શરએ પયમ્બરી મહેર નક્કી કરવી ★

કેટલીક જગ્યાએ શાદીમાં મહેર શરએ પયમ્બરી નક્કી કરવામાં આવે છે અને તેનાથી તેમનો મકસદ ૬૪ રૂપિયા અને ૧૦ આના હોય છે અથવા બીજી કોઈ રકમ. જો કે આ બધી પાયા વગરની વાતો છે. શરીઅતે પયગમ્બરે આ'ઝમ ﷺમાં મહેરની વધુમાં વધુ રકમની કોઈ મર્યાદા નિશ્ચિત નથી. તેના માટે બંને પક્ષ જેટલી રકમ પર સહમત થઈ જાય તે જ મેહરે શરએ પયમ્બરી છે. હા ! ઓછામાં ઓછી મહેરની રકમની માત્રા દસ દિરહમ, એટલે કે લગભગ ૨ તોલા, ૧૩ આના ભાર ચાંદી છે. તેનાથી ઓછી મહેર નક્કી કરવું સહીહ નથી. (નોંધ : ૨ તોલા અને ૧૩ આના ભાર ચાંદી = ૩૩ ગ્રામ ચાંદી થાય છે.) જો બાંધવામાં આવે તો (નક્કી કરવામાં આવે તો) મેહરે મિષ્લ લાગુ પડશે.

(નોંધ : મેહરે મિસ્લ એટલે કે તેની અગાઉ તેની મોટી બહેન કે ફોઈની શાદીમાં નક્કી કરવામાં આવેલ મહેર)

અને કેટલાક લોકો મહેરે શરએ પયમ્બરીથી સૈયદેના ફાતિમા رضی اللہ عنہاની શાદીના મહેરનો વિચાર કરે છે. જો કે ખાતૂને જન્નતની શાદીનો મહેર ૪૮૦ મિષ્કાલ એટલે કે ૧૫૦ તોલા ચાંદી હતી.

ખુલાસો એ જ કે શરીઅતની તરફથી મેહરની કોઈ હદ (મર્યાદા) નક્કી કરવામાં આવી નથી. હા ! એટલું જરૂરી છે કે ૧૦ દિરહમ એટલે કે ૨ તોલા અને ૧૩ આના ભાર (૩૩ ગ્રામ) ચાંદીથી ઓછી કિંમતમાં ન હોય. વર્તમાનકાળમાં ૧૦ ગ્રામ ચાંદીના લગભગ ૬૦૦ રૂા. છે જેથી હાલમાં રૂા. બે હજારથી ઓછી મહેર ન રાખવી.

### ★ નિકાહ પઢવામાં ઈજાબો કુબૂલ (કબૂલાત) પછી ખુત્બો પઢવો ★

આ રિવાજ પણ ખોટો છે. સુન્નત તરીક઼ો એ છે કે નિકાહનો ખુત્બો ઈજાબો કુબૂલથી પહેલાં પઢવામાં આવે.

### ★ શું તલાક઼ આપવા માટે પત્નીનું સામે હોવું અથવા તેનું સાંભળવું જરૂરી છે ? ★

કેટલાક લોકો સમજે છે કે પતિ જો પત્નીને તલાક઼ આપે તો તલાક઼ના શબ્દો પત્નીએ સાંભળવું અને પત્નીએ તલાક઼ના સમયે સામે હોવું જરૂરી છે. આ ગલત ફેહમી (ગેરસમજ) છે. પત્ની જો ન સાંભળે અને ત્યાં હાજર પણ ન હોય તો પણ પતિના તલાક઼ આપવાથી તલાક઼ થઈ જશે. જો પતિ અને પત્ની દરમ્યાન હજારો માઈલનું અંતર હોય તો પણ. આ'લા હઝરત ઈમામ એહલે સુન્નત સૈયદી શાહ ઈમામ અહમદ રઝાખાન رحمۃ اللہ علیہ ઈર્શાદ ફર્માવે છે : "તલાક઼ને માટે પત્નીનું ત્યાં હાજર હોવું કોઈ શર્ત નથી." *(ફતાવાએ રઝવિય્યહ, ભાગ-૫, પેજ-૬૧૮)*

### ★ શું હાલતે હમલ (ગર્ભાવસ્થા)માં તલાક઼ થતી નથી ? ★

હાલતે હમલ (ગર્ભાવસ્થા દરમ્યાન) તલાક઼ થઈ જાય છે. કેટલાક લોકો એવું સમજે છે કે પત્ની ગર્ભવતી હોય અને આ અવસ્થા દરમ્યાન પતિ તલાક઼ આપે તો તલાક઼ લાગુ પડતી નથી, એ તેઓની ગલત ફેહમી (ગેરસમજ) છે. સૈયદી આ'લા હઝરત ઈમામે

એહલે સુન્નત ઈર્શાદ ફર્માવે છે : "જાઈઝ અને હલાલ છે જો ગર્ભાવસ્થા દરમ્યાન પણ (તલાક઼) આપી હોય." *(ફતાવાએ રઝવિય્યહ, ભાગ-૫, પેજ-૬૨૫)*

### ★ વેવાણ, કાકી અને મામી સાથે નિકાહનો મસ્અલો ★

કેટલાક લોકો વેવાણ, કાકી અને મામીની સાથે શાદી કરવાને ખરાબ ગણે છે. જો કે વેવાણ સાથે (વેવાઈનું) શાદી કરવું નિઃશંકપણે જાઈઝ છે. એ જ પ્રમાણે કાકી અને મામી સાથે પણ શાદી કરવામાં કોઈ વાંધો નથી, જયારે કે તેમના પતિઓએ તેણીઓને તલાક઼ આપી દીધી હોય અથવા તેઓ મરી ગયા હોય તો ઈદ્દત પછી વેવાણ, કાકી અને મામી સાથે શાદી કરવી જાઈઝ છે. જે લોકો આ શાદીઓને ખરાબ સમજે છે તેઓ અજ્ઞાની છે. *(મલ્ફૂઝાતે આ'લા હઝરત, ભાગ-૩, પેજ-૧૦, ફતાવાએ આફ્રિકા, પેજ-૧૦૦)*

### ★ શું પતિ માટે તેની પત્નીને હાથ લગાડતાં પહેલાં મહેર માફ કરાવવું જરૂરી છે ? ★

ઘણા લોકો આ વિચારસરણી ધરાવે છે કે પતિ માટે એ જરૂરી છે કે શાદી પછી પહેલી મુલાકાતમાં પોતાની પત્ની પાસેથી મહેર માફ કરાવી લે પછી જ તેના શરીરને હાથ અડાડે. આ એક ખોટી વિચારસરણી છે. ઈસ્લામમાં આવું કંઈ જ નથી. આજકાલ જે મેહરનો રિવાજ છે તેને "ગૈરમુઅજ્જલ" કહે છે, જે કંઈ તો તલાક઼ આપવાથી અથવા બંનેમાંથી કોઈ એકના મરી જવાથી આપવું વાજિબ થાય છે, તેનાથી પહેલાં દેવું (આપવું) વાજિબ નથી. હા ! જો પહેલાં પણ આપી દે તો કોઈ વાંધો નથી બલ્કે વધારે સારી વાત છે. માફ કરાવવાની કોઈ જરૂરત નથી અને મહેર માફ કરાવવા માટે નક્કી કરવામાં આવતી નથી. હમણાં આપે કે પછી આપે પરંતું મેહર આપવા માટે છે, માફ કરાવવા માટે નથી.

હા ! જો મેહરે "મુઅજ્જલ" હોય, એટલે કે નિકાહના સમયે રોકડી દેવાનું નક્કી કરવામાં આવેલ હોય, તો પત્નીને અધિકાર છે કે તેણી ચાહે તો મહેર વસુલ કર્યા વગર તેણી પોતાને પતિને હવાલે ન કરે અને તેને હાથ લગાડવા ન દે. અને જો પત્ની ચાહે તો મેહર વસૂલ કર્યા વગર પણ આ બધું (પતિને હવાલે કરવું) કરવા દે. માફ કરાવવાનો અહીંયા પણ કોઈ અર્થ નથી.

### ★ જે સ્ત્રીને વ્યભિચારથી હમલ રહી ગયો હોય તેનાથી શાદી કરવાનો મસ્અલો ★

વ્યભિચારથી ગર્ભવતી થયેલ સ્ત્રી સાથે શાદી કરવાને અમુક લોકો નાજાઈઝ સમજે છે, જો કે તે જાઈઝ છે. વ્યભિચાર ઈસ્લામમાં મોટો ગુનાહ છે અને તેની સજા પણ ઘણી જ સખ્ત છે. પરંતું જો કોઈ સ્ત્રીથી વ્યભિચાર થઈ ગયો અને તેવી સ્ત્રી સાથે શાદી કરવામાં આવે તો તે શાદી સહીહ (બરાબર) થઈ જશે જો કે તે વ્યભિચારથી ગર્ભ પણ રહી ગયો હોય પરંતું તેવી સ્ત્રી પતિવાળી (પરણેલી) ન હોવી જોઈએ. અને શાદી જો તે જ વ્યક્તિ સાથે થાય જેના થકી ગર્ભ રહી ગયો તો શાદી પછી બંને એક સાથે રહી શકે છે તેમજ સંભોગ પણ કરી શકે છે. અને જો બીજી વ્યક્તિ સાથે શાદી થાય તો જ્યાં સુધી બાળ કનું જન્મ ન થાય ત્યાં સુધી બંનેએ અલગ રહેવું પડશે અને તેમના માટે (એટલા સમય સુધી) સંભોગ પણ જાઈઝ નથી. દુર્રે મુખ્તારમાં એ જ પ્રમાણે છે.

ઈમામ એહલે સુન્નત સૈયદી આ'લા હઝરત رحمۃ اللہ علیہ ફર્માવે છે : "જે સ્ત્રી મઆઝલ્લાહ વ્યભિચાર થકી ગર્ભવતી થઈ હોય, તેનાથી શાદી કરવું જાઈઝ છે, ભલે જેનાથી ગર્ભ રહેલ છે તેની સાથે હોય કે અન્ય પુરુષ સાથે. તફાવત એટલો જ છે કે જેનાથી ગર્ભ રહી ગયેલ છે તેનાથી શાદી થાય તો શાદી પછી તેનાથી સંભોગ પણ કરી શકે છે, અને અન્ય પુરુષ સાથે શાદી થાય તો ગર્ભ પૂરો થવા સુધી (બાળકના જન્મ સુધી) સંભોગ ન કરે." *(ફતાવાએ રઝવિય્યહ, ભાગ-૫, પેજ-૧૯૯, ફતાવાએ આફ્રિકા, પેજ-૧૫)*

# ઈલ્મે દીનની ફઝીલત
## હદીષોની રોશનીમાં

અઝ : **મૌલાના મુહમ્મદ અબ્દુલમુબીન નોઅમાની** \ અનુવાદક : **હાફિઝ મુહમ્મદ સજ્જાદ પટેલ દયાદરવી**

**(૧)** હુઝૂરે અક્દસ ﷺ ઈર્શાદ ફર્માવે છે : "તમારામાં બહેતરીન એ લોકો છે જે કુર્આનની તા'લીમ મેળવે અને બીજા લોકોને કુર્આનની તા'લીમ આપે." *(સુનને દારમી, ૨/૪૩૭, બૈરૂત)*

**(૨)** રસૂલે પાક ﷺએ ફર્માવ્યું : "અલ્લાહ જેની ભલાઈ ચાહે છે એને દીનનો આલિમ (ફકીહ) બનાવે છે, અને હું વહેંચવાવાળો છું, અલ્લાહ આપે છે." *(બુખારી શરીફ, ૧/૧૬, મુસ્લિમ શરીફ)*

**(૩)** હઝરત અબૂ દરદા رضي الله عنه કહે છે : "મેં રસૂલે કરીમ ﷺને ફર્માવતાં સાંભળ્યા કે, "જે ઈલ્મની શોધમાં કોઈ રસ્તા પર નીકળે તો અલ્લાહ તઆલા જન્નતના રસ્તાઓમાંથી કોઈ રસ્તા પર ચલાવે છે. અને બેશક ! ફરિશ્તાઓ તાલિબે ઈલ્મની રઝા માટે પોતાની પાંખો પાંથરે છે, અને ખરેખર આલિમ માટે આસ્માન તથા જમીનમાં જે પણ છે એ અને પાણીમાં માછલીઓ મગરિફતની દુઆ કરે છે અને આલિમની ફઝીલત આબિદ પર એવી છે જેવી રીતે ચૌદમીના ચાંદની ફઝીલત બધા જ તારાઓ પર. અને બેશક ! ઉલમા અંબિયાએ કિરામના વારસદાર છે. પયગંબરોએ કોઈને દીનાર અને રૂપિયાના વારસ નથી બનાવ્યા, એમણે તો ફક્ત ઈલ્મના વારસ બનાવ્યા, તો જેમણે ઈલ્મ હાંસલ કર્યો તેણે અંબિયાએ કિરામના વારસામાંથી ઘણો હિસ્સો મેળવ્યો." *(મુસ્નદે ઈમામ અહમદ, તિર્મિઝી, અબૂ દાઊદ, ઈબ્ને માજહ, મિશ્કાત–૪૩, કિતાબુલ ઈલ્મ)*

**(૪)** હઝરત અબૂ ઈમામ બાહલી કહે છે કે રસૂલે કરીમ ﷺના પાસે બે માણસોનો ઝિક્ર કરવામાં આવ્યો, જેમાંથી એક આબિદ હતો અને બીજો આલિમ. તો રસૂલે પાક ﷺએ ઈર્શાદ ફર્માવ્યો કે આલિમની ફઝીલત આબિદ પર એવી છે જેવી રીતે મારી ફઝીલત તમારા અદના પર. અને રસૂલે પાક ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, "બેશક ! અલ્લાહ અને તેના ફરિશ્તા અને આસ્માન અને જમીનવાળા અને ત્યાં સુધી કે કીડીઓ પોતાના દરોમાં અને માછલીઓ પાણીમાં જરૂર સલાત (રહમત) મોકલે છે એ મોઅલ્લિમ પર જે લોકોને નેક વાત બતાવે છે." *(તિર્મિઝી, મિશ્કાત–૩૪)*

**(૫)** હઝરત ઈબ્ને અબ્બાસ رضي الله عنهما થી મરવી છે કે હુઝૂરે અકરમ ﷺએ ફર્માવ્યું, **"એક આલિમે શરીઅત શૈતાન પર હજાર આબિદોથી ભારે છે."** *(તિર્મિઝી ઈબ્ને માજહ)*

**(૬)** હઝરત અનસ رضي الله عنه થી રિવાયત છે કે હુઝૂર ﷺએ ફર્માવ્યું, ઈલ્મની તલબ દરેક મુસલમાન (પુરૂષ, સ્ત્રી) પર ફર્ઝ છે." *(ઈબ્ને માજહ)*

**(૭)** આપનાથી મરવી છે કે હુઝૂર ﷺએ ફર્માવ્યું કે **જે ઈલ્મની તલબમાં નીકળ્યો એ પાછા ફરે ત્યાં સુધી અલ્લાહની રાહમાં હોય છે.**

**(૮)** હઝરત ઈબ્ને મસ્ઊદ رضي الله عنه કહે છે, મેં હુઝૂરે અક્દસ ﷺને એ ફર્માવતાં સાંભળ્યા કે અલ્લાહ હર્યો ભર્યો રાખે એને જે અમારી કોઈ હદીષ સાંભળે અને પછી સાંભળ્યા મુજબ બીજા સુધી પહોંચાડે, કેમ કે ઘણા પહોંચાડેલ સાંભળીને પહોંચાડવાવાળા કરતાં વધુ સમજદાર હોય છે. *(તિર્મિઝી, ઈબ્ને માજહ, દારમી, બરિવાયત અબૂ દરદા رضي الله عنه, મિશ્કાત–૩૪)*

(૯) હઝરત હસન બસરી رضی اللہ عنہથી મરવી છે, હુઝૂરે અકરમ ﷺથી બની ઈસ્રાઈલના બે માણસોના વિશે સવાલ થયો કે એમનામાં કોણ અફઝલ છે ? એક આલિમ છે ફર્ઝ, વાજિબ પઢીને બેસી જાય છે, અને પછી લોકોને દીનની દા'વત આપે છે. અને બીજો એ છે કે દિવસમાં રોઝા રાખે છે અને રાત અલ્લાહની ઈબાદતમાં ગુજારે છે. તો હુઝૂર ﷺએ ઈર્શાદ ફર્માવ્યો કે એ આલિમની ફઝીલત આબિદ પર એવી છે જેવી રીતે મારી ફઝીલત તમારામાના અદના પર છે. *(દારમી, ૧/૯૭ બૈરૂત)*

(૧૦) હુઝૂરે અકરમ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, જે ઈલ્મની તલબમાં નીકળ્યો અને ઈલ્મ હાંસલ કર્યો તો એને ડબલ સવાબ છે. અને જે નાકામ રહ્યો એને પણ એક સવાબ છે. *(દારમી, અઝ : વાષિલા બિન અસ્કાઅ, ૧/૯૭)*

(૧૧) હઝરત આઈશા સિદીકા رضی اللہ عنہا ફર્માવે છે કે મેં હુઝૂર ﷺને એ ફર્માવતાં સાંભળ્યા કે અલ્લાહ તબારક વ તઆલાએ મારા તરફ વહી કરી કે જે ઈલ્મની તલબમાં કોઈ રાહ પર નીકળશે હું એના માટે જન્નતનો રસ્તો આસાન કરી દઈશ. અને જેની બંને આંખોની રોશની લઈ લઉં છું તો એના બદલામાં જન્નત અતા કરું છું. અને ઈલ્મની ફઝીલત ઈબાદતની ફઝીલત કરતાં વધુ છે, અને દીનની અસલ પરહેઝગારી છે.'' *(મિશ્કાત, પેજ : ૩૬, બહવાલા શોઅબુલ ઈમાન, બયહકી)*

(૧૨) હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما ફર્માવે છે કે રાતમાં એક ઘડી ઈલ્મનું હાંસલ કરવું પૂરી રાત ઈબાદત કરવાથી અફઝલ છે. *(દારમી, ૧/૧૪૯, મિશ્કાત–૪૬)*

(૧૩) હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہماથી મરવી છે કે હુઝૂર ﷺ મસ્જિદમાં બે મજલિસો પાસેથી પસાર થયા અને ફર્માવ્યું, બંને બહેતર છે, અને એમાંથી એક બીજાથી અફઝલ છે. અને રહ્યા એ લોકો જે અલ્લાહથી દુઆ કરે છે અને એના તરફ વાળે છે. અને જો એ ચાહે તો એમને આપે અને ચાહે તો ન આપે. પરંતુ એ લોકો જે દીનની વાતો શીખી રહ્યા છે અને એમનામાં કેટલાક જાહિલોને શિખવાડે છે. તો એ અફઝલ છે. અને હું મુઅલ્લિમ બનાવીને મોકલવામાં આવ્યો છું, (એટલે કે આ લોકો ખાસ મારું નાયબપણુ કરી રહ્યા છે) પછી સરકાર ﷺ એમનામાં બેઠા. *(દારમી, ૧/૯૯, મિશ્કાત–૩૬)*

(૧૪) હઝરત અનસ رضی اللہ عنہ કહે છે કે હુઝૂર ﷺએ સહાબાથી પૂછયું, તમે જાણો છો મોટો સખી કોણ છે ? સહાબાએ અર્ઝ કર્યું, અલ્લાહ અને એના રસૂલ જાણે ! હુઝૂર ﷺએ ફર્માવ્યું, અલ્લાહ મહાન સખી છે, પછી માણસોમાં હું મોટી સખી છું. અને **મારા પછી મોટો સખી એ છે જે ઈલ્મ શીખે અને પછી એને ફેલાવે.** એ કયામતના દિવસે એકલો અથવા ફર્માવ્યું, એક જમાઅતમાં થઈને આવશે. એટલે કે એનું મકામ પૂરી એક જમાઅતના બરાબર હશે. અથવા એક જમાઅતની સાથે આવશે જેનો એ પેશવા હશે. *(શોઅબુલ ઈમાન, બયહકી, મિશ્કાત–૩૬)*

(૧૫) હઝરત ઈબ્ને મસઊદ رضی اللہ عنہથી મરવી છે કે હુઝૂર ﷺએ ફર્માવ્યું, ''ઈલ્મે દીન શીખો અને લોકોને શીખવાડો, ફર્ઝ શીખો અને લોકોને શીખવાડો, કુર્આન શીખો અને લોકોને શીખવાડો, એટલા માટે કે હું જઈ રહ્યો છું અને ઈલ્મ નજીકમાં ઉઠવા લાગશે અને ફિત્નાઓ ઉભા થતા જશે, ત્યાં સુધી કે બે આદમી એક ફરીઝામાં ઝઘડશે તો એમનો ફેંસલો કરવાવાળુ કોઈ મળશે નહીં.'' *(દારમી, દારકુત્ની, મિશ્કાત–૩૮)*

(૧૬) હઝરત અનસ رضی اللہ عنہથી રિવાયત છે, ''દીનનો ઈલ્મ હાંસલ કરવો અલ્લાહની નજીક નમાઝ, રોઝા, હજ્જ અને જિહાદથી અફઝલ છે.'' *(કન્ઝુલ ઉમ્માલ)* કેમ કે જ્યાં સુધી ઈલ્મ નહીં હોય

ત્યાં સુધી એ ઈબાદતોમાં બરાબર અમલ નહીં થઈ શકે.

**(૧૭)** હઝરત અબૂ ઝર તથા હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہما થી મરવી છે, "બેહતરીન ઈબાદત ઈલ્મ હાંસલ કરવું છે." *(કન્ઝુલ ઉમ્માલ, ૧૦/૭૯)*

**(૧૮)** હઝરત અબૂઝર અને હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہما થી મરવી છે, "જો કોઈ તાલિબે ઈલ્મને ઈલ્મ હાંસલ કરતાં કરતાં મૌત આવી જાય તો એ શહીદ છે." *(કન્ઝુલ ઉમ્માલ)*

**(૧૯)** હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી મરવી છે : કહે છે, રસૂલે અકરમ ﷺ એ ઈર્શાદ ફર્માવ્યો, **"જો કોઈ મુસલમાનની દુનિયાની તકલીફોમાંથી કોઈ તકલીફ દૂર કરે તો અલ્લાહ તબારક વ તઆલા તેની કયામતની તકલીફોમાંથી કોઈ તકલીફ દૂર કરશે."**

અને જો કોઈ તંગદસ્ત પર આસાની કરે (કરજદારનું કરજ માફ કરે, અથવા એને મોહલત) આપીને, કોઈ પરેશાન હાલની મદદ કરીને તો અલ્લાહ દુનિયા અને આખેરત બંને જહાનમાં એને આસાની આપશે.

અને જો કોઈ મુસલમાનની પર્દાપોશી કરે તો અલ્લાહ તઆલા દુનિયા અને આખિરતમાં એની પર્દાપોશી કરશે.

અને અલ્લાહ બંદાની મદદમાં રહે છે જ્યાં સુધી બંદો પોતાના ભાઈની મદદ પર હોય છે.

અને જો કોઈ રસ્તો ઈલ્મ હાંસલ કરવા માટે ચાલે તો અલ્લાહ તઆલા એની બરકતથી એના માટે જન્નતનો રસ્તો આસાન ફર્માવી દે છે.

અને જ્યારે કોઈ કૌમ અલ્લાહના ઘરોમાંથી કોઈ ઘર (મસ્જિદ, મદ્રસા)માં બેસીને અલ્લાહની કિતાબ પઢે, અને આપસમાં એનો દર્સ મેળવે, તો એમનામાં ચૈન ઉતરે છે અને રહમત એમને ઢાંકી લે છે, અને ફરિશ્તાઓ એમને ઘેરી લે છે અને અલ્લાહ તઆલા એમનો ઝિક્ર એ જમાઅતમાં કરે છે જે એની પાસે છે.

અને જેને અમલ પાછળ કરી આપે (એટલે અમલમાં કમજોર થઈ જાય) તો એનો વંશ (ખાનદાન) એને આગળ નથી વધારી શક્તો. *(ઈમામ મુસ્લિમ કિતાબુઝ્ ઝિક્ર–૩૪૫, તથા મિશ્કાત, પેજ–૩૨, રઝા એકેડમી–મુંબઈ)*

**(૨૦)** હઝરત અનસ رضی اللہ عنہ થી મરવી છે. રસૂલે પાક ﷺ એ ફર્માવ્યું, જે ઈલ્મની શોધમાં નીકળ્યો તો પાછો ફરે ત્યાં સુધી એ અલ્લાહની રાહમાં રહે છે. *(જામેઉસ્સગીર, ઈમામ જલાલુદીન, ૧/૬૨૧)*

ઈલ્મે દીન હાંસલ કરવાની જેવી રીતે ઘણી ફઝીલત બયાન કરવામાં આવી છે એ જ રીતે ઈલ્મે દીન જો ખુદાની રઝાના સિવાય બીજા કોઈ દુનિયાના મક્સદના માટે હાંસલ કરવામાં આવે તો એ જહન્નમમાં જવાનો સબબ છે. અહીંયાંથી એ પણ જાણવા મળ્યું કે હદીષોમાં દીન તથા શરીઅતનો ઈલ્મ આખેરતનો ઈલ્મ, અલ્લાહની સિફતોનો ઈલ્મ સાબિત છે. કેમ કે દુનિયાનો ઈલ્મ તો દુનિયા માટે જ હાંસલ કરવામાં આવે છે, એના માટે ધમકીનો શું મતલબ ? હા, જો ઈલ્મને સામાન્ય (આમ) કરવામાં આવે તો એમાં એ પાબંદી લગાડવી પડે કે દુનિયવી ઈલ્મ કે દીનનો ઈલ્મ. દરેકને ખુદાની રઝા માટે અથવા દીનના મક્સદ માટે હાંસલ કરવામાં આવે તો દરેક ઈલ્મની ફઝીલત નિરર્થક થઈ શકે છે, પણ ખાસ ઈલ્મે દીન નો લેહાઝ રાખવો જરૂરી છે. આ ખેંચતાણમાં નીચેની હદીષ વાંચો અને સબક હાંસલ કરો.

**(૨૧)** હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما થી મરવી છે કે રસૂલે પાક ﷺ એ ફર્માવ્યું, જેણે કોઈ ઈલ્મ ગૈરુલ્લાહ માટે હાંસલ કર્યો, અથવા એ ઈલ્મથી ખુદાના સિવાય કોઈની રઝા ચાહી તો એણે જોઈએ કે પોતાનું ઠેકાણુ જહન્નમને બનાવી લે. *(તિર્મિઝી શરીફ)* *–અશ્રફિયા મંથલી, એપ્રિલ–૨૦૧૩*

# ગૈર મુસ્લિમના જનાઝાની પાછળ મુસલમાનોનું ચાલવું કેવું?

કાર્યાલય

**સવાલ** : (૧) એક ગૈર મુસ્લિમનું મૃત્યુ થઈ ગયું, તેમના રિવાજ મુજબ એની અર્થી ઉઠાવવામાં આવી અને આ અર્થી પાછળ ગૈર મુસ્લિમ પમષો અને એમની પાછળ તેમની સ્ત્રીઓ ચાલી રહી હતી અને તે સ્ત્રીઓ પાછળ મુસલમાન ચાલી રહ્યા હતા. તો આ પ્રમાણે અર્થી પાછળ ચાલવાવાળા મુસલમાનો પર શરીઅતનો શું હુકમ લાગુ પડશે ?

(૨) એક ગૈર મુસ્લિમના અવસાન પછી એના ઘરે એક મહેફિલ રાખવામાં આવી તો આ મહેફિલમાં મુસલમાનોનું શરીક થવું કેવું ? અને એ મરનારના ઘરવાળાઓએ પ્રસાદ વહેંચ્યો તો મુસલમાનો માટે આ પ્રસાદ લેવો અને ખાવો કેવો ? **પૂછનાર** : *મોહસિન બિન ઐયુબ–જુનૈદ, જિ. ભરૂચ–ગુજરાત*

**જવાબ** : (૧) ગૈર મુસ્લિમની અર્થી પાછળ મુસલમાનોનું ચાલવું હરામ છે માટે તેની અર્થીમાં હાજર દરેક મુસલમાન તૌબા તથા ઈસ્તિગફાર કરે. 'અલમલ્ફૂઝ'માં છે કે, ''જો કાફિરોના જનાઝાની સાથે એવો અક઼ીદો રાખી ચાલશે કે એનો જનાઝો હાજરી દેવાના લાયક છે તો **કાફિર થઈ જશે**. અને જો આ અક઼ીદો નથી તો **હરામ** છે. હદીષ શરીફમાં આવ્યું છે કે જો કાફિરનો જનાઝો આવતો હોય તો એક તરફ હટીને ચાલવું જોઈએ કેમ કે શૈતાન આગળ આગળ આગનો અંગારો હાથમાં લઈ નાચતો કૂદતો ખુશ થઈ ચાલતો હોય છે કે મારી મહેનત આ વ્યક્તિ પર વસૂલ થઈ ગઈ. *(પેજ–૪૬૦, ભાગ–૪, મકતબુલ મદીના)*

(૨) ગૈર મુસ્લિમોના ત્રીજીયા, દસમા એવી જ રીતે બીજી મહેફિલોમાં મુસલમાનોનું હાજર થવું જાઈઝ નથી. પ્રસાદ હલાલ છે પણ મુસલમાનોએ લેવાથી બચવું જોઈએ. અને જો સદક઼ાની નિય્યતથી હોય તો કદાપિ ન લે. ફતાવા રઝવિય્યહમાં છે : પ્રસાદ હલાલ છે પણ મુસલમાનોએ બચવું જોઈએ. અને આલમગીરીમાં છે ''કે કોઈ મુસલમાન, મજૂસી (અગ્નિપૂજક)ની બકરી એમની અગીયારી માટે અથવા કાફિરની બકરી એમના બુતો માટે ઝબહ કરે તો (એનો ગોશ્ત) ખાય શકાશે. એટલા માટે કે એને અલ્લાહનું નામ લીધું છે. પણ મુસલમાન માટે મકરૂહ છે. એ જ પ્રમાણે 'તાતાર ખાનિયા'માં છે.'' અને અલ્લામા અબ્દુલહક્ક઼ મુહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہ ''મજમઉલ બરકાત''માં ફર્માવે છે, ''મજૂસી જે ખાવાનુ પોતાના નયરોજ માટે લાવે છે એને ખાવું હલાલ છે, પણ બચવું વધારે સારું, એ જ મુજબ ઝખીરહથી નકલ કરતાં ''મતાલિબુલ મુઅમિનીન''માં છે.

ખાસ કરીને કાફિર જો આ પ્રસાદને સદક઼ાના ઈરાદાથી વહેંચી રહ્યો હોય તો કદાપિ ન લેવો જોઈએ, પણ સખ્ત જરૂરતના કારણે. સદક઼ારૂપે લેવાથી મુસલમાનોની બદનામી છે અને કાફિરના હાથને પોતાના હાથ પર બુલંદ કરવો છે. હુઝૂર ﷺએ ફર્માવ્યું, ''ઊંચો હાથ નીચેવાળા હાથથી બેહતર છે અને આપવાવાળો હાથ ઊંચો છે અને માંગવાવાળો હાથ નીચો છે. *(કન્ઝુલ ઈમાન–માસિક, જૂન–૨૦૧૩)*

લખનાર : **મોહસિન ચિશ્તી મિસ્બાહી**

સમર્થક : **મુફ્તી નિઝામુદ્દીન બરકાતી** *(સદર : દારુલ ઈફ્તા જામિઆ અશ્રફિયા–મુબારકપુર)*

અનુવાદક : **અલ્તાફ હુસૈન મિસ્બાહી–કુરચણ** *(મુદર્રિસ : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)*

**નિકાહ રજીસ્ટર ૩ કોપીમાં**

અમારે ત્યાં સુંદર છપાઈ સફેદ પેપર પર ૩ કોપીમાં, ૧ રજીસ્ટરમાં ૫૦ નિકાહ નોંધાય તેવું રજીસ્ટર મળશે. કિંમત **રૂા. ૨૦૦/–** (ટપાલ ખર્ચ ૧૦/– રૂા.) પણ જેમને જોઈતુ હોય તેઓ કાઝી પોતાના કે સંસ્થાના લેટર પેડ પર લખાણ આપે કે અમને કે સંસ્થાને નિકાહ રજીસ્ટરની જરૂર છે. સાથે એડ્રેસ, ફોન નં. સંપૂર્ણ વિગત લખે તો જ રજીસ્ટર મોકલવામાં આવશે. સંપર્ક કરો : અંજુમને રઝાએ મુસ્તફા, મુા.પો. દયાદરા–૩૯૨૦૨૦ તા. જિ. ભરૂચ, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧

કાર્યાલય

# ગયા બૌદ્ધ મંદિરમાં ધમાકા પાછળ કોનો હાથ?!

૭ જુલાઈ રવિવારના દિવસે મશ્હૂર બૌધ્ધ મંદિર ગયા બૌદ્ધમાં એક પછી એક નવ ધમાકા થયા, તદ્ઉપરાંત કેટલા બોંબ તો ફાટવાથી રહી ગયા. આ ધમાકા એવા સમયે થયા કે જ્યારે ત્યાં આમ લોકો ન હતા. રવિવાર હોવાથી વિદ્યાર્થીઓને પણ રજા હતા. એ નવ ધડાકાઓમાં કોઈ નથી મૃત્યુ પામ્યુ, કાંઈ ખાસ નુકસાન પણ નથી થયું કેવળ બે વ્યક્તિઓ ઘાયલ થઈ. એવું લાગે છે કે ધડાકા કરનારાઓનો હેતુ કોઈ નુકસાન પહોંચાડવાનો કે આતંક ફેલાવવાનો ન હતો, બલ્કે કેવળ માહોલ બનાવવાનો હતો. ગુપ્તચર એજન્સીઓ તથા મીડિયાએ થોડીક જ મિનિટોમાં એને ઈન્ડિયન મુજાહિદીનનું કાવત્રુ ઠરાવી દીધું અને એવું પણ કહી આપ્યું કે આ ધડાકાઓનો હેતુ બર્માના મુસલમાનોનો બદલો લેવાનો હતો ! આઈ.બી.એ. એવું પણ કહી આપ્યું કે અમે એક વરસ પહેલાં બિહાર પોલિસને જણાવી આપ્યું હતું કે ગયા બૌધ્ધ પર હુમ્લો થઈ શકે છે. ઈન્ડિયન મુજાહિદીનની કેટલીક વ્યક્તિઓ જે પકડાઈ ગઈ હતી તેમણે બયાન આપ્યું છે કે બર્માના મુસલમાનોનો બદલો લેવા ઈન્ડિયન મુજાહિદીન બૌધ્ધ ગયામાં કાર્યવાહીનુ કાવત્રુ કરશે.

જો આ થિયરીને સ્વીકારી લેવામાં આવે તો પછી સવાલ ઉઠે છે કે જે લોકો બદલો લેવા ચાહતા હતા તેમણે બોમ્બ એવા સમયે અને એવી જગાએ શા માટે રાખ્યા જ્યાં કોઈ હાજર ન હતું ?! ઈન્ડિયન મુજાહિદીન પહેલાં પણ ઉઘાડી રીતે ઘણા જ શક્તિશાળી બોમ્બ રાખી ચૂકેલ છે તો પછી એણે એક ડઝન બોમ્બ રાખ્યા જે કેવળ ફટાકડા હતા, એવું શાથી ?! શું આ ખેલની પાછળ કોઈ અન્ય કાવત્રુ છે ?!

''નઈ દુન્યા''એ કેટલાય અઠવાડિયાંઓ પહેલાં લખ્યું હતું કે મુસલમાનો વિરૂદ્ધ વાતાવરણ ખડુ કરવામાં આવી રહ્યું છે. ઈઝરાઈલ તથા અમેરિકા ઈરાનના ન્યુક્લિયાઈ (અણુ મથકો) પર હુમ્લો કરવાની તૈયારી કરી રહ્યું છે, એવામાં દુનિયાભરમાં ઈસ્લામ દુશ્મનીનો માહોલ ખડો કરવામાં આવી રહ્યો છે જેથી દુનિયાનો કોઈ દેશ, કોઈ કૌમ ઈરાનની સાથે ન ઉભી થાય. અત્યાર સુધીમાં ઈસાઈ, યહૂદી તેમજ અમુક હિંદુઓને પણ ઈસ્લામ દુશ્મન બનાવી જ ચૂક્યા છે, હવે બૌધ્ધોને પણ દુશ્મન બનાવવાનાં કાવત્રાં થઈ રહ્યાં છે. મુસલમાનોને દુનિયાના દરેક ધર્મ તથા દરેક કૌમ સાથે ટકરાવવાનું કાવત્રુ થઈ રહ્યું છે. રશિયા તથા ચીનમાં ઈસ્લામ વિરોધી વાતવરણ ખડુ કરવામાં આવી રહ્યું છે, હિંદુસ્તાનમાં ઈસ્લામ વિરોધી વાતાવરણ વરસોથી બનાવવામાં આવી રહ્યું છે. મુસલમાન આ કાવત્રાં પર વિચારણા કર્યા વિના મોટાભાગે જઝબાતી થઈને તેમની જાળમાં ફસાઈ જાય છે.

એવું લાગે છે કે બૌધ્ધ ગયાના ધડાકા ક્યાં તો એ તત્વોએ કર્યા છે જેઓ બિહારના પંતપ્રધાન નીતિશ કુમારની વિરૂદ્ધ વાતાવરણ ઉભુ કરવા માગે છે. તેઓ ચાહે છે કે નીતિશ કુમારને નકામો, મુસ્લિમ તરફી તથા આતંકવાદીઓનો દોસ્ત બનાવીને રજૂ કરવામાં આવે જેથી અહીંની હિંદુ પબ્લિકમાં એમની સાખ ખત્મ થઈ જાય. તેમજ આ ધડાકા પાછળ એ તત્વોનો હાથ હોવાની જાંચ થવી જોઈએ જેઓ માલેગાંવ, મક્કા મસ્જિદ તથા અજમેર શરીફ દરગાહના ધડાકાઓમાં સંડોવાયેલા છે આ સંઘી આતંકવાદીઓ રાજનૈતિક લાભ ખાતર કાંઈ પણ કરી શકે છે.

કેટલાક લોકોનું કહેવું છે કે ઈશ્રતજહાં બનાવટી એન્કાઉન્ટરથી લોકોનું ધ્યાન હટાવવા માટે અને આઈ.બી.ને બચાવવાના માટે આ દેખાવ પૂરતા ધડાકા કરવામાં આવ્યા કે જેનાથી નુકસાન નહિવત થાય પણ ચર્ચા ખૂબ થઈ જાય અને સર્વ મીડિયા આ ધડાકાઓ પાછળ વ્યસ્ત થઈ જાય.

એ વાતની જાંચ તપાસ થવી જોઈએ કે શું આંતરરાષ્ટ્રીય એજન્સીઓ દુનિયાભરમાં મુસલમાનો તથા બૌધ્ધોને ટકરાવવાનું કાવત્રુ કરી રહી છે ?! બોમ્બ ધડાકાઓ પાછળ મુસલમાનોનો હાથ સાબિત કરવો અને ઈન્ડિયન મુજાહિદીનને વિના કોઈ સંશોધન કર્યે જિમ્મેદાર ઠરાવવું એ સૌથી સરળ તથા અનુભવાઈ ગયેલ નુસ્ખો છે ! પણ સચ્ચાઈ મોટાભાગે એનાથી વિપરિત (ઉલ્ટી) નીકળે છે. અને જે લોકો વિના સંશોધન કર્યે નિર્ણય કરી લે છે તેઓ ન દેશના દોસ્ત છે ન સત્ય જાણવા ચાહે છે, બલ્કે તેઓ તો અસલ આતંકવાદીઓ તથા દેશના દુશ્મનોની મદદ કરે છે. *(નઈ દુન્યા ૧૫–૨૧ જુલાઈ–૨૦૧૩)*




# ઈસ્લામ તથા સાયન્સની દૃષ્ટિમાં

રજૂકર્તા : **મૌલાના અલ્તાફ હુસૈન મિસ્બાહી–કુરચણ**
*(મુદર્રિસ : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)*

મિસ્વાક નબી ﷺની સુન્નત છે, આપ ﷺને મિસ્વાક ઘણુ પસંદ હતું. હઝરત આઈશા સિદ્દીકા رضی اللہ عنہا કહે છે કે જ્યારે નબી કરીમ ﷺ બહારથી ઘરમાં પ્રવેશ કરતા તો સૌથી પહેલા મિસ્વાક કરતા. *(મુસ્લિમ શરીફ)* અને પોતે અલ્લાહના રસૂલ ﷺ ફર્માવે છે કે જો મારી ઉમ્મત પર મુશ્કેલ ન હોત તો હું દરેક વુઝૂમાં મિસ્વાક કરવાનો હુકમ આપત. *(બહારે શરીઅત, ભાગ–૨)*

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہماથી રિવાયત છે કે નબી કરીમ ﷺએ ફર્માવ્યું, મિસ્વાકને પોતાના ઉપર ફરજિયાત કરી લો એટલા માટે કે મિસ્વાક મોઢાની સફાઈ અને અલ્લાહને ખુશ કરવાનો સબબ છે. *(મુસ્નદે ઈમામ અહમદ બિન હંબલ)* અને હઝરત જાબિર رضی اللہ عنہથી રિવાયત છે કે જે નમાઝ મિસ્વાક સાથે પઢવામાં આવે છે એ વિના મિસ્વાકે પઢેલ નમાઝથી સિત્તેર ઘણી અફઝલ છે. *(અબૂ નુઐમ)*

હદીષે પાક અને સાયન્સ બંનેવના અવલોકન મુજબ મિસ્વાકના ઘણા ફાયદા છે. અલ્લામા શામી عَلَیْہِ الرَّحْمَۃُ وَ الرِّضْوَان મિસ્વાકના ફાયદાઓ વર્ણન કરે છે કે :

- ✪ મિસ્વાક કરવાથી ઘડપણમાં વિલંબ આવે છે.
- ✪ આંખોની રોશનીમાં વધારો થાય છે.
- ✪ મિસ્વાકની સૌથી શ્રેષ્ઠ ખૂબી એ છે કે મૌત સિવાય દરેક બીમારી માટે શિફા છે.
- ✪ પુલસિરાત પર ચાલવામાં ઝડપ લાવે છે.
- ✪ મોઢુ સાફ રહે છે.
- ✪ મિસ્વાક ફરિશ્તાઓને ખુશ કરે છે.
- ✪ મોઢાની ગંદકીને દૂર કરે છે અને દાંતોના સડાને દૂર કરે છે.
- ✪ દાંતોને ચમકદાર કરે છે.
- ✪ ખોરાક પચાવે છે.
- ✪ કફને દૂર કહે છે.
- ✪ નમાઝના સવાબમાં વધારો કરે છે.
- ✪ ફસાહત (બોલીમાં આકર્ષણ)ને વધારે છે.
- ✪ જઠરને મજબૂત બનાવે છે.
- ✪ શૈતાનને નારાજ કરે છે.
- ✪ વાળોની જડોને મજબૂત બનાવે છે.
- ✪ મિસ્વાક કરવાથી રૂહ નીકળતી વખતે સુકૂન મળે છે.
- ✪ આજ પ્રમાણે અલ્લામા હસન બિન અમ્માર عَلَیْہِ الرَّحْمَۃُ وَ الرِّضْوَان મિસ્વાકના ફાયદાઓ વિશે લખે છે કે :
- ✪ મિસ્વાક કરવાથી ફરિશ્તાઓ ખુશ થાય છે.
- ✪ ફરિશ્તા મિસ્વાક કરનારના ચેહરાના નૂરના કારણે એનાથી મુસાફો કરે છે.
- ✪ જ્યારે મિસ્વાક કરનાર વ્યક્તિ મસ્જિદથી બહાર આવે છે તો અર્શ ઉઠાવવાવાળા ફરિશ્તાઓ એના માટે ઈસ્તિગફાર કરે છે.
- ✪ મિસ્વાક કાયમી કરવાથી આમાલનામુ જમણા હાથમાં આપવામાં આવશે.
- ✪ મિસ્વાક કરવાવાળા માટે કૃબ્ર વિશાળ થઈ જાય છે.
- ✪ જહન્નમના દરવાજા એના પર બંધ કરી દેવામાં આવે છે.
- ✪ મિસ્વાક હમેશાં કરવાવાળા માટે એ દિવસનો પણ સવાબ લખવામાં આવે છે, જે દિવસે એણે મિસ્વાક મજબૂરીના કારણે ન કર્યું.
- ✪ મિસ્વાક શરીરથી નુકસાનકારક ગરમીનો નાશ કરે છે. *(માહે રમઝાન કૈસે ગુઝારે ?, પેજ–૫૭)*

## ★ કયા સમયે મિસ્વાક કરવું જોઈએ ?! ★

- ✪ પ્રિય વાંચકો ! નીચે વર્ણન કરેલ સમયોમાં મિસ્વાક કરવું સુન્નત તથા મુસ્તહબ છે :
- ✪ નમાઝ પઢવાના સમયે ભલે ને પહેલાથી વુઝૂ હોય.
- ✪ વુઝૂ કરતી વખતે.
- ✪ કુર્આન મજીદની તિલાવતના સમયે.
- ✪ ઊંઘથી ઉઠયા પછી.
- ✪ જ્યારે મોઢુ બદબૂદાર થઈ જાય ભલે ને ખાવા પીવાથી અથવા લાંબા સમય સુધી ચૂપ રહેવાથી અથવા વધારે વાતો કરવાથી થાય. *(માહે રમઝાન કૈસે ગુઝારે ?, પેજ–૫૮)*

## ★ મિસ્વાકથી ઈલાજ ★

હકીમ એસ. એમ. ઈકબાલ લખે છે કે મારી પાસે એક દર્દી વ્યક્તિ આવ્યો, જેના દિલની રગમાં પરૂ થઈ ગયું હતું. લાંબા સમય સુધી ઈલાજ ચાલતો રહ્યો અને છેવટે ઓપરેશન કરી પરૂ કાઢવામાં આવ્યું. થોડાક સમય પછી ફરી પરૂ દિલની રગોમાં થઈ ગયું. અંતે એ વ્યક્તિ ઈલાજ કરાવતાં કરાવતાં થાકી ગયો અને મારી પાસે આવ્યો. મેં તપાસ કરી તો જાણ થઈ કે મસોડાઓના મૂળમાં પરૂ થઈ ગયું છે અને એ પરૂ દિલને નુકસાન પહોંચાડે છે. આ તપાસને બીજા અન્ય ડોકટરોએ પણ કૃબૂલ કરી. હવે એનો સૌ પ્રથમ દાંતો તથા મસોડાઓનો ઈલાજ કરવામાં આવ્યો. દવા રૂપે કોઈ જડીબુટ્ટી અને પીલુડીનું મિસ્વાક કરવાની સલાહ આપવામાં આવી. થોડાક જ દિવસોમાં દર્દીને ફાયદો થયો. *(માહે રમઝાન કૈસે ગુઝારે ?, પેજ–૫૯)*

## ★ મિસ્વાક સાયન્સની દ્રષ્ટિમાં ★

મિસ્વાક Anti Septic એટલે મોઢાની બદબૂને દૂર કરે છે. જ્યારે પણ મિસ્વાકનો ઉપયોગ થાય છે ત્યારે મોઢાની અંદરના કિટાણુંઓનો નાશ થાય છે જેથી વ્યક્તિનું અસંખ્ય બિમારીઓથી રક્ષણ થાય છે. ખરેખર મિસ્વાકમાં ફોસ્ફરસ (**Phosphors**) હોય છે. સંશોધન મુજબ જે જમીનમાં કેલ્શિયમ અને ફાસ્ફોરસનું પ્રમાણ વધુ હોય છે ત્યાં પીલુડીનાં વૃક્ષો વધુ જોવા મળે છે, અને કૃબ્રસ્તાનની માટીમાં કેલ્શિયમ તથા ફાસ્ફોરસ ઈન્સાનનાં હાડકાં સડવાના કારણે વધુ હોય છે, એટલા માટે જ કૃબ્રસ્તાનમાં પીલુડીનાં વૃક્ષો વધુ જોવા મળે છે. અને દાંતો માટે કેલ્શિયમ તથા ફાસ્ફોરસ અગત્યના ગુણો ધરાવે છે જે પીલુડીના મૂળોમાં હોય છે.

પ્રિય વાંચકો ! મિસ્વાકની ફઝીલતો અને ફાયદાઓનું સંપૂર્ણ વર્ણન કરવામાં આવે તો એક કિતાબ તૈયાર થઈ જાય પણ એ ઉમ્મીદ પર અમુક ફઝીલતો તથા ફાયદાઓ તમારી સમક્ષ રજૂ કર્યા છે કે લોકો નબી કરીમ ﷺની આ સુન્નતને સદા માટે જીવંત રાખે અને આ સુન્નત તરફ નબી ﷺની ઉમ્મત પ્રેરિત થાય.

અલ્લાહ તઆલા આપણને નબી ﷺની સુન્નતો પર અમલ કરવાની તૌફીકૃ અતા ફર્માવે. આમીન


## ★ દેવકા મસ્જિદ માટે મદદની અપીલ ★

દેવકા તાઈવાડ નાની દમણ મુકામે આવેલી ગરીબ નવાઝ મસ્જિદ મદ્રસા (મસ્લકે એહલે સુન્નત વલ જમાઅત)ના બાંધકામ માટે સહાય કરશો. સુન્ની મુસ્લિમ સુન્નત જમાત, દેવકા તાઈવાડમાં ઉપર નીચેનું ફલોરિંગ અને દીવાલ અને વુઝૂ ખાનાનું માર્બલનું કામ ચાલું છે. તો આપ તમામ મોમિન ભાઈઓ લિલ્લાહ મદદ મોકલીને સવાબે દૌરન હાંસિલ કરશો. ખર્ચ : અંદાઝે **૭,૦૦,૦૦૦/– (સાત લાખ રૂપિયા)** છે. દમણ એસ.બી.આઈ. બેંક ખાતા નંબર. ૩૦૨૮૩૪૧૨૮૨૬ **પ્રસિડેન્ટ** : હાજી ઝાકિરહુસૈન એ. પીરવાલા, મો. ૯૮૨૪૪ ૪૦૩૧૯ **વાઈસ પ્રેસિડેન્ટ** : ફૈયાઝ યુ. શેખ, મો. ૯૮૨૪૭ ૭૦૬૪૩

# નિયાઝ ફાતિહાની સાબિતી હદીષોની રોશનીમાં

કાર્યાલય

આજે નિયાઝ, ફાતિહા, તીજયુ, ઉર્સ વગેરે રસમોને બાતિલ ફિર્કાવાળાઓ નાજાઈઝ તથા બિદઅત કહ્યા કરતા હોય છે જેથી એ સર્વ બાબતોનું જાઈઝ હોવું હદીષે પાકની રોશનીમાં તેમજ ઈસ્લામના માન્યવર બુઝુર્ગો જેવા કે હઝરત શાહ અબ્દુલ અઝીઝ મુહદ્દિષ દહેલ્વી, હઝરત શાહ વલીયુલ્લાહ મુહદ્દિષ દહેલ્વી તથા હઝરત શાહ અબ્દુલહક્ક઼ મુહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہم اجمعینનાં કથનો તથા અમલોથી પુરવાર કરીએ કે જેમને માનતા હોવાનો દાવો દેવબંદીઓ પણ કરતા રહે છે. હવે તો તેમણે એમની વાત માનતા હોય તો હરામ, નાજાઈઝ, બિદઅતના ગોળા છોડવા બંધ કરવા જોઈએ, છતાં ન માને તો તેમની હઠધર્મીનો કોઈ ઈલાજ નથી. આ લેખથી કમસે કમ સુન્ની ભાઈ બહેનો તો તેમની ગુમરાહીથી બચી શકે છે.

બીજી ખાસ વિનંતિ એ કે આજે દરગાહો પર તથા ઉર્સના સમયે જે ગૈર શરઈ કામો થાય છે તેને સુન્નીઓ દૂર કરવા કોશિશ કરે અને ક઼બ્રો પર સિજદા જેમ માથાં ન ટેકવે બલ્કે ચાર હાથ દૂર ઉભા રહી અદબથી ફાતિહા પઢી રવાના થાય. એમાં જ અધિક અદબ છે. તથા સ્ત્રીઓ બની ઠનીને પીકનીકમાં પહોંચી હોય તેમ બેહયા થઈને ત્યાં હાજર ન થાય બલ્કે મઝાર પર સ્ત્રીઓએ હર હાલતમાં જવું મના છે. અને આપણે જોઈએ છીએ કે સ્ત્રીઓના ત્યાં જવાથી કેવા બેહયાઈભર્યા તમાશા મઝારો પર જોવા મળે છે. આ બધાને જ આગળ ધરીને બાતિલ ફિર્કાવાળા સુન્નિયતને બદ્નામ કરીને પબ્લિકને ગુમરાહ કરતા રહે છે. તો સુન્નિયતની લાગણી ખાતર પણ ક઼બ્રો પણ સિજદા જેમ માથાં ટેકવવાનું, નાચગાન, કવ્વાલીના મુક઼ાબલા તથા સ્ત્રીઓનાં પ્રદર્શનોને બંધ કરો અહીં અને ત્યાં શરીઅત મુજબનો પાકીઝા માહોલ ખડો કરો. ન્યાઝો જ્યાં ખવડાવાય છે ત્યાં પણ શાદીમાં જેમ મર્દ ઔરતની ભેળસેળ થાય છે તેવું અહીં થાય છે જેમાં નેકી કરતાં ગુનાહો વધી જતા હોય એવું જણાય છે ! તો ઔરતને પર્દામાં રાખીને જમાડવાની વ્યવસ્થા કરો. જેમની તમે ન્યાઝ કરો છો તેમને આવી બેપર્દગી તથા સ્ત્રી પુરૂષોની ભેળ સેળ તદ્દન પસંદ નથી. આવો ! હવે સવાલ જવાબના રૂપે નિયાઝ, ફાતિહા, ઉર્સની સાબિતી વિશે ચર્ચા કરીએ :–

**સવાલ** : વર્તમાન રિવાજ મુજબના ફાતિહા જેમાં શીરીની વગેરે સામે રાખીને કુર્આન શરીફ પઢીને કોઈ મો'મિનની રૂહને એનો સવાબ બખ્શવામાં આવે છે, શું આ પ્રમાણે કરવું જાઈઝ છે ?

**જવાબ** : બેશક ! જાઈઝ છે અને આ સરકારે દો આલમ ﷺ તથા સહાબાએ કિરામ તથા ઉલમા, ફક઼ીહો, મુહદ્દિષો, મુફસ્સિરોના કાર્યો તથા અમલોથી સાબિત છે અને સુન્નીઓનો મસ્લક છે કે શારીરિક (બદની) ઈબાદતો જેમ કે નમાઝ, રોઝા વગેરે તથા માલી ઈબાદતો જેમ કે ગોશ્ત, રોટી, હલ્વો વગેરે (બંને ઈબાદતોનો) સવાબ મુડદાંને મળે છે.

**સવાલ** : શું આપણા ઈમામે આ'ઝમ અબૂ હનીફા رضی اللہ عنہનો એ મસ્લક છે કે મુડદાંને નમાઝ, રોઝા, સદક઼ાનો સવાબ પહોંચે છે ?

**જવાબ** : હા ! હઝરત મુલ્લા અલી ક઼ારી رحمۃ اللہ علیہએ "શરએ ફિક઼્હે અકબર"માં લખ્યું છે કે હઝરત ઈમામે આ'ઝમ અબૂ હનીફા رضی اللہ عنہ તથા ઈમામ અહમદ બિન હંબલ رضی اللہ عنہ અને જમહૂર

ઉલમાએ સલફ (બહુમતિ પૂર્વજ બુઝુર્ગો) નો મઝહબ છે કે નમાઝ, રોઝા, સદકા વગેરેનો સવાબ બીજાઓને પહોંચે છે.

**સવાલ** : એ હદીષોને સંભળાવો જેનાથી જાણ થાય છે કે મુડદાંઓને જીવતા લોકો થકી સવાબ પહોંચે છે.

**જવાબ** : સાંભળો ! હદીષમાં આ પ્રમાણે છે :–

**હદીષ–૧** : હઝરત સઅદ رضی اللہ عنہએ હુઝૂર ﷺથી અર્ઝ કરી, મારી માનુ મૃત્યુ થઈ ગયું છે તો ક્યો સદકો તેમના માટે અફઝલ છે ? હુઝૂર ﷺએ ફર્માવ્યું, પાણી. હઝરત સઅદ رضی اللہ عنہએ એક કૂવો ખોદીને ફર્માવ્યું, કે આ કૂવો સઅદની માના માટે છે. *(મિશ્કાત શરીફ)*

**હદીષ–૨** : હઝરત આઈશા رضی اللہ عنہاથી મરવી છે કે એક શખ્સની મા મૃત્યુ પામી તો તેણે હુઝૂરે અક્દસ ﷺને પૂછયું કે જો હું મારી માની તરફથી સદકો કરું તો એનો સવાબ તેણીને મળશે ? આપ ﷺએ ફર્માવ્યું, હા ! તેણીને સવાબ મળશે. *(બુખારી શરીફ)*

**હદીષ–3** : હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત છે કે હુઝૂર ﷺને એક શખ્સે પૂછયું કે મારો બાપ વસિયત વિના મૃત્યુ પામેલ છે, જો એના તરફથી સદકો કરું તો એમના ગુનાહોનો કફ્ફારો થશે ? આપે ફર્માવ્યું કે હા ! થશે. *(મુસ્લિમ શરીફ)*

**હદીષ–૪** : હઝરત સઅદ ઈબ્ને ઓબાદા رضی اللہ عنہથી રિવાયત થયેલ છે કે તેમણે અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! મારી મા પોતાની જિંદગીમાં મારા માલથી હજ્જ તથા સદકાઓ અને સગાંઓ સાથે સારો વહેવાર અને મોહતાજોની મદદ કર્યા કરતી હતી, હવે તેણી મૃત્યુ પામી છે. જો અમે તેણીના તરફથી એ કામો કરીએ તો એમને ફાયદો પહોંચશે ?! હુઝૂર ﷺએ ફર્માવ્યું, હા ! *(કન્ઝુલ ઉમ્માલ)*

**હદીષ–૫** : હઝરત અલી رضی اللہ عنہથી મરવી છે. હુઝૂર ﷺએ ફર્માવ્યું, જે શખ્સ કબ્રસ્તાનથી પસાર થાય અને ૧૧વાર સૂરએ ઈખ્લાસ (કુલ્હુવલ્લાહ શરીફ) પઢીને તેનો સવાબ મુડદાંને બખ્શી આપે તો મુડદાંની સંખ્યા બરાબર તેને સવાબ મળશે. *(કન્ઝુલ ઉમ્માલ)*

**હદીષ–૬** : હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત થયેલ છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, જે શખ્સ કબ્રસ્તાનમાં પ્રવેશે અને સૂરએ ફાતિહા (અલ્હમ્દ શરીફ) સૂરએ ઈખ્લાસ (કુલ હુવલ્લાહ શરીફ), સૂરએ તકાષૂર પઢીને કહે : હે અલ્લાહ ! મેં તારા કલામનો સવાબ આ કબ્રસ્તાનનાં મુસલમાન પુરૂષ મુડદાં તથા સ્ત્રી મુડદાં (મો'મિનન તથા મો'મિનાત)ને બખ્શ્યો. તો એ મુડદાં એની સિફારિશ અલ્લાહની પાસે કરશે. *(શરહુસ્સુદૂર, જલાલુદ્દીન સિયૂતિ رحمۃ اللہ علیہ)*

**સવાલ** : એ હદીષોને પણ બયાન કરી આપો જેમાં સામે ખાવા પાણી વગેરે રાખીને દુઆ કરવા તથા ફાતિહા કરવાનો રિવાજ છે તેના માટે દલીલ બની શકે ?

**જવાબ** : (૧) હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી મરવી છે કે ગઝવએ તબૂકમાં જ્યારે લોકો ભૂખ્યા થયા તો જેની પાસે અનાજ તથા રોટલી વગેરેના ટુકડા બચેલા મૌજૂદ હતા તેને હુઝૂરે અકરમ ﷺએ દસ્તરખાન પર ભેગા કરાવ્યા અને દુઆ ફર્માવી. *(મિશ્કાત શરીફ)*

(૨) હઝરત અનસ رضی اللہ عنہથી મરવી છે કે મારાં વાલિદાએ ખજૂર, ઘી અને માખણનું ખાણુ એક વાસણમાં રાખીને હુઝૂર ﷺની પાસે મોકલ્યું. આપ ﷺએ એ ખાણા પર પોતાનો હાથ મુબારક રાખીને અલ્લાહને મંઝૂર હતું તે પઢયું. *(મિશ્કાત શરીફ)*

આ બંનેવ હદીષોથી ખાણુ સામે રાખીને એના પર કાંઈક પઢવું અને દુઆ કરવી એ હુઝૂર ﷺના અમલથી સાબિત છે જેમ કે આપણે ફાતિહા પઢવામાં

કરીએ છે.

**હદીષ–૭** : હઝરત અલ્લામા અલી કારી હનફી رضی اللہ عنہએ પોતાના ફતાવામાં આ પ્રમાણે નકલ કર્યું છે : જ્યારે નબી કરીમ صلی اللہ علیہ وسلمના પુત્ર ઈબ્રાહીમ رضی اللہ عنہના ઈન્તેકાલને ત્રીજો દિવસ થયો તો હઝરત અબૂઝર رضی اللہ عنہએ એક પ્યાલામાં દૂધ અને જવની રોટી તથા લાવીને હુઝૂર صلی اللہ علیہ وسلمની સામે રાખ્યું. આપે એના પર એકવાર સૂરએ ફાતિહા તથા ત્રણવાર સરએ ઈખ્લાસ (કુલ્હુવલ્લાહ શરીફ) પઢયા અને બંને હાથોને ઉઠાવીને દુઆ કરી અને ચહેરા મુબારક પર ફેરવ્યા અને આ પ્રમાણે ફર્માવ્યું : મેં આનો સવાબ મારા પુત્ર ઈબ્રાહીમને બખ્શી આપ્યો. પછી આપે હઝરત અબૂઝર رضی اللہ عنہથી ફર્માવ્યું કે આપસમાં વહેંચી લો.

આ હદીષથી કેટલીયે વાતો સાબિત થઈ : (૧) ખાણુ સામે રાખીને ફાતિહા કરવું હુઝૂર صلی اللہ علیہ وسلمના અમલથી સાબિત છે. (૨) ફાતિહામાં શું પઢવામાં આવે છે તે. (૩) તીજીયાની સાબિતી (૪) બાળકો માટે દૂધના ફાતિહા કરવા (૫) ફાતિહાનો સવાબ મુડદાંઓનો બખ્શવાનો તરીકો. (૬) ફાતિહા પછી બંને હાથોને ચહેરા પર ફેરવવા (૭) બુઝુર્ગોના ફાતિહાની ચીજ માલદાર લોકોએ પણ ખાવી જાઈઝ છે.

આ હદીષને મૌલાના શાહ વલીયુલ્લાહ મુહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہએ પોતાની "હશ્યિતુલ હરમૈન" અરબીના તેરમા પ્રકરણમાં પેજ ૬૮–૬૯માં નકલ કરી છે.

**સવાલ** : હઝરત મૌલાના શાહ અબ્દુલ અઝીઝ સાહબ મુહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہ "મજમૂઆ ઝુબ્દતુન્નસાએહ"માં લખે છે કે કબ્રોની ઝિયારત કરવી તથા સાલેહીનની કબરોથી બરકત પ્રાપ્ત કરવી અને કુર્આન શરીફ પઢીને એનો સવાબ એમને નઝર કરવો અને દુઆએ ખૈર કરવી અને ખાવા તથા મીઠાઈ વહેંચવી એ ઘણી જ બેહતર ચીજ છે. ઉલમાની એના પર એકમતિ છે અને ઉર્સના માટે દિવસ નિશ્ચિત કરવો એટલા માટે છે કે એ દિવસે દુનિયાથી આખેરતની તરફ બુઝુર્ગોનુ પ્રયાણ થયું છે. *(ઝુબ્દતુન્નસાએહ)*

**૨.** "ઝુબ્દતુન્નસાએહ"માં હઝરત મૌલાના શાહ વલીયુલ્લાહ સાહબ દહેલ્વી رحمۃ اللہ علیہ લખે છે કે મલીદો તથા ખીર બુઝુર્ગોના ફાતિહાના માટે પકાવવું અને તેનો સવાબ તેમની રૂહોને બખ્શવો અને લોકોને ખવડાવી દેવું, એમાં કોઈ વાંધો નથી, એ જાઈઝ છે. અને મન્નતનુ ખાવા માલદારના માટે નાજાઈઝ અને બુઝુર્ગોના ફાતિહાની ચીજ માલદારે પણ ખાવું જાઈઝ છે. *(ઝુબ્દતુન્નસાએહ)*

**૩.** "તકરીરે ઝબીહા"માં ખૂદ વહાબી દેવબંદીઓના ગુરૂ ઈસ્માઈલ દહેલ્વી લખે છે કે જો કોઈ શખ્સ કોઈ ખસ્સીવાળુ જાનવર મેળવે જેથી તેનો ગોશ્ત ઉમદા થઈ જાય. તેને ઝબહ કરીને મોટા પીર (ગૌષ પાક رضی اللہ عنہ)ના ફાતિહા આપવામાં આવે અને તે લોકોને ખવડાવી દેવામાં આવે એમાં કોઈ વાંધો નથી.

**સવાલ** : ઈસ્તિમદાદનો શું અર્થ છે ?

**જવાબ** : ઈસ્મિદાદનો અર્થ છે મદદ માગવી, અલ્લાહના નેક બંદાઓને ચાહે જીવંત હોય કે મૃત્યુ પામેલ હોય તેમને વસીલો બનાવવો અને તેમના વાસ્તાથી મદદ માગવી અને એવું કહેવું કે હે અલ્લાહ ! હું તારી બારગાહમાં સરવરે દો صلی اللہ علیہ وسلمની રૂહે પાકને અથવા ફલાણા શયખની રૂહને મારા ફલાણા કામમાં વસીલો લાવ્યો છું. આ રીતની દુઆ કરવી વિના શંકાએ ચારેવ મઝહબો (હનફી, શાફઈ, માલિકી તથા હંબલી)ના ઈમામો તથા ફકીહો તથા મુહદ્દિષોની નજીક જાઈઝ છે અને કુર્આન શરીફ તથા હદીષ શરીફથી સાબિત છે.

## ★ વલીઓના ઉર્સ અને શયખ અબ્દુલ હક્ક મુહદ્દિષ દહેલ્વી ★

હઝરત મુહક્કિકે અલલ ઈત્લાક હઝરત શયખ અબ્દુલ હક્ક મુહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہએ ફર્માવ્યું કે, (અર્થ) : "જ્યારે ફાતિહાનું ખાણુ કરવા ચાહો ત્યારે ઈન્તેકાલની તારીખ વધુ પેજ નં. ૧૩....પર

# હજ્જના ફઝાઈલ હદીષોની રોશનીમાં

અઝ : હઝરત મૌલાના મુહમ્મદ શાકિર અલી નૂરી રઝવી
*(અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી)*

હજ્જના ફઝાઈલમાં વિવિધ હદીષો આવેલી છે એમાંથી અમુક હદીષો અમે નકલ કરી રહ્યા છીએ જેથી કરીને વાંચકોના દિલોમાં હજ્જની અઝમત (મહાનતા) જામી જાય અને તેમને અંદાજ થઈ જાય કે આ અમલ પર અલ્લાહ ﷻ કેટલા પ્રમાણમાં સવાબ તથા જઝા અતા ફર્માવે છે.


**★ ગુનાહોની માફી ★**

હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત છે કે હુઝૂર ﷺએ ઈર્શાદ ફર્માવ્યો :–

**مَنْ حَجَّ لِلّٰہِ فَلَمْ یَرْفُثْ وَلَمْ یَفْسُقْ رَجَعَ کَیَوْمٍ وَلَدَتْہُ اُمُّہٗ**

"જેણે હજ્જ કરી અને રફષ (બિભત્સ વાતો) તથા ફિસ્ક (ગુનોહ) ન કર્યો તો ગુનાહોથી એવો પાક થઈને પરત થશે જેવો એ દિવસે પાક હતો જે દિવસે પોતાની માના પેટથી પેદા થયો હતો." *(બુખારી શરીફ, હદીષ : ૧૫૨૧)*

દરેક ગુનાહમાં અલ્લાહ ﷻની નાફર્માની છે અને જે શખ્સ અલ્લાહ ﷻની નાફર્માની કરે છે એનાથી અલ્લાહ ﷻ નારાજ થઈ જાય છે. આ હદીષમાં એ વાત ઉઘાડી છે કે જ્યારે તે બંદો આજિઝીની સાથે મૌલા ﷻના ઘરની ઝિયારતના માટે હાજર થઈ જાય છે અને હજ્જના મનાસિક અદા કરી લે



છે તો મૌલા તેના ગુનાહોને માફ કરી આપે છે. પરંતુ ખબરદાર ! આ દરબારમાં પહોંચીને બિભત્સ વાતો તથા ગુનાહોથી પોતાના દામનને ખાસ કરીને બચાવી રાખવાનો છે, જેથી કરીને અલ્લાહ ﷻ આપના પર પોતાની ખાસ રહમતો નાઝિલ ફર્માવે.

**★ અફઝલ જેહાદ ★**

હઝરત આઈશા رضی اللہ عنہاથી રિવાયત છે, ફર્માવે છે કે મેં બારગાહે રિસાલત મઆબ ﷺમાં અર્ઝ કરી : **نَرَی الْجِهَادَ اَفْضَلَ الْاَعْمَالِ اَفَلَا نُجَاهِدُ** "જેહાદ સૌથી સારો અમલ છે તો અમે કેમ જેહાદ ન કરીએ ?" હુઝૂર ﷺએ ફર્માવ્યું, **اَفْضَلُ الْجِهَادِ حَجٌّ مَّبْرُوْرٌ** "મક્બૂલ હજ્જ સૌથી શ્રેષ્ઠ જેહાદ છે." *(બુખારી શરીફ, હદીષ : ૧૫૨૦)*

હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું :– **جِهَادُ الْكَبِيْرِ وَ الضَّعِيْفِ وَ الْمَرْاَةِ الْحَجُّ وَ الْعُمْرَةُ** "વૃદ્ધો, કમજોરો અને સ્ત્રીઓનો જેહાદ હજ્જ તથા ઉમરા છે." *(મુસ્નદે ઈમામ અહમદ, હદીષ : ૯૪૫૯)*

આ બંનેવ રિવાયતોથી અંદાજો કરો કે હજ્જ કેટલી ફઝીલત ધરાવે છે. એક અલ્લાહની રાહમાં જેહાદ કરનારો પોતાના ઘરથી બીવી બચ્ચાંથી, સગાં સંબંધીઓથી દૂર અલ્લાહની રાહમાં નીકળી જાય છે, તેને એ ખબર નથી હોતી કે તે કેટલી મુદ્દતના માટે જઈ રહ્યો છે, પાછો ફરીને ક્યારે આવશે, આવશે પણ ખરો કે પછી રાહે ખુદામાં શહાદતના મહાન મર્તબા પર બિરાજમાન થઈ જશે. પોતાની જાનને હથેળી પર રાખીને તે પોતાના ઘરેથી નીકળી જાય છે. આ બંનેવ હદીષોમાં ફર્માવવામાં આવ્યું કે હજ્જ પણ એક જેહાદ છે, પરંતુ એમાં જેહાદ કરતાંય અધિક સવાબ મળે છે. ખાસ કરીને કમજોરો તથા સ્ત્રીઓના માટે, કેમ કે તેઓ જેહાદ નથી કરી શકતા, જેથી હજ્જ કરીને

જેહાદની જેમ સવાબ હાંસલ કરી શકે છે.

**★ મોહતાજી દૂર થાય છે ★**

કેટલાક લોકો શક્તિશાળી હોવા છતાં એવું વિચારીને કે હજ્જ કરશે તો એમાં એક મોટી રકમ વપરાશે અને પછી આપણે મોહતાજી વેઠવી પડશે. જ્યારે કે સરકારે દો આલમ ﷺના ફર્માનના પ્રમાણે હજ્જ કરવાથી મોહતાજી દૂર થાય છે.

જેમ કે હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہથી રિવાયત છે કે સરકારે દો આલમ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, "હજ્જ તથા ઉમરા, મોહતાજી તથા ગુનાહોને એવી રીતે દૂર કરે છે જેવી રીતે ભઠ્ઠીમાં નાખ્યા બાદ લોખંડ, ચાંદી તથા સોનાનો મેલ દૂર થઈ જાય છે. અને હજ્જે મબરૂરનો સવાબ જન્નત જ છે." *(તિર્મિઝી શરીફ, હદીષ : ૮૧૫)*

આ હદીષમાં બે વાતો વર્ણન કરવામાં આવી છે, એક તો એ કે હજ્જ તથા ઉમરા કરવાથી ગુનાહનો મેલ દૂર થઈ જાય છે, બીજી એ કે હજ્જ તથા ઉમરા કરવાથી મોહતાજી દૂર થઈ જાય છે. કારણ એ છે કે જ્યારે બંદો પોતાના મૌલાના દરબારમાં હાજરી આપે છે તો તેના દિલમાં તવક્કુલનો જઝબો પેદા થઈ જાય છે જેના કારણે અલ્લાહ ﷻ તેને બેનિયાઝ કરી આપે છે અને મખ્લૂકને મોહતાજીથી બચાવીને ગની કરી આપે છે.

**★ દરેક ડગલે નેકી ★**

આ અલ્લાહ ﷻનો કેટલો કરમ છે કે નેકીના ઈરાદા પર પણ પોતાના બંદાઓને નેકી અતા ફર્માવે છે, નેક કામના માટે ચાલવા પર પણ નેકી અતા કરે છે. એ જ પ્રમાણે હજ્જ કરવાવાળાને પણ અલ્લાહ ﷻ એક કદમના બદલે નેકીઓ અતા ફર્માવે છે, જેમ કે હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہથી રિવાયત છે, તે કહે છે કે મેં અબુલ કાસિમને ફર્માવતાં સાંભળ્યા, જે ખાનએ કા'બાના ઈરાદાથી આવ્યો અને ઊંટ પર સવાર થયો તો ઊંટ જે કદમ ઉઠાવે તથા રાખે છે તેના બદલામાં અલ્લાહ તઆલા તેના દરજાઓ બુલંદ કરે છે ત્યાં સુધી કે જ્યારે તે કા'બા શરીફની પાસે પહોંચીને તવાફ કરે છે, સફા તથા મરવા દરમ્યાન સઈ કરે છે અને વાળ મૂંડાવે અથવા કતરાવે છે તો ગુનાહોથી એવો પાક થઈ જાય છે જાણે એ જ દિવસે પેદા થયો હતો. *(શુઅબુલ ઈમાન લિલ્બયહકી, હદીષ : ૪૧૧૫)*

આપણે આપણા દેશથી મક્કા મોઅઝ્ઝમાનું અંતર જોઈએ કે કેટલાં ડગલાનું અંતર છે, આપણે ગણી નથી શકતા ! હવે અંદાઝો લગાડો કે હજ્જના ઈરાદાથી નીકળવા પર અલ્લાહ ﷻ આપણને કેટલી નેકીઓ અતા ફર્માવશે, કેટલા ગુનાહ મિટાવશે અને આપણા કેટલા દરજા બુલંદ ફર્માવશે. આ તો કેવળ આપણા ઉઠનારા કદમના બદલામાં મળનારી નેકીઓ છે, હજ્જની નેકીઓ તો અલગ છે ! તે એ રીતે મળશે કે આપણને ગુનાહોથી એ રીતે પાક કરી દેવામાં આવશે જેવી રીતે નવુ જન્મેલ બાળક ગુનાહોથી તદ્દન સાફ સુથરૂ હોય છે. વળી એ પણ જુઓ કે ક્યા દરબારની મહેમાની માટે જઈ રહ્યા છો ! તો તે પોતાની શાનના પ્રમાણે શું અતા કરી આપશે તેની આપણે કલ્પના પણ નથી કરી શકતા.

**★ પગપાળા હજ્જનો સવાબ ★**

એ દરેક વ્યક્તિ જાણે છે કે દરેક વ્યક્તિ પોતાની મહેનત તથા કોશિશના મુજબ દરજાઓ પામે છે. આ જમાનામાં ભલે કાર, બસ વગેરેની સહુલતો છે પણ હજ્જના મનાસિક પગપાળા અદા કરવામાં જે સવાબ છે તે ગાડી વગેરે પર સવાર થઈને અદા કરવામાં ક્યાં ?!

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماથી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું :-

مَنْ حَجَّ مِنْ مَّكَّةَ مَاشِيًا حَتّٰى يَرْجِعَ اِلٰى مَكَّةَ كَتَبَ اللّٰهُ لَهٗ بِكُلِّ خُطْوَةٍ سَبْعَ مِائَةِ حَسَنَةٍ كُلُّ حَسَنَةٍ مِّثْلُ حَسَنَاتِ الْحَرَمِ

"જે મક્કાથી પગપાળા હજ્જ (વુકુફ વગેરે)ના માટે જાય તેના માટે મક્કા પરત આવતા સુધી દરેક દરેક કદમ પર હરમની નેકીઓની જેમ સાતસો નેકીઓ લખવામાં આવશે." કોઈએ અર્ઝ કરી, હરમની

નેકીઓની શું માત્રા છે ? હુઝૂર ﷺએ ફર્માવ્યું, **بِكُلِّ حَسَنَةٍ مِّائَةُ اَلْفِ حَسَنَةٍ** ''દરેક નેકીના બદલે એક લાખ નેકી.'' *(સુનને બયહકી, હદીષ : ૨૦૬૦૧)*

પગપાળા હજ્જ કરવાથી મુરાદ એ છે કે હજ્જના દિવસો શરૂ થયા બાદ મક્કા શરીફથી મિના, અરફા, મુઝદલ્ફા વગેરે જ્યાં પણ જવું હોય પગપાળા જાય, સવારીથી ન જાય અને એ જ પ્રમાણે પગપાળા મક્કા પરત આવી જાય. મક્કામાં એક નેકીનો સવાબ એક લાખ નેકીઓ બરાબર હોય છે, અને પગપાળા હજ્જ કરનારાને દરેક દરેક કદમ પર મક્કાની નેકીઓના સમાન સાતસો સાતસો નેકીઓ મળશે, તો સમજો કે જો કોઈએ પગપાળા હજ્જ કરી તો તેને દરેક દરેક કદમ પર સાત સાત કરોડ નેકીઓ મળશે. યાદ રાખશો કે આ નેકીઓ કેવળ પગપાળા ચાલવા પર છે, હજ્જની જે નેકીઓ છે તે તો અલગ છે.

### ★ હાજીની દુઆ ★

અલ્લાહના કેટલાક ખાસ બંદાઓ છે જેમની દુઆ અલ્લાહ ﷻ કબૂલ ફર્માવે છે એમાંથી એક હજ્જ કરનાર પણ છે. હાજી જો કોઈના માટે મગફેરતની દુઆ માગે તો અલ્લાહ ﷻ તેના ગુનાહોને પણ માફ ફર્માવી આપે છે.

જેમ કે હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત છે કે હુઝૂર ﷺએ ફર્માવ્યું, **يُغْفَرُ لِلْحَاجِّ وَلِمَنِ اسْتَغْفَرَ لَهُ الْحَاجُّ** ''હાજીના ગુનાહ માફ કરી દેવામાં આવે છે અને એના પણ ગુનાહ માફ કરી દેવામાં આવે છે જેના માટે હાજી મગફેરતની દુઆ કરે.'' *(મજમઉઝ્ ઝવાઈદ, હદીષ : ૨૫૮૫)*

એટલા માટે ફર્માવવામાં આવ્યું કે જ્યારે કોઈ શખ્સ હજ્જ કરીને પરત થાય તો ઘર પહોંચતા પહેલાં તેની પાસે દુઆઓ કરાવી લેવી જોઈએ, કેમ કે તે અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝતના દરબારની મહેમાની કરીને આવે છે એટલા માટે અલ્લાહ ﷻ એની દુઆઓ કબૂલ ફર્માવે છે. અને કેમ ન કબૂલ થાય કે અલ્લાહ ﷻના પ્યારા મહબૂબ સાહિબે લૌલાક ﷺએ ખૂદ હાજીના હક્કમાં દુઆ ફર્માવી :–

**اَللّٰهُمَّ اغْفِرْ لِلْحَاجِّ وَلِمَنِ اسْتَغْفَرَ لَهُ الْحَاجُّ**

''હે અલ્લાહ! હજ્જ કરવાવાળાની મગફેરત ફર્માવ અને જેના હક્કમાં હાજી મગફેરતની દુઆ કરે તેની પણ મગફેરત ફર્માવ.'' *(અસ્સુનનુલ કુબ્રા લિલ્બયહકી, હદીષ : ૧૦૧૬૧)*

### ★ આફિયત તથા મગફેરત ★

દરેક **મુસલમાનની બે દિલી તમન્નાઓ** હોય છે **એક** એ કે દુનિયામાં ખૈર તથા આફિયત (રાહત)ની સાથે જિંદગી પસાર થઈ જાય અને **બીજી** એ કે દુનિયાથી ગયા પછી મગફેરત થઈ જાય અને જન્નતમાં દાખલ કરી દેવામાં આવે. હજ્જ કરનારને બંનેવ નેઅમતોથી અલ્લાહ ﷻ માલામાલ કરી આપે છે. હઝરત અબૂઝર رضی اللہ عنہથી રિવાયત છે, નબી અકરમ ﷺએ ફર્માવ્યું, હઝરત દાઊદ علیہ السلامએ અલ્લાહ ﷻની બારગાહમાં અર્ઝ કરી :–

**اِلٰهِیْ! مَا لِعِبَادِكَ عَلَيْكَ اِذَا هُمْ زَارُوْكَ فِیْ بَيْتِكَ**

''હે અલ્લાહ ! જ્યારે તારા બંદા તારા ઘરની ઝિયારત માટે આવે છે તો તું એને શું અતા ફર્માવે છે ?''

અલ્લાહ ﷻ ઈર્શાદ ફર્માવે છે :–

**اِنَّ لِكُلِّ زَآئِرٍ عَلَى الْمَزُوْرِ حَقًّا، يَا دَاوُوْدُ اِنَّ لَهُمْ عَلَیَّ اَنْ اُعَافِيَهُمْ فِی الدُّنْيَا وَ اَغْفِرَ لَهُمْ اِذَا لَقِيْتُهُمْ**

''હે દાઊદ ! દરેક ઝાઈર (મુલાકાતી)નો એના પર હક્ક હોય છે જેની ઝિયારતના માટે તે જાય, તેમનો મારા પર હક્ક છે કે દુનિયામાં તેમને આફિયત (રાહત) આપીશ અને જ્યારે તેઓ મને મળશે તો તેમની મગફેરત ફર્માવી દઈશ.'' *(તિબ્રાની અવસત, હદીષ : ૬૨૧૬)*

જુઓ ! આ હદીષમાં અલ્લાહ ﷻએ સાફ એલાન ફર્માવી દીધું કે મુસલમાનોની જે દિલી તમન્નાઓ છે, એટલે દુનિયામાં ખૈરિયત તથા આફિયતની સાથે જિંદગી પસાર કરી લેવી અને આખેરતમાં બખ્શિશનો પરવાનો મળી જવો. અલ્લાહ ﷻએ હાજીના માટે આ બંનેવ વાતો પોતાના કરમના જિમ્મા પર લઈ લીધી છે અને જે રીતે કોઈ શખ્સ કોઈને ત્યાં મહેમાન બનીને જાય છે તો તે શખ્સ તેની મહેમાનનવાઝી કરે છે,

અલ્લાહ ﷻ પણ પોતાના દરબારમાં હાજર થનારાઓની આ રીતે મહેમાનનવાઝી કરે છે કે દુનિયામાં તેમને ખૈરિયત તથા આફિયત (ભલાઈ, રાહત) સાથે રાખે છે અને આખેરતમાં તેમની મગફેરત ફર્માવી આપે છે.

### ★ હજ્જ ન કરવાની સજા ! ★

જે હદીષો વર્ણન થઈ એનાથી એ વાત સ્પષ્ટ થઈ ગઈ કે હજ્જમાં વિવિધ ફઝાઈલ છુપાએલા છે, દા.ત. હાજીના ગુનાહ માફ કરી દેવામાં આવે છે, તેના દરેક દરેક કદમ પર સેંકડો નેકીઓ લખવામાં આવે છે, અલ્લાહ ﷻ તેને ગની (માલદાર) કરી આપે છે, તેની દુઆઓ બારગાહે રબ્બુલ ઈઝ્ઝતમાં કબૂલ થાય છે, અલ્લાહ ﷻ તેના માટે ભલાઈ તથા મગફેરતની ઝમાનત લે છે. પરંતુ અહીં તસ્વીરની બીજી બાજુ પણ છે, એટલે કે જે શખ્સ શક્તિ હોવા છતાં હજ્જ નથી કરતો તે પ્રથમ તો એ ફઝાઈલથી વંચિત રહી જાય છે. બીજુ એ કે અલ્લાહ ﷻ અને તેના પ્યારા રસૂલ ﷺની નારાજગી હાથ લાગે છે. જેમ કે અલ્લાહના પ્યારા રસૂલ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો :–

**مَنْ مَّلَكَ زَادًا وَّ رَاحِلَةً تُبَلِّغُهُ اِلٰى بَيْتِ اللّٰهِ وَلَمْ يَحُجَّ فَلَا عَلَيْهِ اَنْ يَّمُوْتَ يَهُوْدِيًّا اَوْ نَصْرَانِيًّا۔**

"જે શખ્સ હજ્જના ખર્ચા પર શક્તિમાન હોવા છતાં હજ્જ ન કરે તો કોઈ પરવા નથી કે તે યહૂદી થઈને મરે કે નસ્રાની." *(તિર્મિઝી શરીફ, હદીષ : ૮૧૨)*

ખાત્મા બિલ ખૈર (ઈમાન સાથે મૌત) થવા પર અમલોનો દારોમદાર હોય છે, અને હુઝૂર રહમતે આલમ ﷺને પોતાની ઉમ્મતની ખૂબ જ પરવા છે, પરંતુ જે શખ્સ શક્તિ હોવા છતાં હજ્જ નથી કરતો એના બારામાં ફર્માવી રહ્યા છે કે તે ચાહે યહૂદી થઈને મરે કે નસ્રાની થઈને, એની કોઈ પરવા નથી ! એનાથી આપ અંદાઝો લગાડી શકો છો કે શક્તિ હોવા છતાં હજ્જ ન કરવી કેટલો મહાન જુર્મ છે અને કેટલો મહાન ગુનોહ છે.

જ્યારે આ ઈબાદત આટલી સારી ફઝીલતો ધરાવે છે અને એને છોડવામાં એટલો મોટો ગુનોહ છે, તો જે લોકો શક્તિશાળી છે તેમણે કોઈપણ સ્થિતિમાં હજ્જના મામલામાં ઉણપ કરવી જોઈએ નહીં અને જેટલા જલ્દી થઈ શકે આ મહાન ઈબાદતને અદા કરવાના માટેની તૈયારી કરી લેવી જોઈએ. જિંદગીનો કોઈ ભરોસો નથી, આજે છે કાલે ન રહે. એટલા માટે પ્રથમ ફુરસદમાં ઈખલાસની સાથે બારગાહે રબ્બુલ ઈઝ્ઝતમાં હાજરીની તૈયારી કરી લેવી જોઈએ.

### ★ હજ્જના રહસ્યો તથા ભેદો ★

હજ્જની ફર્ઝિયતમાં વિવિધ રહસ્યો તથા ભેદો છે :

★ જે જગાઓ પર અલ્લાહ ﷻની ખાસ રહમતો નાઝિલ થઈ તેની ઝિયારત કરવી.

★ અલ્લાહ ﷻની બારગાહમાં હાજર થવું.

★ હઝરત ઈબ્રાહીમ علیہ السلامની જેમ અલ્લાહ તઆલાની દઅવત પર લબ્બૈક કહેવું.

★ એ અજોડ કુર્બાનીની રૂહને જીવંત કરવું જેનો પાયો અલ્લાહ તઆલાના બે મહાન રસૂલોએ રાખ્યો હતો.

★ હજ્જનો જ એક એવો મોકો છે જ્યારે વિવિધ દેશોના, વિવિધ રંગ તથા વંશના, વિવિધ ભાષાઓવાળા અલ્લાહના બંદાઓ એક જ લિબાસમાં, એક જ હાલતમાં, એક જ ભાવના સાથે, એક જ શુષ્ક મેદાનમાં એકત્ર થઈને પોતાની ઉણપો, ગલતીઓ તથા બદ્કારીઓ પર શર્મિંદગીનાં આંસૂ વહાવે છે અને અલ્લાહ ﷻની મગફિરત તલબ કરે છે.

★ હજ્જ કરનારા મુસલમાનોના દિલોમાં એ વખતે એ જ જઝબાઓ ઉછાળા મારતા હોય છે જે ચાર હજાર વરસો પહેલાં હઝરત ઈબ્રાહીમ علیہ السلامના દિલમાં હતા.

★ દુનિયાની નજરમાં એ વાત ઘણી કઠીન છે કે દુનિયાના વિવિધ દેશોમાં વસનારા માણસો એક ભાષા બોલે, એક પ્રકારનું કપડુ પહેરે. કેમ કે સૌની ભાષા અલગ છે, સંસ્કૃતિઓ અલગ છે, પણ મક્કા

મુકર્રમામાં હજજના દરમ્યાન દુનિયાના વિવિધ હિસ્સાઓમાંથી એકત્ર થનારા મુસલમાન એક જ પ્રકારના લિબાસમાં હોય છે, એક જ જઝબો પોતાના દિલોમાં ધરાવતા હોય છે અને એક જ અંદાઝથી પોતાના મૌલા ﷻને યાદ કરે છે.

★ વિવિધ દેશોના ઉલમાનું એક જગાએ એક સાથે જમા થવું ખૂબ જ મુશ્કેલ કામ છે પણ હજજના મોક઼ા પર વિવિધ દેશોના ઉલમા અને દાનિશ્વરો મક્કા મુઅઝ્ઝમામાં એકત્ર થાય છે અને પોતાના ખયાલો તથા ચિંતનોની આપસમાં ચર્ચા કરે છે. એ પણ આખા વિશ્વમાં ઈલ્મ ફેલાવવાનો મહત્વનો ઝરીયો છે.

★ હજજ કર્યા પછી મુસલમાન પોતાની ગુનાહોથી ખરડાયેલી પાછલી જિંદગીને ભૂલીને નેક સાલેહ બનીને નવી જિંદગીની શરૂઆત કરવાનો નિશ્ચય કરે છે અને હક઼ીક઼તમાં આ હજજના ક઼બૂલ થવાની નિશાની પણ છે કે હાજી પોતાની જિંદગીમાં ઈન્કિ઼લાબ લાવે, નેકીઓની તરફ વળે અને ગુનાહોથી પરહેઝનો જઝબો પોતાના દિલમાં પેદા કરે.

★ હજજની અદાયગીના જઝબામાં માણસના દુનિયવી મામલાઓમાં પણ તબદીલી આવે છે, દા.ત. પોતાનાં બાળબચ્ચાંના માટે ભરણપોષણ પૂરુ પાડયા બાદ હજજના માટે રવાના થવું, કરજદાર છે તો કરજ અદા કરવું વગેરે. એ જ પ્રમાણે લોકો પ્રતિ પોતાના દિલમાં અદાવત તથા કીનો ધરાવતો હોય તો વિદાય થતી વખતે તેમનાથી માફી માંગી માફ કરવું કરાવવું, રિસાયેલાઓને મનાવવું, જેમના હક્કો઼ મારી ખાધા હોય તેમના હક્કો઼ અદા કરવા.

★ જમાઅતની સાથે નમાઝ પઢવામાં એકબીજાની સાથે સમાનતાનો દર્સ મળે છે, પણ હજજમાં ઉચ્ચકક્ષાની સમાનતા જોવા મળે છે તે એ રીતે કે એક જ પ્રકારનાં કપડાં પહેરીને, એક જ સ્થિતિમાં, એક જ ભાવના સાથે અમીર તથા ગરીબ, આલિમ તથા જાહિલ, સત્તાધારીઓ તથા પ્રજા એક મેદાનમાં ઉઘાડા આકાશ નીચે અલ્લાહ ﷻના દરબારમાં હાજર થાય છે, કોઈના માટે કોઈ ખાસ જગા નિશ્ચિત નથી, બલ્કે જેને જ્યાં જગા મળે ત્યાં રોકાય છે.

★ મોટા મજમાને જોઈને હશ્રના મેદાનનો ખયાલ દિમાગમાં આવે છે. ત્યાં આ જ પ્રમાણે દરેક રંગ, દરેક નસ્લ, દરેક ભાષાવાળા એક જ જગા અલ્લાહ ﷻની સમક્ષ ઉભા થશે.

## ★ હુઝૂર ﷺનો હજ્જ ★

હુઝૂર ﷺએ ઝીલ કઅદાની અંતિમ તારીખે જુમેરાતના દિવસે મદીના મુનવ્વરામાં ગુસ્લ કરીને તેહબંદ તથા ચાદર શરીર પર સજાવી અને ઝોહરની નમાઝ મસ્જિદે નબવીમાં અદા ફર્માવીને મદીના મુનવ્વરાથી રવાના થયા અને પોતાની તમામ અઝવાજે મુતહ્‌હરાત (પવિત્ર બીવીઓ)ને પણ સાથે ચાલવાનો હુકમ આપ્યો. મદીના મુનવ્વરાથી છ માઈલ દૂર મદીનાવાળાઓની મીક઼ાત "ઝુલ હલીફા" પર પહોંચીને રાતભર રોકાણ કર્યું પછી એહરામના માટે ગુસ્લ કર્યું અને હઝરત બીબી આઈશા رضی اللہ عنہાએ પોતાના હાથ વડે જિસ્મે અત્હર (શરીર મુબારક) પર ખુશ્બુ લગાડી. પછી આપે બે રકાત નમાઝ અદા ફર્માવી અને પોતાની ઊંટણી "કસ્વા" પર સવાર થઈને એહરામની નિય્યત કરીને બુલંદ અવાજથી લબ્બૈક પઢયું અને રવાના થયા.

ચોથી ઝીલ હજ્જે આપ મક્કા મુકર્રમામાં દાખલ થયા. ફજરની નમાઝ આપે "ઝી તુવા"માં અદા ફર્માવી અને ગુસ્લ કર્યું. પછી આપ મક્કા મુકર્રમામાં દાખલ થયા અને ચાશતના સમયે મસ્જિદે હરામમાં દાખલ થયા.

જ્યારે હજરે અસ્વદ સમક્ષ તશરીફ લઈ ગયા તો હજરે અસ્વદ પર હાથ રાખીને તેને બોસો આપ્યો, પછી ખાનએ કા'બાનો તવાફ કર્યો. શરૂના ત્રણ ફેરાઓમાં આપે રમલ કર્યો અને બાકીના ચાર ચક્કરોમાં મામૂલી ચાલથી ચાલ્યા. દરેક ચક્કરમાં જ્યારે હજરે અસ્વદની સામે પહોંચ્યા તો એનો ઈસ્તેલામ કરતા.

જ્યારે તવાફથી ફારિગ થયા તો મક઼ામે ઈબ્રાહીમની પાસે તશરીફ લાવ્યા, અને ત્યાં બે રકાત નમાઝ અદા કરી, નમાઝથી ફારિગ થઈને ફરી હજરે અસ્વદનો ઈસ્તેલામ ફર્માવ્યો, અને સામેના દરવાજેથી સફાની તરફ રવાના થયા, પછી સફા તથા મરવાની સઈ કરી.

કેમ કે આપની સાથે કુર્બાનીનાં જાનવર હતાં (એટલે કે આપે હજ્જે કિ઼રાનની નિય્યત કરી હતી) એટલા માટે ઉમરો કર્યા બાદ આપે એહરામ નથી ઉતાર્યો.

આઠમી ઝીલ હજ્જ જુમેરાતના દિવસે આપ મિના તશરીફ લઈ ગયા અને પાંચ નમાઝો ઝોહર, અસ્ર, મગરિબ, ઈશા અને ફજર મિનામાં અદા ફર્માવીને નવમી ઝીલ હજ્જના જુમ્આના દિવસે આપ અરફાતમાં તશરીફ લઈ ગયા. અરફાત પહોંચીને આપે એક કમ્બલના તંબૂમાં રોકાણ કર્યું. જ્યારે સૂરજ ઢળી ગયો તો આપે પોતાની ઊંટણી પર સવાર થઈને ખુત્બો પઢ યો. ખુત્બા પછી આપે ઝોહર અને અસર એક અઝાન અને બે ઈકા઼મતની સાથે અદા કરી. પછી ''મવકૂ઼ફ''માં તશરીફ લઈ ગયા અને જબલે રહમતની નીચે ગુરૂબ આફતાબ સુધી દુઆઓમાં વ્યસ્ત રહ્યા. ગુરૂબ આફતાબ પછી અરફાતથી મુઝદલ્ફા પહોંચ્યા. અહીં પ્રથમ મગરિબ પછી ઈશા એક અઝાન અને બે ઈકા઼મતોથી અદા ફર્માવી મશ્અરે હરામની પાસે રાતભર ઉમ્મતના માટે દુઆઓ માંગતા રહ્યા અને સૂરજ નીકળવાથી પહેલાં મુઝદલ્ફાથી મિના રવાના થઈ ગયા. વાદીએ મુહસ્સરના રસ્તેથી મિના આપ જમરાની પાસે તશરીફ લાવ્યા અને કાંકરીઓ મારી.

મિનામાં પણ આપે ખુત્બો ઈર્શાદ ફર્માવ્યો પછી કુર્બાનગાહમાં તશરીફ લઈ ગયા. આપની પાસે (કેમ કે એક લાખથી અધિક લોકો આપની સાથે હજ્જમાં શરીક હતા એટલા માટે) કુર્બાનીના માટે એક સો ઊંટ હતાં. કેટલાક તો આપે પોતાના દસ્તે મુબારક વડે ઝબહ કર્યાં. અને બાકી઼ હઝરત અલી كرم الله تعالى وجهه الكريم ને સોંપી દીધાં અને ગોશ્ત, ચામડુ, જોલ (બેઠક) લગામ સૌને ખયરાત કરી દેવાનો હુકમ આપ્યો.

કુર્બાની પછી હઝરત મુઅમર બિન અબ્દુલ્લાહ رضى الله عنه થી આપે માથાના વાળ મુબારક ઉતરાવ્યા અને કેટલોક હિસ્સો હઝરત અબૂ તલ્હા અન્સારી رضى الله عنه ને અતા કર્યો અને બાકી મૂએ મુબારકને મુસલમાનોને વહેંચી આપવાનો આદેશ આપ્યો.

ત્યાર બાદ આપ મક્કા શરીફ તશરીફ લાવ્યા અને તવાફે ઝિયારત કર્યો, પછી ઝમઝમના કૂવા પાસે તશરીફ લાવ્યા. હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضى الله عنهما એ ઝમઝમ શરીફ પેશ કર્યું અને આપે કિબ્લા તરફ ચેહરો કરી ઊભા ઊભા પીધું પછી મિના પરત તશરીફ લઈ ગયા. ૧૨ ઝીલ હજ્જ સુધી મિનામાં મુકી઼મ રહ્યા અને દરરોજ સૂરજ ઢળ્યા પછી જમરાઓને કાંકરીઓ મારતા રહ્યા.

તેરમી ઝીલ હજ્જ મંગળવારે આપ સૂરજ ઢળ્યા બાદ મિનાથી રવાના થઈને ''મુહસ્સબ''માં રાતભર રોકાણ કર્યું અને સવારે ફજરની નમાઝ કા'બાની મસ્જિદમાં અદા ફર્માવી અને તવાફે વિદાઅ કરીને અન્સાર તથા મુહાજિરોની સાથે મદીના મુનવ્વરાના માટે રવાના થઈ ગયા. *(સીરતુન્નબી, પેજ : ૩૯૬–૪૦૧)*

*(હવાલો : હજ્જ શા માટે કરવી ?, પ્રકાશક : સુન્ની દા'વતે ઈસ્લામી દયાદરા શાખા)*

## ★ દસ્તારબંદી જલ્સો તેમજ જશ્ને ઈફ્તેતાહ ★

**હલદરવા** : (જિ. વડોદરા) હલદરવા ગામ મુસ્લિમ કમિટી દ્વારા દારુલ ઉલૂમ મુસ્તફાઈયા હલદરવાનો ૩રમો વાર્ષિક દસ્તારબંદીનો શાનદાર જલ્સો તથા દારુલ ઉલૂમ મુસ્તફાઈયહની નવી ઈમારતની ઈફતેતાહ (ઉદઘાટન વિધિ) તા. ૨૫–૫–૨૦૧૩ના રોજ ઈશાની નમાઝ બાદ હઝરત મુફ્તી મુજીબ અશરફ સાહબની ઝેરે સદારત કરવામાં આવી. જેમાં હઝરત અલ્લામા મૌલાના વકાર અહમદ સાહેબ અઝીઝીએ (ભીવંડી–થાને) તશરીફ લાવી તક઼રીર ફર્માવી હતી. ઉલમાએ કિરામ, હુફ્ફાઝે કિરામ, સાદાતે કિરામ, મશાયેખે એઝામના મુબારક હાથો વડે ફારેગ થનાર ૬ આલિમ, ૬ કા઼રી તથા ૧૩ હાફિઝ સાહેબોને દસ્તારે ફઝીલત અર્પણ કરવામાં આવી હતી. મોટી સંખ્યામાં સુન્ની અવામે હાજરી આપી ફૈઝયાબ થઈ જલ્સાને સફળ બનાવ્યો હતો.

*–પીર હઝરત સૈયદ કમરુદ્દીનબાવા કારંટવી દરિયાઈ*

# ચીની મઝલૂમ મુસલમાનોની ખૌફનાક દાસ્તાન !

કાર્યાલય

ચીની મુસલમાનોએ નમાઝ પઢવી કઠિન કામ છે કેમ કે ગવર્નમેન્ટ તેમને નમાઝ અદા કરવાથી રોકે છે. કુર્આનની તિલાવત મુશ્કેલ છે કે ચીનની ગવર્નમેન્ટ નથી ચાહતી કે તે કુર્આને કરીમની તિલાવત કરે તથા અલ્લાહના હુકમોથી વાકેફ થાય. હવે ગવર્નમેન્ટે તેમને રમઝાનના રોઝાથી દૂર રાખવાની કોશિશ પણ શરૂ કરી આપી છે. ત્યાં રોઝા કેટલા મુશ્કેલ હશે એ સમજી શકાય છે. તેમ છતાં પણ મુસલમાનો પાકો ઈરાદો ધરાવે છે કે તેઓ રોઝા રાખશે, તેઓ નમાઝ અદા કરશે, તેઓ કુર્આને કરીમની તિલાવત કરશે અને પોતાનાં બાળકોને ઈસ્લામી તા'લીમાતથી વંચિત થવા નહીં દે. ચીનના ઝંજિયાંગ વિસ્તારમાં મુસલમાનોની ખૂબ અધિક પ્રમાણમાં આબાદી છે પણ ગવર્નમેન્ટ તેમને ઈસ્લામથી દૂર કરવાની દરેક શક્ય તે કોશિશ કરે છે. તે ચાહે છે કે મુસલમાન નાસ્તિક બની જાય, ઈસ્લામથી દૂર થઈ જાય અને આ વિસ્તારમાંથી ઈસ્લામનું નામોનિશાન નીકળી જાય. પણ ચીની મુસલમાનોના ઈરાદા તથા હોસલાનો પણ જવાબ નથી જેઓ આ સખ્તીઓ છતાં ઈસ્લામનો દામન છોડવા તૈયાર નથી. તેઓ સખ્તીઓ છતાં પોતાની નસલને અલ્લાહ વ રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّى اللهُ عَلَيْهِ وَسَلَّمَનો તે પયગામ પહોંચાડી રહેલ છે જે તેમને પોતાના બાપદાદાઓથી હાંસલ થયો છે.

આમ તો ચીનના અયગૂર મુસલમાનોના માટે આખુ વરસ મુશ્કેલીઓથી ભરેલુ ગુજરે છે પણ રમઝાનુલ મુબારકનો પવિત્ર મહિનો એમના માટે ખાસ સબ્રનો તથા કસોટીનો હોય છે. ગવર્નમેન્ટે એલાન કર્યું છે કે ભૂખ્યા તરસ્યા રહેવાથી માણસના શરીરમાં કામ કરવાની શક્તિ ઘટી જાય છે જેથી સર્વ સરકારી ઓફીસોમાં ખાવા પીવાની ચીજો રાખવામાં આવે અને મુસલમાન કર્મચારી જ્યારે ઓફીસમાં પહોંચે તો તેમને જબરદસ્તી ખાવા ખવડાવવામાં આવે. એ જ પ્રમાણે સ્કૂલોને સૂચના આપવામાં આવી છે કે વિદ્યાર્થીઓ રોઝા ન રાખવા પામે, અને ગવર્નમેન્ટને રિપોર્ટ મોકલવો કે કોઈ વિદ્યાર્થી રોઝો નથી રાખતો. તેમજ જેઓ રજા પર હોય અથવા બહાર શિક્ષણ માટે ગયા હતા અને રમઝાન મુબારકમાં પોતાના ઘરે આવ્યા છે તેઓ રોઝા ન રાખી શકે એ વાતની કાળજી લેવા માટે અમુક મકાનોનું ગૃપ બનાવી દેવામાં આવ્યું અને તેમને તાકીદ કરી દેવામાં આવી કે તે ગવર્નમેન્ટને રિપોર્ટ મોકલતા રહે કે આ ગૃપમાં કોઈ રોઝો નથી રાખતુ. વૈશ્વિક બેઝિક હક્કોમાં એ સામેલ છે કે દુનિયાનો દરેક માનવી પોતાના ધર્મના મામલામાં આઝાદ છે અને પોતાના તરીકા પ્રમાણે ઈબાદત કરી શકે છે, પણ બિચારા આ મુસલમાન એ હક્કથી પણ વંચિત છે. અને આશ્ચર્યની વાત એ છે કે માનવ અધિકારની રક્ષામાં અવાજ ઉઠાવનારાઓ પણ આ તરફ ધ્યાન નથી ધરતા. એમના સમર્થનમાં વિશ્વ ક્ષેત્રે સૌથી મજબૂત અવાજ કોઈ હોય તો તે રાબિઆ કદીરનો છે જે ખૂદ અયગૂર વતનને ત્યાગી જનાર મુસલમાન સ્ત્રી છે.

મુસલમાનોને રમઝાનની તૈયારીઓથી રોકવા માટે ગવર્નમેન્ટે જે કાર્યવાહીઓ શરૂ કરી એમાં ૨૭થી વધુ માણસો શહીદ થઈ ગયા અને મોટી સંખ્યામાં ઘાયલ મુસલમાન હોસ્પિટલો તથા જેલોમાં પડયા છે. ચીની ફોજીઓએ મુસલમાનોના ઘરોમાં જબરદસ્તી પ્રવેશીને પુરૂષોની દાઢીઓ મૂંડવાનું શરૂ કરી આપ્યું અને સ્ત્રીઓને બેપર્દા કરવા લાગ્યા. જેની સામે

મુસલમાનોએ વિરોધ દર્શાવ્યો તો તેનો જવાબ ફોજીઓએ ગોળીઓ વડે આપ્યો. આ કૃત્યો ચીની ગવર્નમેન્ટની ઈસ્લામ દુશ્મનીને પ્રદર્શિત કરે છે. અહીંના મુસલમાનોએ ઈસ્લામી તરીકા પર ચાલવું તલ્વારની ધાર પર ચાલવા કરતાંય મુશ્કેલ છે.

ચીની ગવર્નમેન્ટે મીડિયા પર પાબંદી લગાડી રાખી છે જેથી તેમના જુલ્મોની દાસ્તાનો જવલ્લે જ દુનિયા સમક્ષ પ્રકાશિત થાય છે. અહીંની સ્થિતિ પણ બર્મા તથા પેલેસ્ટાઈનની જેવી જ છે અને એ જુલ્મો સામે વિરોધ પ્રદર્શિત કરવાની પણ તેમને ઈજાઝત નથી. ઉપરોક્ત બનાવ યૂરોમકીના વિસ્તારમાં ઉપસ્થિત થયો અને આવુ એટલા માટે થયું કે આલમી બિરાદરી મુસલમાનોના પ્રશ્નોથી આંખ આડા કાન કરી રહી છે અને ચીની મુસલમાનોને આંતકવાદી ઠરાવીને તેમના પર જુલ્મોનો વરસાદ કરી રહી છે.

અયગૂરના ચીની મુસલમાનો પર જુલ્મનો ક્રમ એક અરસાથી ચાલી રહ્યો છે અને કેટલીયેવાર તેના પ્રતિકારમાં મુસલમાનો ખડા થયા. પાંચ વરસો પહેલાં મુસલમાન તથા સ્થાનિક હુન ચીની રહેવાસીઓ વચ્ચે દંગલો ઉભાં થયાં હતાં જેમાં લગભગ ૨૦૦ મુસલમાનોનાં મૃત્યુ થયાં હતાં, બસો મુસલમાનોની ધરપકડ કરવામાં આવી હતી અને ઘણા બધા આજે પણ કેદમાં છે. આ બનાવ પછી દરેક રમઝાનમાં મુસ્લિમ વિસ્તારોમાં સિક્યૂરીટી સખત કરી દેવામાં આવી હતી.

ઝંજિયાંગનો વિસ્તાર ૧૯૫૫ સુધી આઝાદ હતો અને એ મુસ્લિમ બહુમતિ વિસ્તાર તરીકે ઓળખાતો હતો. અહીંના મુસ્લિમો તુર્કી વંશના છે પણ એમનામાં ચીની લોહી પણ ભળેલું છે. આ વિસ્તાર તુર્કીની નજીક છે અને ખનિજ ક્ષેત્રે મહત્વ ધરાવે છે. અહીં તેલ તથા કુદરતી ગેસનો ભંડાર છે જેને હવે ચીન ઉપયોગમાં લેવાની કોશિશ કરી રહ્યું છે. આ વિસ્તાર પર કબજા પછી ચીને મુસલમાનોને તા'લીમ તથા સંસ્કૃતિથી દૂર રાખવા કોશિશ ચાલુ રાખી. અહીં હુન ચીનીઓની સંખ્યા ૧૯૪૦માં ૫% હતી પણ ચીની કબજા પછી અહીં એમને પૂરા દેશમાંથી ભેગા કરીને વસાવવાની કોશિશ ચાલતી રહી. જેના પરિણામે હવે મુસલમાનોની સંખ્યા ઘટીને ૬૦% થઈ ગઈ છે. જો કે ચીની ગવર્નમેન્ટની આ પોલીસીનો મુસલમાનો વિરોધ કરતા રહ્યા પણ તેને દબાવી દેવામાં આવ્યો અને હુન ચીનાઓની વસ્તી ત્યાં ૪૦%એ પહોંચી ગઈ.

જરૂરત એ વાતની છે કે માનવ અધિકાર સંસ્થાઓ નહીં તો વિશ્વના મુસ્લિમ દેશોના રાજકર્તાઓ તો આ ચીની મુસ્લિમોની વહારે આવે અને તેમને સ્વતંત્રતાથી પોતાના દીન પર અમલ કરવાનો માહોલ ખડો કરવા માટે ઈસ્લામી તા'લીમાત તથા મુસ્લિમ સંસ્કૃતિથી ડરતી આ ચીની ગવર્નમેન્ટ સાથે સંપર્ક કરીને યોગ્ય માર્ગ કાઢે તો જ એમની આ મુસીબતોથી જાન છૂટી શકે છે.

*(નઈ દુન્યા, ૮–૧૪ જુલાઈ–૨૦૧૩ના સૌજન્યથી)*

## મસ્જિદ માટે સહાય કરો

**બોડેલી** : (જિ. વડોદરા) એસ.ટી. ડેપો પાછળ અલીપુરા મસ્જિદે એહમદીનો બે માળ સુધી સ્લેબ થઈ ચૂકયો છે. ફિનીસીંગનું કામ બાકી છે અને નજીકમાં વહાબીઓનું મર્કઝ આવેલું છે. તો સુન્નિયતની રક્ષા ખાતર જરૂરથી મસ્જિદમાં સહાય કરી જન્નતમાં મહેલ બનાવો. સંપર્ક : સૈયદ મોહસિન અલી હરવાંટવાલા, મો. ૯૩૭૪૪૯૫૯૬૨, ખત્રી મુહમ્મદ અલી વડદલાવાળા, મો. ૯૮૭૯૯ ૪૧૦૭૭, ખત્રી અખ્તરહુસૈન મિસ્ત્રી, મો. ૯૯૨૫૩ ૨૬૯૮૧

# હઝરત રાબિઆ બસરિય્યહ رضی اللہ عنہا

રજૂકર્તા : **મૌલાના ઈમરાન રઝા મિસ્બાહી** *(મુદર્રિસ : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા—આમોદ)*

આપના વાલિદ અત્યંત નિર્ધન અને નાદાર હતા. જે રાત્રે હઝરત રાબિઆ બસરિય્યહ رضی اللہ عنہاની વિલાદત (જન્મ) થઈ તે રાત્રે તેમના ઘરે દીવો સળગાવવા માટે પણ તેલ ન હતું અને ન ઓઢાડવા માટે કાપડ હતું. આપની ત્રણ બહેનો હતી અને તેમના પછી આપની વિલાદત (જન્મ) થઈ એટલા માટે આપનું નામ રાબિઆ (ચોથી) રાખવામાં આવ્યું. આપનાં વાલિદાએ આપના વાલિદને કહ્યું કે ફલાણા પડોસીને ત્યાંથી થોડુ તેલ લઈ આવો. આપના વાલિદ ગયા પરંતું રસ્તામાં વિચાર આવ્યો કે મેં અલ્લાહ તઆલાથી વાયદો કર્યો છે કે હું તારા સિવાય અન્ય કોઈથી કદી નહીં માગુ અને આજે આ વાયદો તૂટી રહ્યો છે ! આમ વિચારી કોઈના ઘરે ન ગયા અને આમ જ પાછા આવી ગયા અને કહ્યું કે તેલ ન મળ્યું. છેવટે સબ્ર કરીને અંધારામાં જ સૂઈ ગયા. સ્વપ્નમાં રસૂલુલ્લાહ ﷺનો દીદાર થયો અને આપ ﷺએ ફર્માવ્યું : દુઃખી ન થા ! આ બાળકી જે તારે ત્યાં જન્મી છે તે અલ્લાહ તઆલાની મક્બૂલ અને બુર્ગુઝીદા છે, અને મારી ઉમ્મતના ઘણા લોકો તેની શફાઅતથી કયામતના દિવસે બખ્શવામાં આવશે. તું દિલમાં દુઃખી ન થા, બલ્કે એવું કર કે બસરાના અમીર પાસે જા અને એક કાગળ પર એવું લખીને લઈ જા કે તું રોજ રાત્રે સો વાર મુહમ્મદ ﷺપર દુરૂદ પઢે છે અને જુમ્આની રાત્રે ચારસો વાર દુરૂદ પઢે છે, શું કારણ છે કે ગયા જુમ્આના અમારી બારગાહમાં દુરૂદ ન પઢયું, અને કેમ ભૂલી ગયો ? તેના બદલામાં ચારસો અશ્રફી કફ્ફારા પેટે આ વ્યક્તિને આપ. તેમની આંખ ખુલી ગઈ. તેમણે હુઝૂર ﷺના જણાવ્યા મુજબ એક કાગળ પર લખ્યું અને બસરાના અમીરના દરબારમાં જઈ દરબાનની સાથે તે ચિઠ્ઠી મોકલી. બસરાના અમીરે ધ્યાનથી તેને વાંચી અને અશ્રુભીની આંખોએ આદેશ કર્યો કે હમણા જ દસ હજાર દિરહમ આ મુબારક સ્વપ્નના શુક્રિયામાં ખૈરાત કરવામાં આવે, કારણ કે હુઝૂર ﷺએ મને યાદ ફર્માવ્યો છે અને ચારસો અશ્રફી તે માણસને આપવામાં આવે જે આ ચિઠ્ઠી લાવ્યો છે, અને તેને મારી પાસે બોલાવી લાવો, હું તેની ઝિયારત કરીશ. બલ્કે આ ઉચિત નથી કે જેણે હુઝૂર ﷺની ઝિયારત કરી હોય તેને મારી પાસે બોલાવું હું તેની ઝિયારત (દીદાર) માટે જઈશ ! આમ કહીને દોડતો તે મુબારક વ્યક્તિ પાસે આવ્યો અને કહ્યું :

*તૂને કિન આંખો સે દેખા શાહ કો*
*શાફએ મહશર રસૂલલ્લાહ ﷺકો*
*તૂ ભી સચ્ચા ઔર તેરા ખ્વાબ ભી*
*ફિલ હકીકત યહ ખતા મુઝસે હૂઈ*
*જુમ્આ કો ભેજા નહીં ઉન પર દુરૂદ*
*હિકમતે મૌલા કા થા જિસમેં વુરૂદ*
*તેરે સદકે યે પયામે સરવરી*
*મિલ ગયા મુઝકો મેરી બખ્શિશ હૂઈ*
*આજ સે મૈં તેરા ખાદિમ હો ગયા*
*બે તકલ્લુફ આ કે કહના મુદ્દઆ*

એક દિવસ લોકોએ હઝરત રાબિઆ બસરિય્યહ رضی اللہ عنہاને પૂછયું કે આપ શૈતાનથી દુશ્મની રાખો છો કે નહીં ? ફર્માવ્યું, લોકો ! મને રહમાન અલ્લાહ તઆલાની દોસ્તીથી એટલી ફુરસદ ક્યાં મળે છે જેમાં હું શૈતાનની દુશ્મનીમાં પોતાનો સમય વ્યસ્ત કરુ.

એકવાર આપે કોઈકને બજારથી કંબલ લાવવા

માટે ચાર દિરહમ આપ્યા. તેણે પૂછયું કે કંબલ કાળા રંગનો લાવું કે સફેદ ? આપે ચાર દિરહમ પાછા લઈ લીધા અને તે દિરહમોને દરિયામાં ફેંકીને ફર્માવ્યું : જે વસ્તુને ખરીદવામાં આટલી ઝંઝટ છે તેના ઉપયોગમાં તો જરૂર બલાઓ પેશ આવશે !

બસરાના એક બુઝુર્ગ હઝરત રાબિઆ બસરિય્યહ رضی اللہ عنہا ની ખિદમતમાં હાજર થયા અને અતિશયોક્તિની સાથે દુનિયાની નિંદા કરવા લાગ્યા. સાંભળતાં સાંભળતાં આપે ફર્માવ્યું, માલૂમ પડયું કે તમને દુનિયા સાથે ઘણી મહોબ્બત છે, કારણ કે તમને દુનિયા સાથે મહોબ્બત ન હોત તો તે મલ્ઊના (જેના પર લા'નત કરવામાં આવી હોય)નું નામ પણ ઝબાન પર ન લાવતા ! : ''જે વ્યક્તિ જેની સાથે મહોબ્બત કરે છે તે હમેશાં તેની ચર્ચા કર્યા કરે છે.''

**આપની શબ બેદારી :** શરૂઆતમાં આપ કોઈને ત્યાં ખિદમત (કામ) કરતાં હતાં. આખો દિવસ તેનું કામ કરતાં અને રાત્રે માલિકે હકીકી અલ્લાહ તઆલાની ઈબાદતમાં વ્યસ્ત રહેતાં. ઘણો સમય આ જ રીતે પસાર થઈ ગયો કે દિવસે રોઝો રાખતાં અને રાત ઈબાદતમાં પસાર થતી. એક દિવસ માલિક રાત્રે જાગી ગયો તો તેણે જોયું કે રાબિઆ ત્યાં નથી. હેરાન થઈ આપને શોધવા લાગ્યો. તેણે એક ખાલી મકાનમાંથી રૂદનનો અવાજ સાંભળ્યો, ત્યાં જઈને જોયું તો રાબિઆ સજદામાં રડી રહ્યાં છે અને કહી રહ્યાં છે કે હે ખાલિકે કાએનાત ! તું જાણે છે કે તારી બંદીનું દિલ ચાહે છે કે રાત દિવસ તારી જ ઈબાદત કરે અને તારી જ બારગાહમાં હાજર રહે, પરંતું શું કરું કે આખો દિવસ દુન્યવી માલિકના કામોથી ફુરસત નથી મળતી, અને આ રીતે શકય એટલી તારી ઈબાદત કરું છું, છતાં હું જાણું છું કે ઈબાદતનો હક્ક અદા નથી કરી શકતી. તું સૌની સાંભળવાવાળો છે અને થોડીક ઈબાદત પણ કબૂલ ફર્માવી લે છે.

માલિકે જ્યારે આ સ્થિતિ જોઈ અને રાબિઆ બસરિય્યહ رضی اللہ عنہا ની દુઆના આ શબ્દો સાંભળ્યા તો ધ્રુજી ગયો. પરત આવી બિસ્તર પર પડયો રહ્યો પરંતું રાત જાગતાં જ પસાર થઈ કારણ કે અલ્લાહનો ખૌફ તેના દિલમાં સમાઈ ગયો હતો. જ્યારે સવાર થઈ તો હઝરત રાબિઆ બસરિય્યહને બોલાવી ઘણા જ સન્માનથી પેશ આવ્યો અને અત્યંત માફી સાથે કહ્યું કે હું સ્વેચ્છાએ તમને આઝાદ કરું છું. આ સાંભળી આપ ઘણા જ ખુશ થયાં અને પોતાના માલિકે હકીકીનો શુક્ર અદા કર્યો અને એ દુનિયવી માલિકના હક્કમાં દુઆ ફર્માવી ત્યાંથી રૂખ્સત થયાં અને શહેરથી બહાર દરિયા કિનારે રહેવા લાગ્યા.

એકવાર આપની આવી સખત ઈબાદત જોઈને કોઈકે કહ્યું કે આપ રાત દિવસમાં સહેજ આરામ નથી કરતાં શું તમને નથી ખબર કે અલ્લાહ તઆલા ગફુરુર્રહીમ છે ?! તેણે ઈન્સાનને આટલી તકલીફ ઉઠાવવાનો હુકમ નથી આપ્યો, જેમ કે ખૂદ અલ્લાહ તઆલા કુર્આનમાં ફર્માવે છે : ''અલ્લાહ તઆલા કોઈને તેની શક્તિથી અધિક ભાર નથી આપતો.'' આ સાંભળી આપે જવાબ આપ્યો, બેશક ! પરંતું શું તમે નથી જાણતા કે મેદાને મેહશરમાં દરેક ઉમ્મતના આમાલનામા તેમના નબીના રૂબરૂ અંબિયાએ કિરામના મજમા સમક્ષ ખોલવામાં આવશે, અને હું ચાહું છું કે જ્યારે મારું નામએ આમાલ ખુલે તો પુષ્કળ નેક અમલોથી ભરેલું હોય જેથી મારા આકા હુઝૂરે અકરમ ﷺ ને અત્યંત પ્રભાવ અને જહોજલાલ પ્રાપ્ત થાય કે જ્યારે આપની ઉમ્મતમાંથી એક અદના લોંડીના આટલા પ્રમાણમાં નેક અમલો છે તો પછી આ ઉમ્મતના આઝાદ નેક લોકોના અમલોનો શો હાલ હશે ?!

**સફરે હજ્જ :** હઝરત રાબિઆ બસરિય્યહ رضی اللہ عنہا એ હજ્જનો ઈરાદો કર્યો અને એક કાફલા સાથે પોતાના ખચ્ચર પર સવાર થઈ રવાના થઈ ગયાં પરંતું રસ્તામાં ખચ્ચરનું મૃત્યુ થઈ ગયું. તો કાફલાવાળાઓએ કહ્યું કે આપ ચિંતા ન કરો અમે આપને પહોંચાડી દઈશું. તેમની રજૂઆત સાંભળી આપે ફર્માવ્યું, અલ્લાહ તઆલા તમને એનો બદલો આપે તમે મને અહિયાં જ છોડી દો ! અલ્લાહ તઆલા

કારસાઝ છે, તમે સફર જારી રાખો. જેથી તેઓ આપને ત્યાં જ છોડી રવાના થઈ ગયા. હવે હઝરત રાબિઆ બસરિય્યહ માલિકે હકીકીની બારગાહમાં રડવા લાગ્યાં અને કહ્યું : હે મારા માલિક ! તેં આ અદના બંદીને તારા ઘરની ઝિયારત માટે બોલાવી. રસ્તામાં મારું ખચ્ચર મરી ગયું અને હું હવે બેસહારા અહિયાં પડી છું. શું તારા હોતાં હું અન્ય કોઈની ખુશામદ કરીશ ? તું તો દરેક પુકારનારની પુકાર સાંભળે છે. તારું ફર્માન છે : "હું પુકારનારની પુકારનો જવાબ આપુ છું." અને હે અલ્લાહ ! તું દૂર પણ નથી, તારું ફર્માન છે : "અમે તમારી જાનની રગથી પણ નજીક છીએ." તારા હોતાં અન્ય કોઈને પોકારવું નાદાની નથી તો બીજુ શું છે ? હે અલ્લાહ ! શું તું મારા પરેશાન હાલથી બાખબર નથી ? આપની આ દુઆ પૂરી ન થઈ હતી કે અલ્લાહ તઆલાએ પોતાની કુદરતથી તે જ ખચ્ચરને ફરી જીવંત કરી દીધું. આ જોઈ આપે સજદએ શુક્ર અદા કર્યો, અને તે જ ખચ્ચર પર સવાર થઈ કાફલા સાથે ભેગા થઈ ગયાં. કાફલાવાળા આ જોઈ આશ્ચર્યમાં પડી ગયા અને અલ્લાહ તઆલાની કુદરત પર તેમનું ઈમાન અધિક મજબૂત થઈ ગયું.

**આપની ઈબાદત** : આપ હમેશાં રાતો ઈબાદતમાં પસાર કરતાં, રાતભર નમાઝો પઢતાં અને ફજરની નમાઝ બાદ સુસ્તી દૂર કરવા માટે જાનમાઝ પર જ બેસી જતાં પરંતું આંખ લાગી જતી તો ઉછળી પડતાં અને પોતાના નફ્સને બુરૂભલુ કહેતાં કે ક્યાં સુધી તું ગફલતમાં રહીશ ! તને ખબર નથી કે મૌત માથા પર છે ? શું ખબર ! ક્યારે સમય આવી જાય ?! આપ હમેશાં કમ્બલનો કુર્તો પહેરતાં હતાં અને વસિય્યત કરી હતી કે એ જ કમ્બલનું કફન દેવામાં આવે. જેથી વફાત બાદ એ જ કમ્બલના કફનમાં દફનાવવામાં આવ્યાં. થોડાક દિવસો પછી એક ઔરતે ખ્વાબમાં જોયું કે રાબિઆ બસરિય્યહએ એક અત્યંત કિંમતી લીલા રેશમનો કુર્તો પહેર્યો છે. તે ઔરતે પૂછયું : આપનો કમ્બલનો કુર્તો ક્યાં છે ? ફર્માવ્યું : રહમાને એ કુર્તાના બદલામાં આ કુર્તો આપ્યો છે. ત્યારબાદ તે ઔરતે પૂછયું કે કોઈ એવી વાત બતાવો જેનાથી અલ્લાહ તઆલાની નિકટતા પ્રાપ્ત થાય તો આપે જવાબમાં ફર્માવ્યું કે અલ્લાહ તઆલાની નજદીકી માટે અલ્લાહ તઆલાની યાદથી ઉત્તમ કોઈ માધ્યમ નથી. જેમ કે ફર્માવ્યું : "અલ્લાહની યાદ જ સૌથી મોટી ચીજ છે."

જ્યારે આપના વિસાલનો સમય નજીક આવ્યો અને આપ બીમાર થયા તો હઝરત માલિક બિન દીનાર ઈયાદત માટે આવ્યા અને આપને પૂછયું કે દુનિયામાં આપને કઈ વસ્તુએ તકલીફ આપી ? આપે જવાબ આપ્યો કે ગુનાહોએ. પછી પૂછયું કે શું કોઈ વસ્તુની ઈચ્છા છે ? ફર્માવ્યું, હા ! મગફેરતની. પછી પૂછયું કે દુનિયાની કોઈ વસ્તુની ખ્વાહિશ છે ? ફર્માવ્યું, ત્રીસ વરસથી તાજી ખજૂરની ખ્વાહિશ છે પરંતું હજુ સુધી ખાધી નથી. આ સાંભળી હઝરત માલિક બિન દીનાર رضی اللہ عنہ વિચારવા લાગ્યા કે આપ થોડીક ઘડીઓના મહેમાન છે એટલી વારમાં તાજી ખજૂરો ક્યાંથી લાવી શકાય છે ? આ ખયાલ આવ્યો જ હતો કે એક પક્ષી આવ્યું અને એક તાજી ખજૂર તેમની નજીક નાખી ગયું. માલિક બિન દીનાર رضی اللہ عنہ કહે છે કે હું તે ખજૂર લઈ આપની પાસે ગયો અને કહ્યું કે ખજૂર હાજર છે. આપે પૂછયું કે ક્યાંથી આવી ? મેં વિગત વર્ણવી. તો આપે ફર્માવ્યું, ખબર નહીં એ પક્ષી કયા બાગમાંથી ખજૂર લઈ આવ્યું છે ? આવા સંજોગોમાં આ ખાવુ ઉચિત નથી ! ત્યાર પછી કહ્યું, મને ખાલી મકાનમાં અલ્લાહ વાહિદ સાથે એકલી છોડી દો. જેથી લોકો ઘણા દુઃખી થયા અને આપને એકલા છોડી દીધાં, મકાનનો દ્વાર બંધ થયો અને અલ્લાહની રહમતનાં દ્વાર ખુલ્યાં. થોડીવાર પછી મકાનમાંથી અવાજ આવ્યો, "હે ઈત્મિનાનવાળી રૂહ તું પોતાના રબ તરફની એ રીતે કે તું એનાથી ખુશ અને એ તારાથી ખુશ." આ અવાજ સાંભળી લોકોએ મકાનનું દ્વાર ખોલ્યું તો જોયું કે આપ અલ્લાહની રહમતમાં પહોંચી ગયાં છે.

**અલ્લાહ તઆલાની મહોબ્બત :** એકવાર આપ એક જગ્યાએથી જઈ રહ્યાં હતાં તો ત્યાં જોયું કે એક વ્યક્તિ જન્નતનું વર્ણન કરી રહ્યો છે. આપે ફર્માવ્યું, અલ્લાહથી ડરો ! ક્યાં સુધી અલ્લાહના બંદાઓને અલ્લાહની મહોબ્બતથી ગાફિલ રાખશો. તમારે પ્રથમ અલ્લાહની મહોબ્બતની તા'લીમ આપવી જોઈએ પછી જન્નત તરફ આકર્ષવા જોઈએ. તેણે કહ્યું, દીવાની જા ! આપે કહ્યું, હું તો દીવાની નથી, અલ્બત્ત તું જરૂર દીવાનો છે કે ભેદની વાત ન સમજી શકયો. જો ત્યાં અલ્લાહનો કુર્બ (નિકટતા) પ્રાપ્ત ન થાય તો જન્નત તો કેદખાનું અને મુસીબતનું ઘર છે ! શું તેં આદમ عليه السلام નો હાલ નથી સાંભળ્યો કે જ્યાં સુધી તેમના પર અલ્લાહનો સાયો રહ્યો કેવા આરામથી જન્નતનાં ફળ ખાતા રહ્યા અને જ્યારે તેમનાથી (ઈજતેહાદી) ચુક થઈ ગઈ તો અલ્લાહનો સાયો ઉઠી ગયો, તો તે જ જન્નત તેમના માટે કેદખાનુ અને મુસીબતનું ઘર બની ગઈ. પછી કહ્યું, શું ઈબ્રાહીમ ખલીલુલ્લાહ عليه السلام નો હાલ નથી ખબર કે જ્યારે તેઓ અલ્લાહની મહોબ્બતમાં ખરા ઉતર્યા અને આગમાં નાખવામાં આવ્યા તો એ જ આગ એમના માટે જન્નત બની ગઈ ! માટે પહેલાં જન્નતના માલિક અલ્લાહ તઆલાથી મહોબ્બત પેદા કરો પછી જન્નતમાં જવાની તમન્ના કરો. એવી જન્નતમાં જઈને શું કરશો જ્યાં તમારા પર અલ્લાહનો સાયો ન હોય ?! જો કોઈને જન્નત મળી જાય પરંતું ત્યાં અલ્લાહ તઆલાનો દીદાર નસીબ ન થાય તો એવી જન્નત શું કામની ?! આશિક઼ોને દોઝખ મળે અને ત્યાં અલ્લાહનો દીદાર નસીબ થાય તો એવી દોઝખ આવી જન્નતથી લાખો દરજ્જા ઉત્તમ છે, તેને શોખથી લઈ લો. દુનિયા અને આ જે કાંઈ તેમાં છે અને આ સમસ્ત બ્રહ્માંડમાં જે કંઈ છે, તો એ અલ્લાહનો ઈશ્ક઼ છે. *(કાશાનએ સાબરી, ફેબ્રુઆરી–૧૯૫૬)*


**સુન્ની મુસ્લિમ ઓન લાઈન મેરેજ બ્યુરો**

**શું આપ લગ્ન અંગે વિચારી રહ્યા છો ?**

રજીસ્ટ્રેશન ફ્રી !

તો સરળ અને બહોળી પસંદગી ફક્ત આંગળીની ક્લીક ઉપર તો લોગ ઈન કરો :–

**www.sunnimuslimshaadi.com**

***ચેતવણી*** *: મેરેજ બ્યૂરોની જાહેરાતોમાં સામાપક્ષે સુન્ની હોવાની ખાત્રી તાકીદે જાતે કરી લેવી. –તંત્રી*


## નંદરબારમાં હેરા ઈંગ્લિશ સ્કૂલનું ઉદ્‌ઘાટન !

આલમી તેહરીક "સુન્ની દાવતે ઈસ્લામી"ના સંચાલન હેઠળ દીની દુનિયવી તાલીમની "હેરા ઈંગ્લિશ સ્કૂલ"નો જશ્ને ઈફતેતાહ તા. ૧૬–૬–૨૦૧૩ રવિવારે દસ વાગ્યે ઈમામ અહમદ રઝા ચોક નંદરબાર દારુલ ઉલૂમ ચિશ્તિયા પાસે રાખવામાં આવ્યો.

તિલાવત–મૌલાના અહમદરઝા સઅદી, નઅત શરીફ–જનાબ મસ્ઊદ નૂરી, સ્કૂલના હેતુઓ અંગ્રેજીમાં હાજી અનીસ રઝવી (મુબલ્લિગ : સુન્ની દાવતે ઈસ્લામી) મહમાનોમાં–ડો. આદિલ સાહબ (મુબલ્લિગ સુન્ની દાવતે ઈસ્લામી–બુરહાનપુર) હાફિઝ સાદિક઼ રઝવી (મુબલ્લિગ સુન્ની દાવતે ઈસ્લામી–કેરાલા) ડો. સગીર અહમદ સાહબ (મુબલ્લિગ : સુન્ની દાવતે ઈસ્લામી–અમલનેર), હાફિઝ અમીન રઝવી (નિગરાં સુન્ની દાવતે ઈસ્લામી–સૂરત) તેમજ સ્થાનિક મૌલાના મુશ્ફિક઼ આલમ (પ્રમુખ ચાંદ કમિટી–નંદરબાર), પરવેઝખાન વગેરેએ હાજરી આપી હતી. જનાબ સઈદ નૂરી (મુબલ્લિગ સુન્ની દાવતે ઈસ્લામી–નંદરબાર)એ શહેરમાં સુન્ની દાવતે ઈસ્લામીની અત્યાર સુધીની કારકિર્દી તથા ભાવિમાં ક઼ૌમના માટે નેક આયોજનોનું એલાન કર્યું હતું. જનાબ સૈયદ ઝુબૈર સાહબે સર્વ હાજરજનોનો આભાર વ્યક્ત કર્યો. *રજૂકર્તા : સઈદ નૂરી (નંદરબાર)*

# બરકાતે ખ્વાજાની ટપાલ........ કાર્યાલય

**★ અણમોલ કિતાબ મંગાવો ! ★**

કિતાબનું નામ : **રોશની** પેજીસ–૧૨૮ કિંમત–૪૦/– રૂા.

લેખક : પ્રો. મસઊદ અહમદ સાહબ (પાક. સિંધ)

અનુવાદક : મર્હૂમ હાજી અબ્દુલગફ્ફાર ચોલા

પ્રકાશક : મુહમ્મદ અમીન એ. ચોલા, ઠે. ચોલા સ્ટ્રીટ, લીંડી બજાર પાછળ, જામનગર–૩૬૧૦૦૧, મો. ૯૮૨૪૮ ૩૬૫૦૦

આ'લા હઝરત મુજદ્દિદે દીનો મિલ્લત ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہની જીવન ઝરમર તથા આપની ખૂબીઓને ખૂબ જ સરસ અંદાઝમાં રજૂ કરેલી છે. સુન્નીઓ પર આ'લા હઝરતના અગણિત એહસાનો છે જેથી આપના વિશે માલૂમાત કરવા માટે આ કિતાબ દરેક સુન્નીએ જામનગરના સરનામાએથી મંગાવીને વાંચવી જોઈએ. લેખક, અનુવાદકને રબ તઆલા જઝાએ ખૈર આપે, તેમની મગફેરત ફર્માવે. પ્રકાશકને ખૂબ ખૂબ મુબારકબાદ !–*તંત્રી બરકાતે ખ્વાજા–માસિક*

**★ શાદી મુબારક ! ★**

**ખંભાત** : મુકામે જનાબ ઉસ્માનગની હાજી ઉમરભાઈ મેમણની નેક દુખ્તર રઝીયાબાનુની શાદી મેમણ આરિફભાઈ અબ્દુલકાદરભાઈ ઉપલેટાવાળાના નેક ફરઝંદ મુહમ્મદ તૌફીક઼ સાથે તા. ૩૦–૬–૨૦૧૩ રવિવારે રાખવામાં આવી. દુલ્હા દુલ્હન તથા કુટુંબીજનોને ખૂબ ખૂબ મુબારકબાદ ! રબ્બે કરીમ તેના હબીબ ﷺના સદક઼ામાં સૌની જિંદગીને ખુશીઓથી તરબતર રાખે, બંને જહાનમાં આબાદ કરે. (આમીન)

*–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

**જૂનાગઢ** : ઘાંચી દાઊદ જુમ્આ ગાલિબ લખે છે કે વાલીએ સોરઠ હઝરત મિયાં મહમૂદશાહ رحمۃ اللہ علیہનો ૩૩૪મો ઉર્સ શરીફ માહે શાબાન, તા. ૧૯,૨૦,૨૧ શનિ, રવિ, સોમ ત્રણ દિવસ સુધી મનાવવામાં આવ્યો અને શરીઅત મુજબ, જેમાં હજારોની સંખ્યામાં અક઼ીદતમંદોએ હાજરી આપી હતી અને ફૈઝયાબ થયા હતા.

**★ ઈન્તેકાલ પુરમલાલ ★**

**દયાદરા** : ખાતે તા. ૨૦–૬–૨૦૧૩ ગુરૂવારના રોજ યાકૂબ વલી મજેનો ઈન્તેકાલ થઈ ગયો છે.

**દયાદરા** : ખાતે તા. ૨૯–૬–૨૦૧૩ શનિવારના રોજ રૂસ્તમ ગનીનો અચાનક ઈન્તેકાલ થઈ ગયો છે.

**દયાદરા** : ખાતે ૪–૭–૨૦૧૩ ગુરૂવારના રોજ સૈયદા સાલેહાબાનુનો ઈન્તેકાલ થઈ ગયો છે. જેમની દફનવિધિ ખાનકાહે ચિશ્તિયા સાબરીયહના કંપાઉન્ડમાં દરગાહની બાજુમાં કરવામાં આવી.

**દયાદરા** : ખાતે તા. ૯–૭–૨૦૧૩ મંગળવારના રોજ વૈદ એમણબહેન ઈબ્રાહીમનો ઈન્તેકાલ થઈ ગયો છે.

રબ્બે કરીમ તેના પ્યારા મહબૂબ ﷺના સદક઼ામાં તમામ મર્હૂમોની મગફેરત ફર્માવે, જન્નતમાં આ'લાથી આ'લા મક઼ામ અતા કરે અને કુટુંબીજનોને સબ્રે જમીલ અતા કરે. **દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ** ખાતે પણ મદ્રસો ખુલતાં કુર્આનખ્વાની કરી સર્વ મર્હૂમો માટે મગફિરતની દુઆ કરવામાં આવશે. ઈન્શાઅલ્લાહ !

*–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

**બોડેલી** : (અલીપુરા)થી ખત્રી મુહમ્મદ અલી આઈ. વડદલાવાળા એહમદજી ખુશહાલપુરીનો તા. ૨૯–૬–૨૦૧૩ શનિવારે ૮૨ વર્ષની ઉમરે ઈન્તેકાલ થયો. જેમની દફનવિધિ ઝોહરબાદ રાખવામાં આવી. રબતઆલા મર્હૂની કરવટ કરવટ મગફિરત ફર્માવે. (આમીન) *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

## હજ્જ સંબંધી ત્રણ કિતાબોનો સેટ (૧-પેકેટમાં)

**મા'મૂલાતે હરમૈન : ૧. હજ્જ શા માટે કરશો ?**
**૨. હજ્જ કેવી રીતે કરશો? ૩. આદાબે મદીના**

**હદિયો : રૂા. ૧૦૦/-**

જેમાં એક હાજીએ જાણવા જેવી સર્વ વિગતો દર્શાવેલી છે અને હજ્જના અગત્યના તથા બારીક બારીક મસાઈલ પણ દર્શાવ્યા છે તેમજ મદીના પાકના આદાબ પણ વર્ણવ્યા છે જેને વાંચવા જરૂરી છે, જેથી સહીહ તરીક઼ાથી હજ્જ તથા ઝિયારત થઈ શકે.

સંપાદક : **હઝરત મૌલાના મુહમ્મદ શાકિર નૂરી રઝવી** (અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી)

અનુવાદક : **પટેલ શબ્બીર અલી રઝવી** (ખલીફ઼ા તાજુશ્શરીઅહ, તંત્રી : બરકાતે ખ્વાજા—માસિક)

પ્રકાશક : **સુન્ની દા'વતે ઈસ્લામી (દયાદરા શાખા),**
મુ. દયાદરા, તા. જિ. ભરૂચ, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧

નોંધ : **ઉર્દૂ તથા અંગ્રેજીમાં પણ આ કિતાબ મળી શકે છે.**

## ગૌષિયા તકવીમ લેમિનેટેડ

(કેલેન્ડર ટાઈપ)
*નમાઝોનું ક઼ાયમી ટાઈમ ટેબલ*

(ગુજરાતમાં અને ખાસ ભરૂચ, સૂરત, વડોદરા જિલ્લા માટે) ઉપયોગમાં આવે તેવું. જે ૧૨ મહિનાના લેમિનેટેડ કાર્ડ પેપરો પર મલ્ટી કલરમાં આકર્ષક છપાયેલ છે. તમારી મસ્જિદો તથા ઘરો માટે પણ મંગાવશો.

**હદિયો : રૂા. ૨૦૦/-** ઠે. રઝવી કિતાબ ઘર, મુ.પો. દયાદરા, તા. જિ. ભરૂચ મો. ૯૪૨૭૪૬૪૪૧૧

## કાયનાત ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ

**૩ × ૨ લકઝરી બસ દ્વારા**

**આયોજિત જમવા રહેવા સાથે**
**બસ ઉપડવાની તારીખ :**
**૨૭/૧૦/૨૦૧૩, રાત્રે : ૧૦.૦૦ વાગ્યે.**

**સ્પે. શિમલા કુલુ—મનાલી પ્રવાસ**

**પ્રવાસના સ્થળો : ઉદેપૂર (મસ્તાનબાવા), કપાસણ, ફતેપુર—સીક્રી, આગ્રા, સીમલા, કુલ્લુ, મનાલી, કલીયર શરીફ, હરિદ્વાર, મસૂરી, દિલ્હી, અજમેર, મીરાદાતર અને પરત ધોળકા**

| આખી ટીકીટ | અડધી ટીકીટ | પ્રવાસ દિવસ |
|---|---|---|
| રૂા. ૮,૦૦૧/- | રૂા. ૪,૭૦૧/- | ૧૫ |

**બસ ઉપડવાનું સ્થળ :** તાલુકા પંચાયત સ્ટાફ ક્વાટર્સ પાસે, બેગા ટેકરી, **ધોળકા**

**આયોજક : શરીફખાન પઠાણ મો. ૯૮૨૪૪૭૮૧૧૬, ૯૭૨૪૬૫૯૮૫૩, ૯૮૯૮૭૯૮૮૬૨**

**નોંધ :** **૧.** રૂા. ૧૫૦/— ગાઈડખર્ચ તથા યાત્રીવેરો વગેરે યાત્રીકોએ અલગથી આપવાનો રહેશે. **૨.** હરિદ્વારથી મસૂરી સ્વખર્ચે જવાનું રહેશે. **૩.** મસુરી પ્રવાસ દરમ્યાન એક ટાઈમ સ્વખર્ચે જમવાનું રહેશે. **૪.** તા. ૧૧/૧૧/૨૦૧૩ના રોજ સવારની ચા તેમજ જમવાનું સ્વખર્ચે રહેશે. **૫.** રૂા. ૨,૫૦૧ ડિપોઝીટ ભરી આપની મનપસંદ શિટ બુક કરાવો. **૬.** મનાલીથી રોહતાંગ સ્વખર્ચે જવાનું રહેશે. રોહતાંગ પ્રવાસ દરમ્યાન એક ટાઈમ સ્વખર્ચે જમવાનું રહેશે. **૭.** બેંક, એલ. આઈ.સી. અને જી.આઈ.સી. ના કર્મચારીશ્રીઓને એલ.ટી.સી. મળશે. **૮.** એલ.ટી. સી. મે વનારે એક આખી ટીકીટે રૂા. ૭૫૦/— વધુ ચૂકવવાના રહેશે.

# યુ.કે.થી સહરીના સમય અંગે એક અગત્યનો રિપોર્ટ

રજૂકર્તા : **શફીકભાઈ અસુરીયાવાળા (બોલ્ટન, યુ.કે.)**

**બોલ્ટન** : (યુ.કે.)થી શફીક અસુરીયાવાળાના દુઆ સલામ બાદ જણાવવાનું કે રવિવાર તા. ૨–૬–૨૦૧૩ના ૨:૩૦ વાગ્યે ગ્રીનવીચ જે દુનિયાની ખ્યાતનામ ઓબ્ઝરવેટરીની સંસ્થા H.M. Nautical Alamanac office છે. તેના મુખ્ય અધ્યક્ષ ડો. સ્ટીવ બેલ (Dr. Steve Bell)ની સાથે ગ્રીનવીચ (લંડન) ખાતે એક પ્રિમીયર ઈન હોટલની અંદર મદીના ટ્રસ્ટ ગ્રીનવીચ તેમજ તેહરીકે સૂફિયા ઓલ્ડહામ તરફથી આ ઐતિહાસિક અગત્યની મીટિંગ ગોઠવવામાં આવી હતી.

અલ્હમ્દુલિલ્લાહ ! આ'લા હઝરત ઈમામે અહલે સુન્નત ઈમામ અહમદ રઝા رضی اللہ عنہના રજૂ કરેલ સંશોધન મુજબ (આજથી લગભગ ૧૦૦ વર્ષ પહેલાંની વાત છે કે) કોઈપણ જગાએ દુનિયામાં જ્યારે સૂર્ય એની ૧૮ ડિગ્રીની અવસ્થાએ હોય છે ત્યારે જ સુબ્હ સાદિક થાય છે. ડો. સ્ટીવ બેલના કહેવા મુજબ સાયન્સનું સંશોધન પણ એ જ કહે છે કે ૧૮ ડિગ્રી ઉપર જ સુબ્હ સાદિક (Dawn) થાય છે જે એક બેઝિક ફોર્મ્યુલા છે. તેના ઉપરથી નમાઝો અને રોઝાના ટાઈમ સેટ કરી શકાય છે. પરંતું યૂરોપમાં ગૈર મોઅતદિલ અય્યામ (મે ૧૩થી જુલાઈ ૩૧ સુધી યુ.કે.માં છે) જે હાલમાં ચાલી રહ્યા છે તેની ગણત્રી ઉલમાએ કરી છે જેના મુજબ આ દિવસોમાં ઈંગ્લેન્ડમાં સેહરીનો સમય એક વાગ્યાનો નિશ્ચિત કરવામાં આવ્યો છે. જે ઐન શરીઅત મુજબ અને સહીહ છે. વધુ માલૂમાત માટે ઉલમાએ અહલે સુન્નતથી સંપર્ક સાધવો. જેના માટે મૌલાના નિઝામુદ્દીન મિસ્બાહી (મો. ૦૭૮૨૮૮૯૩૫૬૨), હઝરત મુફતી શમ્સુલહુદા (મો. ૦૭૭૨૮૭૦૦૮૮૦) મૌલાના મોહસિન સાહબ (મો. ૦૭૮૭૮૫૦૩૯૭૩) મૌલાના ખાલિદ સાહેબ (મો. ૦૭૮૭૮૫૦૩૯૭૩) મૌલાના અબ્દુસ્સમીઅ (મો. ૦૭૫૩૩૦૫૩૧૭૫)નો સંપર્ક સાધી શકો છો.

આ મિટિંગમાં ઉપસ્થિત અન્ય ઉલમાએ કિરામમાં મુફતી અશ્ફાકહુસૈન (નોટીંગહામ મો. ૦૭૭૭૯૧૦૦૯૨), સૈયદ શમ્સુલ આરિફીન (ઓલ્ડહામ) તેમજ અન્ય લંડનની આસપાસના ઉલમાએ કિરામની હાજરી નોંધપાત્ર હતી. અંતમાં મુફતી શમ્સુલ હુદા સાહબે આ'લા હઝરત رضی اللہ عنہની ઈલ્મી મહારત ઉપર રોશની નાખી કુર્આન તથા હદીષ મુજબ નમાઝ તથા રોઝાનું મહત્વ અને એની હિફાઝત ઉપર એક ચિંતનમય બયાન આપી હાજરજનોને મુગ્ધ કરી આપ્યા હતા. છેવટે ચાર કલાક બાદ દુઆ અને તઆમ પર મીટિંગની પૂર્ણહૂતિ થઈ હતી. આ મીટિંગમાં લખનાર નાચીઝ (શરીફભાઈ અસૂરીયાવાળા) પણ હાજર હતા.

અલ્લાહપાક દરેક સુન્ની ભાઈઓને આ'લા હઝરતની ઈલ્મી સલાહિયતને સમજીને મસ્લકે આ'લા હઝરતને સંપૂર્ણપણે દીવાદાંડી બનાવી ઈસ્લામી તથા અખ્લાકી જિંદગી જીવવાનું નસીબ કરે. (આમીન)

*–લિ. શફીકભાઈ અસુરીયાવાલા (બોલ્ટન)*

## કારંટા શરીફમાં ઉર્સ મનાવાયો

**કારંટા શરીફ** : (તા. લુણાવાડા, જિ. પંચમહાલ) ખાતે મશહૂર વલી હઝરત સૈયદ શાહ ખ્વાજા કુતૂબ મેહમૂદ દાદા رحمۃ اللہ علیہનો ઉર્સ મુબારક અંગ્રેજી તા. ૩,૪,૫ જુલાઈ ૨૦૧૩ના દિવસોમાં મનાવાયો. અહીં ગાંડા, મુસીબતઝદા, વળગાડવાળાં કુતૂબ દાદાની દુઆથી સારાં થાય છે. ઉર્સમાં બહોળી સંખ્યા મુસલમાનો તથા અન્ય કૌમના ચાહકોએ હાજરી આપી હતી. તા. ૪,૫ જુલાઈ ૨૦૧૩ના રોજ હઝરત બાદશાહ બાવા رحمۃ اللہ علیہનો ઉર્સ મનાવાયો હતો. આ ઉર્સોમાં ગુજરાતના ખૂણે ખૂણેથી અવલિયાના દીવાનાઓએ ઉમટી પડીને ફયઝ હાંસલ કર્યો હતો. *–પીર હઝરત સૈયદ કમરુદ્દીનબાવા કારંટવી દરિયાઈ*